પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ

RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT

RAJKOT/639/2025-2027 RMS-RJT

POST AT RAJKOT-RMS DAILY

# અબતક®

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

ગ્રામ્ય આવૃત્તિ પાના:૧૨

તા. ૧૩-૧૦-૨૦૨૬, મંગળવાર

વર્ષ: ૧૫, અંક : ૧૮૮

Price Rs.:4 ABATAK-RAJKOT 0281-2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia


**સુવિચાર**

સાચા સ્નેહી-સંબંધીની
એક જ નિશાની હોય છે
એ કદી ચર્ચા નથી કરતા
એ ચિંતા કરે છે.


શૌર્ડસ વિણાટ દેશી કાઠિયાવાડી

ખમણ નમકીન

કરીયાણાના વેપારી

મોલ-સુપર માર્કેટ માટે ઓફર

અપ્પુ

ચણાદાળ

ડીલર એજન્ટ જોઈએ છે

વિણાટ ચણા મળશે

9824200970


ફુગાવાને નાથવા અને રૂપિયાને તૂટતો રોકવા આરબીઆઇ હરકતમાં

# રૂપિયામાં જબરદસ્ત સુધારાથી સેન્સેક્સમાં ૫૦૦ પોઇન્ટનો ઉછાળો

## રિઝર્વ બેન્કના આકરા નિયંત્રણો અને સીધા હસ્તક્ષેપથી રૂપિયામાં શાનદાર રિકવરી: સટ્ટાકીય પ્રવૃત્તિઓ પર બ્રેક વાગતા ડોલરની માંગ ઘટી

**અબતક, નવી દિલ્હી**

અમેરિકન ડોલર સામે સતત ઘસાતા ભારતીય ચલણને સ્થિર કરવા માટે મધ્યસ્થ બેન્ક દ્વારા લેવામાં આવેલા શ્રેણીબદ્ધ અને આકરાં પગલાંઓની બજારમાં વ્યાપક સકારાત્મક અસર જોવા મળી છે. વિદેશી હૂંડિયામણ અને ડેરિવેટિવ્ઝ માર્કેટમાં થતી સટ્ટાકીય પ્રવૃત્તિઓને ડામવા માટે લાદવામાં આવેલા નવા કડક નિયમોને કારણે માત્ર બે જ દિવસમાં રૂપિયાના મૂલ્યમાં જંગી ઉછાળો નોંધાયો છે. મધ્યસ્થ બેન્ક દ્વારા બજારમાં સીધા હસ્તક્ષેપ અને ડોલરની માંગ ઘટાડવાના સફળ પ્રયાસોને પગલે ચલણની સ્થિરતા પાછી ફરી છે, જેની સીધી અસર સ્થાનિક બજારોમાં કીમતી ધાતુઓના ભાવ પર પણ સ્પષ્ટપણે જોવા મળી રહી છે.

છેલ્લા બે દિવસના ટ્રેડિંગ સેશનમાં ભારતીય રૂપિયામાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. સોમવારે ડોલર સામે રૂપિયામાં છ મહિનાનો સૌથી ઝડપી ૯૬ પૈસાનો સુધારો જોવા મળ્યો હતો અને તે ૯૫.૭૫ ના સ્તરે બંધ રહ્યો હતો. આ મજબૂતી મંગળવારે પણ જળવાઈ રહી હતી, જ્યાં રૂપિયો વધુ ૬૦ પૈસા ઉછળીને ૯૫.૧૭ ન ।



મજબૂત સ્તરે ખૂલ્યો હતો. આમ, બે દિવસના ટૂંકા ગાળામાં જ ભારતીય ચલણે અમેરિકન ડોલર સામે શાનદાર પ્રદર્શન કરતા ચલણ બજારમાં સકારાત્મક માહોલ સર્જાયો છે. જેને કારણે આજે સેન્સેક્સ પણ ૬૦૦થઈ વધુ પોઈન્ટ ઉપર આવ્યો હતો.

રૂપિયાની આ શાનદાર રિકવરી પાછળ મધ્યસ્થ બેન્કના કડક અને ત્વરિત નિર્ણયો મુખ્યત્વે જવાબદાર છે. ફોરેક્સ ડેરિવેટિવ્ઝ ટ્રેડ્સને નિયંત્રિત કરવા માટે બેંકોને ૨ અબજ ડોલરથી વધુની ખરીદી માટે ૨૦ ટકા અનામત રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. વધુમાં, અધિકૃત ડીલરોને વપરાશકર્તાઓ માટે રૂપિયાને સંડોવતા કોઈપણ વિદેશી વિનિમય ડેરિવેટિવ્ઝ કરારને (ડિલિવરેબલ કે નોન-ડિલિવરેબલ) ફરીથી બુક કરવાની મંજૂરી આપવા પર પણ રોક લગાવવામાં આવી છે. આ ઉપરાંત, વિદેશી હૂંડિયામણના હેજિંગ વ્યવહારો માટે રોકડ જમા કરાવવાની જરૂરિયાતનો વ્યાપ વધારવામાં આવ્યો છે. નિયમો કડક બનાવતા બેંકોને અમુક ચોક્કસ નોન-ડિલિવરેબલ ફોરેક્સ ડેરિવેટિવ્ઝ માત્ર હેજિંગ હેતુ માટે જ ઓફર કરવાની છૂટ આપવામાં આવી છે, જેથી ચલણની વધઘટ પર થતી સટ્ટાખોરી અટકાવી શકાય. નિષ્ણાતોના મતે, આ પગલાંઓને કારણે સ્પોટ માર્કેટમાં ડોલરની માંગમાં ઘટાડો નોંધાયો છે અને રૂપિયા સામેની સટ્ટાકીય સ્થિતિ મહદંશે કાબુમાં આવી છે. મધ્યસ્થ બેન્ક દ્વારા રૂપિયાને સીધો ટેકો આપવા માટે ચલણ બજારમાં ડોલરનું વેચાણ પણ કરવામાં આવ્યું હતું, જેણે રૂપિયા પરનું દબાણ હળવું કર્યું છે. રૂપિયામાં આવેલા આ મજબૂત સુધારાના પરિણામે સ્થાનિક બજારમાં સોના અને ચાંદીના ભાવમાં પણ નરમાઈ જોવા મળી હતી. આ સમગ્ર ઘટનાક્રમ દર્શાવે છે કે યોગ્ય સમયે લેવાયેલા નીતિગત પગલાં ચલણના મૂલ્યને બચાવવામાં અને ડોલરની અસાધારણ માંગને ડામવામાં અત્યંત કારગર સાબિત થયા છે.

### કરારની નોશનલ રકમના સમકક્ષ રૂપિયાના ૨૦% જેટલી રકમ રિઝર્વ રાખવી ફરજીયાત

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા બેંકોના પોતાના રૂપિયાની કરન્સી હેજ માટે ૨૦% કેશ રિઝર્વની જરૂરિયાતને વિસ્તૃત કરવામાં આવી છે. આ નિયમ મુજબ, તમામ અધિકૃત ડીલરો જ્યારે રૂપિયાના બદલામાં વિદેશી ચલણ ખરીદે છે, ત્યારે તેમણે દરેક કરારની નોશનલ રકમના સમકક્ષ રૂપિયાના ૨૦% જેટલી રકમ રિઝર્વ તરીકે જાળવી રાખવી પડશે. આ ૨૦% રિઝર્વ દરરોજ રોકડમાં આરબીઆઇ પાસે જમા કરાવવી ફરજિયાત છે અને જ્યાં સુધી કરારનો અંત ન આવે ત્યાં સુધી તેને ત્યાં જ રાખવી પડશે. જોકે, અહેવાલો અનુસાર બેંકોએ આરબીઆઇ સમક્ષ એવી માંગ કરી છે કે કરંટ-એકાઉન્ટ એક્સપોઝરને હેજ કરવા માટે ઉપયોગમાં લેવાતા એફએક્સ ડેરિવેટિવ્ઝ પરની આ ૨૦% રોકડ જમા કરાવવાની શરતને રદ કરવામાં આવે અને તેના બદલે માત્ર એક ફ્લેટ ફી વસૂલવામાં આવે.

### ખાદ્ય સામગ્રીનો ભાવાંક વધતા ફુગાવો ૫.૫ ટકાની ટોચે

સપ્ટેમ્બર મહિનામાં ખાદ્યચીજોના ભાવમાં થયેલા ભારે ઉછાળાને કારણે કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ પર આધારિત રિટેલ ફુગાવો વધીને ૯ મહિનાની સર્વોચ્ચ સપાટી ૫.૫% પર પહોંચી ગયો છે. અગાઉ ઓગસ્ટમાં આ આંકડો ૪.૮% હતો. નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસના ડેટા અનુસાર, ખાદ્ય ફુગાવો સપ્ટેમ્બરમાં અંદાજે ૭.૭% રહ્યો હતો, જે ઓગસ્ટમાં ૬% હતો. ખાસ કરીને ડુંગળીના ભાવમાં સૌથી વધુ ૧૦૮% નો વધારો જોવા મળ્યો હતો, જ્યારે લસણના ભાવ ૪૪% થી વધીને ૫૫% થયા હતા અને લીંબુના ભાવમાં ૩૬% નો ઉછાળો આવ્યો હતો.

### જીડીપીનો દર ૭ ટકા રહેવાનો અંદાજ: આઈએમએફ

ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ દ્વારા મંગળવારે ભારત માટે વર્ષ ૨૦૨૬ નો આર્થિક વૃદ્ધિ અંદાજ વધારીને ૭% કરવામાં આવ્યો છે, જે અગાઉ જુલાઈ મહિનામાં ૬.૪% હોવાનો અંદાજ હતો. વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલના ઊંચા ભાવ હોવા છતાં, ભારતમાં મજબૂત સ્થાનિક માંગ અને સેવા ક્ષેત્રની શાનદાર કામગીરીને પગલે આ ગ્રોથ અંદાજમાં વધારો કરવામાં આવ્યો છે. ભારતની અર્થવ્યવસ્થા અપેક્ષા કરતાં વધુ મજબૂત અને ગતિશીલ સાબિત થઈ રહી છે. વિશ્વ બેંક અને ઓઈસીડી જેવી અન્ય મોટી સંસ્થાઓએ પણ ભારતનો ગ્રોથ રેટ ૭% ની આસપાસ રહેવાની આગાહી કરી છે. મિડલ ઈસ્ટના સંઘર્ષ અને ક્રૂડની આયાત કરતા અન્ય દેશોની સરખામણીમાં ભારતનું પ્રદર્શન નોંધપાત્ર રીતે સારું રહ્યું છે, જેનાથી ભારત વૈશ્વિક મંદી વચ્ચે એક મજબૂત અપવાદ તરીકે ઉભરી આવ્યું છે.

# અલનીનોની અસર: 'પાણીની ખોટે' ઘઉંનું વાવેતર ૧૦ ટકા ઘટશે

## ઓછા વરસાદથી જળાશયો ખાલી થતાં રવિ સિઝન પર સંકટ; ભાવ અંકુશમાં રાખવા સરકાર પાસે પૂરતો બફર સ્ટોક

**અબતક, રાજકોટ**

વિશ્વભરમાં હવામાનની ભાત બદલતી 'અલનીનો'ની અસરના કારણે આ વર્ષે ચોમાસા દરમિયાન દેશના અનેક ભાગોમાં અપૂરતો અને અનિયમિત વરસાદ નોંધાયો છે. ચોમાસાની આ ખેંચને લીધે જળાશયોમાં પાણીનું સ્તર ઘટતાં અને ભૂગર્ભજળના તળ ઊંડા જતાં, તેની સીધી અસર હવે શિયાળુ (રવિ) પાકના વાવેતર પર જોવા મળી રહી છે. સિંચાઈના પાણીની ભારે અછત સર્જાવાના કારણે દેશભરમાં ચાલુ મોસમમાં ઘઉંના વાવેતર વિસ્તારમાં ૫ થી ૧૦ ટકાનો મોટો ઘટાડો થવાની આશંકા ઉદ્યોગ જગતે વ્યક્ત કરી છે.



ઘઉં પ્રોસેસિંગ ક્ષેત્રના નિષ્ણાતો અને 'રોલર ફ્લોર મિલર્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા'ના પ્રમુખ નવનીત ચિતલાંગિયાના જણાવ્યા મુજબ, ઓછા વરસાદને કારણે ખાસ કરીને ગુજરાત, રાજસ્થાન તેમજ મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના અનેક ભાગોમાં ખેડૂતો ઘઉંનું વાવેતર ઘટાડી રહ્યા છે. પાણીની તંગીને લીધે ઘણા ખેડૂતો ખેતરો પડતર રાખવા અથવા ઘઉંના બદલે ઓછા પાણીની જરૂરિયાતવાળા વિકલ્પ પાકો પસંદ કરવા મજબૂર બન્યા છે. વળી, બજારભાવ અને પાણીની પહોંચ જેવા અનેક પ્રતિકૂળ પરિબળો આ વખતે ઘઉંના વાવેતર પર માઠી અસર પાડી રહ્યા છે. વાવેતરમાં ઘટાડો થવા પાછળ સરકારની લઘુત્તમ ટેકાના ભાવ નીતિ પણ જવાબદાર બની છે. સરકાર દ્વારા ઘઉંના એમએસપીમાં કરાયેલો ૧ ટકાથી પણ ઓછો વધારો અન્ય રવિ પાકોની સરખામણીએ સૌથી નીચો છે, જેનાથી ખેડૂતોમાં નિરાશા છે. બીજી તરફ, ચણા, રાયડો અને મકાઈ જેવા પાકોના બજારભાવ ઘઉં કરતાં વધુ પોષણક્ષમ હોવાથી ખેડૂતો તે તરફ વળી રહ્યા છે. રાજ્ય સરકારો (જેમ કે રાજસ્થાન અને મધ્યપ્રદેશ) પણ પાણી બચાવવા માટે ખેડૂતોને ઓછા પાણીવાળા પાકો લેવાની સલાહ આપી રહી છે. આ સિવાય મહારાષ્ટ્ર, કર્ણાટક અને તેલંગાણાના ગંભીર જળસંકટ ધરાવતા વિસ્તારોમાં ખેડૂતો આ સિઝનમાં વાવણી જ કરી શકે તેવી સ્થિતિમાં નથી.

આમ છતાં, ઉત્પાદન ઘટવાની ધારણા વચ્ચે પણ દેશમાં ઘઉંના

(અનુ. આઠમા પાને)

# કસ્ટડીમાં રહેલી વસ્તુ ગુમ થાય તો પોલીસ જવાબદાર બને: હાઈકોર્ટ

## કોર્ટે આ મામલાની આગામી સુનાવણી ૨૮ ઓક્ટોબરના રોજ હાથ ધરવાનું નક્કી કર્યું

**અબતક, અમદાવાદ**

પોલીસ સ્ટેશનમાં સુરક્ષા માટે જમા કરાયેલા મુદ્દામાલની સુરક્ષા અને જવાબદારીને લઈને ગુજરાત હાઈકોર્ટે એક અત્યંત કડક અને મહત્વપૂર્ણ વલણ અપનાવ્યું છે. અદાલતે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે જો પોલીસ કસ્ટડી દરમિયાન જપ્ત કરાયેલું સોનું કે કિંમતી ચીજવસ્તુઓ ગુમ થઈ જાય કે ખોવાઈ જાય, તો તેની જવાબદારી સીધી પોલીસ પ્રશાસનની રહે છે અને પોલીસે જ્વેલરને તેની કિંમતનું વળતર ચૂકવવું જ પડશે. ગાંધીધામના એક ચર્ચાસ્પદ કેસમાં હાઈકોર્ટે આપેલી આ ટિપ્પણી સમગ્ર રાજ્યની પોલીસ વ્યવસ્થા અને મુદ્દામાલ સંચાલન માટે એક મોટો દાખલો બેસાડે છે.

ગાંધીધામના એક જ્વેલર વિરુદ્ધ ગ્રાહકે ૭૦૫ ગ્રામ સોના અને ચાંદીના દાગીના છેતરપિંડીથી પડાવ્યાની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે એફઆઈઆર નોંધીને આ દાગીના મુદ્દામાલ તરીકે કબજે કર્યા હતા. ત્યારબાદ ગ્રાહક અને જ્વેલર વચ્ચે પરસ્પર સમાધાન થઈ ગયું હતું, જેના આધારે અદાલતે જ્વેલરને નિર્દોષ જાહેર કર્યા. ઓગસ્ટ ૨૦૨૫માં ગાંધીધામની જેએમએફસી કોર્ટે પોલીસને આ જપ્ત કરાયેલો મુદ્દામાલ જ્વેલરને પરત કરવાનો હુકમ કર્યો હતો.

કોર્ટના આદેશ છતાં પોલીસે મુદ્દામાલ પરત ન કર્યો અને રજૂઆત કરી કે જ્વેલરી ગુમ થઈ ગઈ છે અથવા ખોવાઈ ગઈ છે. મુદ્દામાલ ગુમ થવા સામે જ્વેલરે એડવોકેટ એ.એ. ઝાબુવાલા મારફતે હાઈકોર્ટમાં અવમાનના અરજી દાખલ કરી હતી. એન.એસ. સંજય ગૌડા અને જસ્ટિસ જે.એલ.ઓડેદરાની બેન્ચે સુનાવણી હાથ ધરીને સ્પષ્ટ કર્યું કે પોલીસે જપ્ત કરેલા સોનાની કિંમત ચૂકવવી જ પડશે. કોર્ટે આ મામલે આગામી સુનાવણી ૨૮ ઓક્ટોબરના રોજ હાથ ધરવાનું નક્કી કર્યું છે.

આ ચુકાદાથી રાજ્યના તમામ પોલીસ સ્ટેશનોમાં મુદ્દામાલ રૂમની સુરક્ષા અને રેકોર્ડ જાળવણી માટે અધિકારીઓ વધુ સાવચેત બનશે. સોના-ચાંદીના વેપારીઓ અને



સામાન્ય નાગરિકોનો કાયદો અને ન્યાય પ્રણાલી પરનો ભરોસો વધુ મજબૂત થશે કે ખોટી રીતે ફસાયેલા કે નિર્દોષ છૂટેલા લોકોને તેમનો મુદ્દામાલ સુરક્ષિત મળશે. જો ભવિષ્યમાં ક્યાંય પણ મુદ્દામાલ ગુમ થશે, તો જવાબદાર અધિકારીઓએ તેની ભારે કિંમત ચૂકવવી પડશે.

# કેન્સર જેવી આવશ્યક દવાઓમાં નફાની મર્યાદા 30% કરાશે

## આનાથી માત્ર દવાઓના ભાવમાં ૭૦% સુધીનો ઘટાડો નહીં થાય, પણ દેશના મધ્યમ અને જરૂરિયાતમંદ દર્દીઓને વાર્ષિક અંદાજે ૨,૫૦૦ કરોડની આર્થિક રાહત પણ મળશે

**અબતક, નવી દિલ્હી**

કેન્સર જેવું ગંભીર નામ સાંભળતા જ દર્દીઓ અને તેમના પરિવારોની માનસિક સ્થિતિ સાથે આર્થિક સ્થિતિ પણ હચમચી જાય છે. આ ભયાનક બીમારી સામેની લડાઈમાં સૌથી મોટો પડકાર જો કોઈ હોય, તો તે છે અત્યંત મોંઘી દવાઓ અને તેની બેફામ કિંમતો. પરંતુ હવે લાખો કેન્સરના દર્દીઓ માટે એક મોટી આશા અને રાહતનું કિરણ જાગ્યું છે. કેન્દ્ર સરકાર દ્વારા નોન-શિડ્યુલ્ડ કેન્સર વિરોધી દવાઓ પર 30% ટ્રેડ માર્જિન કેપ લાગુ કરવાનો એક ઐતિહાસિક અને આવકારદાયક નિર્ણય લેવામાં આવ્યો છે.

ફાર્મા માર્કેટમાં ચાલતી મનસ્વી નફાખોરી અને વચેટિયાઓની લૂંટ પર લગામ કસતી આ પહેલથી માત્ર દવાઓના મહત્તમ રિટેલ ભાવમાં ૭૦% સુધીનો ઘટાડો જ નહીં થાય, પણ દેશના મધ્યમ અને જરૂરિયાતમંદ દર્દીઓને વાર્ષિક અંદાજે ૨,૫૦૦ કરોડની માતબર આર્થિક રાહત પણ મળશે. આ ક્રાંતિકારી પગલું ભારતીય સ્વાસ્થ્ય ક્ષેત્રે દર્દી-કેન્દ્રીય અભિગમ અને પારદર્શિતા તરફનું એક મોટું ડગલું સાબિત થઈ રહ્યું છે.

દેશમાં કેન્સરની દવાઓનું બજાર આશરે ૧૨,૫૦૦ કરોડનું છે, જેમાં શિડ્યુલ્ડ દવાઓ સિવાયનો મોટો હિસ્સો નોન-શિડ્યુલ્ડ દવાઓનો છે. આ નિયમ બ્રાન્ડેડ અને જેનેરિક, આયાતી અને સ્થાનિક તેમજ પેટન્ટ અને નોન-પેટન્ટ તમામ પ્રકારની નોન-શિડ્યુલ્ડ કેન્સર એનપીપીએના વિશ્લેષણમાં એ વાત સામે આવી હતી કે નોન-શિડ્યુલ્ડ કેન્સરની દવાઓ પર સરેરાશ ૧૭૦% અને કેટલાક કિસ્સાઓમાં તો ૭૦૦% સુધીનું અતિશય ટ્રેડ માર્જિન વસૂલવામાં આવતું હતું.

રિટેલ ફાર્મસીઓ, હોસ્પિટલો અને ઈ-ફાર્મસીઓમાં દવાઓના ભાવ અને ડિસ્કાઉન્ટમાં ખૂબ જ મોટી અસમાનતા જોવા મળતી હતી. સુપ્રીમ કોર્ટે કેન્સરની દવાઓની ઊંચી અને બેફામ કિંમતો સામે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. કોર્ટે એવો પણ મુદ્દો ઉઠાવ્યો હતો કે જે દવા આશરે ૨,૭૦૦ માં પડે છે તે રિટેલર્સ દ્વારા ૨૭,૦૦૦ ના એમ આરપી પર વેચવામાં આવે છે. આ તમામ પરિસ્થિતિઓને

(અનુ. આઠમા પાને)







## મૌન લક્ષણોને ઓળખો, જીવનની લડાઈ જીતી લો

# જાગૃતિની એક ગાંઠ, જીવનની અનેક આશાઃ સ્તન કેન્સર સામે વહેલું નિદાન જ જીવનનું રક્ષણ

## સ્તન કેન્સર આજે ભારતમાં શહેરી મહિલાઓમાં સૌથી સામાન્ય કેન્સર છેઃ સ્તન કેન્સર એ એક તબીબી સ્થિતિ છે, જ્યારે સ્તનમાં સામાન્ય કોષો બદલાય છે, અને નિયંત્રણ બહાર વધીને એક મોટી ગાંઠ બનાવે છે

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના જણાવ્યા અનુસાર દર વર્ષે લગભગ ૨૧ લાખ મહિલાઓ સ્તન કેન્સરનો ભોગ બને છે. ભારતમાં દર ૨૮મી મહિલાને કોઈકના કોઈ રીતે સ્તન કેન્સર થાય છે. આ રીતે, મહિલાઓ સૌથી વધારે બ્રેસ્ટ કેન્સરનો ભોગ બને છે. બ્રેસ્ટ કેન્સરને લઈને મહિલાઓમાં જાગૃતિનો અભાવ છે. બ્રેસ્ટ કેન્સરના ૧૨ પ્રકાર હોય છે. કેન્સરના આ પ્રકારની વાત તેના પર નિર્ભર છે, તે આક્રમક (બીજા અંગોમાં ફેલાઈ છે) કે તે યૂનિફોકલ (માત્ર એક ટ્યૂમર) કે મલ્ટીફોકલ (ઘણા ટ્યૂમર્સ) હોય છે. બ્રેસ્ટ કેન્સરની સારવાર શરૂ કરતા પહેલાં એ જાણી લેવું જરૂરી હોય છે કે, કેન્સર કયા પ્રકારનું છે. જે મહિલાઓ સ્તનપાન કરાવતી હોય છે, તેમને બ્રેસ્ટ કેન્સરનું જોખમ ઓછું રહે છે. સામાન્ય રીતે બ્રેસ્ટ કેન્સર ૪૦ વર્ષથી ઓછી ઉંમરની મહિલાઓને વધુ અસર કરે છે. સ્તન કેન્સર એ એક તબીબી સ્થિતિ છે જ્યારે સ્તનમાં સામાન્ય કોષો બદલાય છે અને નિયંત્રણ બહાર વધીને એક મોટી ગાંઠ બનાવે છે. આ અસામાન્ય કોષો પછી વધે છે અને સ્તનના સ્વસ્થ ભાગો પર આક્રમણ કરે છે. પછીના તબક્કામાં, ગાંઠ કોષો બગલમાં લસિકા ગાંઠો અને શરીરના અન્ય ભાગોમાં પણ ફેલાઈ શકે છે.સામાન્ય રીતે સ્તન કેન્સરનું કારણ કોઈ એક પરિબળ નથી. પરંતુ, અમુક જોખમી પરિબળો, જેમ કે વૃદ્ધાવસ્થા, વધુ વજન કે મેદસ્વી હોવું, આલ્કોહોલનો ઉપયોગ, કિરણોત્સર્ગના સંપર્કમાં, હોર્મોનલ ઉપચાર, પ્રારંભિક માસિક સ્રાવ, અંતમાં મેનોપોઝ અને રોગનો પારિવારિક ઈતિહાસ, જેવી ઘટનાઓની શક્યતાઓ વધારે છે. લગભગ ૫ થી ૧૦% સ્તન કેન્સર આનુવંશિક પરિવર્તન જેમ કે બીકે અને ૨ સાથે જોડાયેલા હોઈ શકે છે. તેના લક્ષણોમાં સ્તનમાં અસામાન્ય ગઠ્ઠો કે જાડું થવું, સ્તનની ચામડી લાલ થઈ જવી કે ખાડો પડવો, સ્તનની ડીંટડીમાંથી સ્રાવ, સ્તનની ડીંટડી ઉલટાવી દેવી, સ્તનની ડીંટડીની આજુબાજુની ચામડીનું સ્કેલિંગ કે ક્રસ્ટીંગ તેના લક્ષણો છે. સ્તનોમાં દુખાવો સામાન્ય રીતે સ્તન કેન્સરનું લક્ષણ નથી.

સ્તન કેન્સર આજે ભારતમાં શહેરી મહિલાઓમાં સૌથી સામાન્ય કેન્સર છે. જો કે જો વહેલી તકે શોધી કાઢવામાં આવે તો, આ રોગ સારવાર યોગ્ય છે, અને તેના વિશે જાગૃતિ વધારવા માટે, ઓક્ટોબરને સમગ્ર વિશ્વમાં સ્તન કેન્સર જાગૃતિ મહિનો તરીકે ચિહ્નિત કરવામાં આવે છે. સ્તન કેન્સરનું જોખમ તંદુરસ્ત વજન જાળવીને, આહાર, આલ્કોહોલના ઉપયોગથી દૂર રહેવાથી અને દરરોજ ઓછામાં ઓછી ૩૦ મિનિટ સુધી કસરત કરીને ઘટાડી શકાય છે. ઉચ્ચ જોખમ પૂર્વ-કેન્સર સ્તનની સ્થિતિ ધરાવતી કેટલીક સ્ત્રીઓને સ્તન પર હોર્મોન એસ્ટ્રોજનની ક્રિયાને અવરોધિત કરવા માટે દવાઓની સલાહ આપવામાં આવી શકે છે. તેના નિદાન સ્તન કે બગલમાં ગઠ્ઠો કે અન્ય ફેરફારની ઘટના દ્વારા સ્વ-તપાસ દ્વારા કે ચિકિત્સક દ્વારા તબીબી સ્થિતિ શોધી શકાય છે. જો સ્તનમાં ગઠ્ઠો જોવા મળે છે, તો સામાન્ય રીતે મેમોગ્રામ અને સ્તન અલ્ટ્રાસાઉન્ડ કરવામાં આવે છે. બાયોપ્સી ફક્ત ત્યારે જ કરવામાં આવે છે જ્યારે મેમોગ્રામ અથવા અલ્ટ્રાસાઉન્ડ કેન્સરનો સંકેત આપે છે. બ્રેસ્ટ કેન્સરની હાલની મેડિકલ ટ્રીટમેન્ટ સ્ટેજ, કેન્સરનો પ્રકાર અને દર્દીની ઉંમર, તબિયતના આધારે નક્કી કરવામાં આવે છેઃ મુખ્ય સારવારમાં સર્જરી, ગાંઠ કાઢવી કે આંખું બ્રેસ્ટ કાઢવું સાથે સેન્ટિનલ લિમ્ફ નોડ બાયોપ્સી, ત્યારબાદ રેડિયેશન થેરાપી, અને સિસ્ટમિક થેરાપીનો સમાવેશ થાય છે. WHO જણાવે છે કે નીચા અને મધ્યમ આવક ધરાવતા દેશોમાં સ્તન કેન્સરથી થતા મૃત્યુનો ભાર વધારે છે, કારણ કે વહેલું નિદાન, નિદાનની સુવિધા અને ગુણવત્તાયુકત સારવાર સુધી પહોંચમાં અસમાનતા છે.

ભારતમાં પણ પડકાર ગંભીર છે. ૨૦૨૨ના આંકડા મુજબ દેશમાં આશરે ૧.૯૨ લાખ નવા સ્તન કેન્સરના કેસ નોંધાયા હતા, જે ભારતમાં તમામ નવા કેન્સર કેસોમાં સૌથી મોટો હિસ્સો ધરાવતા કેન્સરોમાં પ્રથમ ક્રમે હતા. સ્તન કેન્સરથી ભારતમાં આશરે ૯૮ હજાર મૃત્યુ થયાનો અંદાજ છે. ભારતમાં મોડું નિદાન અને સારવાર શરૂ થવી મૃત્યુદર વધારતા મહત્વના કારણોમાં સામેલ છે.

દર વર્ષે લગભગ ૨૧ લાખ મહિલાઓ સ્તન કેન્સરનો ભોગ બને છે. કેન્સરમાંથી બચવાના ચાન્સ વધારવા માટે સૌથી મહત્ત્વનાં પરિબળો છે-વહેલું નિદાન, કેન્સરનો પ્રકાર અને સ્ટેજ, તથા યોગ્ય આધુનિક સારવાર. આજે સર્જરી, રેડિયોથેરાપી, કીમોથેરાપી, ટાર્ગેટેડ થેરાપી, ઈમ્યુનોથેરાપી અને હોર્મોન થેરાપી જેવી પદ્ધતિઓથી અનેક પ્રકારના કેન્સરમાં સારવારનાં પરિણામો સુધર્યાં છે. જોકે, દરેક કેન્સર માટે એક જ શ્રેષ્ઠ સારવાર નથી; સમયસર નિદાન અને દર્દીની સ્થિતિ અનુસાર નિષ્ણાત ઓન્કોલોજિસ્ટ દ્વારા પસંદ કરાયેલી સારવાર જીવન બચાવવાની શક્યતા વધારી શકે છે. વૈશ્વિક સ્તરે WHO અને IARCના ૨૦૨૨ના આંકડા મુજબ, વિશ્વમાં અંદાજે બે કરોડ નવા કેન્સરના કેસ અને ૯૭ લાખ મૃત્યુ નોંધાયાં હતાં. અમેરિકાના ગઈઈના જઊઊછ આંકડા મુજબ, ૨૦૧૬-૨૦૨૨ દરમિયાન નિદાન થયેલા તમામ પ્રકારના કેન્સર માટે પાંચ વર્ષનો સાપેક્ષ જીવનદર ૭૦.૫% હતો, જોકે આ આંકડો અમેરિકાનો છે, સમગ્ર વિશ્વનો નહીં. આથી સ્પષ્ટ થાય છે કે કેન્સર એટલે નિશ્ચિત મૃત્યુ નહીં, યોગ્ય સમયે યોગ્ય સારવાર અને નિયમિત ફોલોઅપથી જીવન ટકાવી રાખવાની શક્યતા વધી શકે છે.




### મેટાસ્ટેટિક સ્તન કેન્સર એ કેન્સર સ્ટેજ ૪ શું

મેટાસ્ટેટિક સ્તન કેન્સર એ કેન્સરનું એક સ્વરૂપ છે જે સ્તનની બહાર શરીરના અન્ય ભાગોમાં ફેલાયેલું હોય છે, જેમ કે હાડકાં, લીવર, ફેફસાં અથવા મગજ.

કેન્સરનો આ તબક્કો, જેને સ્ટેજ ચાર તરીકે પણ ઓળખવામાં આવે છે, તે સાધ્ય નથી, પરંતુ સારવાર લક્ષણોનું સંચાલન કરવામાં અને ગુણવત્તા સુધારવામાં મદદ કરી શકે છે.

**૨૦૫૦ સુધીમાં વિશ્વમાં દર વર્ષે ૩૨ લાખ નવા સ્તન કેન્સરના કેસ અને ૧૧ લાખ મૃત્યુની ચેતવણીઃ જે મહિલાઓ સ્તનપાન કરાવતી હોય છે, તેમને બ્રેસ્ટ કેન્સરનું જોખમ ઓછું રહે છેઃ જ્યારે મેમોગ્રામ કે અલ્ટ્રાસાઉન્ડ કેન્સરનો સંકેત આપે તો જ બાયોપ્સી કરવામાં આવે છે**

# ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કિટેક્ચર ખાતે દીક્ષાંત સમારોહ યોજાયો

**અબતક, રાજકોટ**



રાષ્ટ્રીય સ્તરે ખ્યાતી-પ્રાપ્ત તથા સૌરાષ્ટ્ર-કચ્છની સર્વપ્રથમ અને એકમાત્ર ડીગ્રી આર્કિટેક્ચર કોલેજ એવી વીવીપી સંચાલિત ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કિટેક્ચર, તજજ્ઞ અને સામાજીક ઉત્તરદાયિત્વની ભાવના સભર આર્કિટેકટસના નિર્માણ હેતુ છેલ્લા ૨૬ વર્ષથી સફળતાપૂર્વક કાર્યરત છે. વર્ષ ૨૦૨૬માં આર્કિટેકચરનો અભ્યાસ પૂર્ણ કરી સ્નાતક થનાર વિદ્યાર્થીઓનો રંગારંગભર્યો દીક્ષાંત સમારોહ ઈપ્સા ખાતે યોજાયેલ હતો. વીવીપીના ટ્રસ્ટી ડો.નરેન્દ્રભાઈ દવે, 'ઈપ્સા'ના ડાયરેક્ટર આર્કિ.કિશોરભાઈ ત્રિવેદી, સમારોહના મુખ્ય અતિથી એવા અમદાવાદના જાણીતા આર્કિટેક સુર્યાકાકા (પૂર્વ આર્કિટેક્ચર એકેડેમિક હેડ-સેપ્ટ), 'ઈપ્સા'ના પ્રાચાર્ય પ્રો.દેવાંગભાઈ પારેખ તેમજ કિચ સ્કૂલ ઓફ ડીઝાઈનના પ્રાચાર્ય પ્રો.શૈલીબહેન ત્રિવેદીની પ્રેરક ઉપસ્થિતિ વચ્ચે વિદ્યાર્થીઓ પોતાના કુટુંબીજનો તથા સર્વે કર્મચારીગણ સાથે ઉત્સાહભેર સામેલ થયેલ હતા. કાર્યક્રમમાં વીવીપીના ટ્રસ્ટી ડો.નરેન્દ્રભાઈ દવેએ વિદ્યાર્થીઓને બહુમૂલ્ય શીખ આપતા સમજાવેલ કે ભાવી કારકિર્દીમાં ઉત્તમ સફળતા માટે સી.એફ.ઓ. એટલે કે કોન્ફીડેન્ટ, એફીસીઅન્સી અને ઓર્ગેનાઈઝેશનલ ડીસીપ્લીન બહુ જરૂરી છે, આ ત્રણેય આપણા જીવનમાં આત્મસાત કરવાથી સફળ જીવનના માર્ગ ઉપર અચૂકપણે આગળ વધી શકાય છે તેવા પ્રેરણાદાયી આશીર્વચન પાઠવેલ હતા. અતિથી વિશેષ આર્કિ. સુર્યકાકાએ પોતાના સુદીર્ઘ કાર્યાનુંભવને આધારે વિદ્યાર્થીઓને સમજાવેલ કે કારકિર્દી દરમ્યાન જે જોઈ પણ પ્રોજેક્ટ હાથ ધારો ત્યારે પર્યાવરણ, સમાજ, નિર્માણ સામગ્રી, ટકાઉપણું, ખર્ચ, ઉપયોગીતા, જેવા વિવિધ સર્વાંગી પાસાઓને નજરમાં રાખીને જ અમલીકરણ હાથ ધરવું જોઈએ. 'ઈપ્સા'ના નિયામક કિશોરભાઈ ત્રિવેદીએ આશીર્વચન સાથે ઉચ્ચ માનવીય મુલ્યોનું પાલન કરવાની સમજ પ્રદાન કરતા જણાવેલ કે, તમે અર્જિત કરેલ જ્ઞાન સમજ માટે ઉપયોગી બને, તમારી ડીઝાઈનમાં સંવેદનશીલતા દેખાય, નિર્ણયોમાં પ્રમાણિકતા પ્રદર્શિત થાય, અને તમારી સફળતામાં બીજાને આગળ વધારવાની ભાવના ચરિતાર્થ થાય તો જ આપણે મેળવેલ શિક્ષણ અને જ્ઞાન યથાર્થ બને, તેવી ભાવના સાથે વિદ્યાર્થીઓને બિરદાવી શુભેચ્છા પાઠવેલ હતી. 'ઈપ્સા'ના પ્રચાર્ય પ્રો.દેવાંગભાઈ પારેખએ પ્રસંગોચીત ઉદબોધનમાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા જણાવેલ કે દીક્ષાંતએ શિક્ષણનો અંત નથી, જીવનના નવા તબક્કાની શરૂઆત છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વિકસિત ભારતના સપનાને સાકાર કરવા હેતુ બાંધકામમાં પર્યાવરણ તથા પૃથ્વી પર ઉપલબ્ધ રિસોર્સને અનિવાર્યપણે ધ્યાનમાં રાખવાનો નિર્દેશ કરેલ હતો. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આર્કિટેક્ચરમાં ગોલ્ડ મેડલ મેળવનાર વિદ્યાર્થી ધ્યેય કવા તથા ઈન્દુભાઈ પારેખ મેડલ પ્રાપ્ત કરનાર જૈનીશ બાપોદરીયાનું મહાનુભાવોને હસ્તે સન્માન કરવામાં આવેલ હતું. કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના પ્રાચાર્ય પ્રો.દેવાંગભાઈ પારેખના માર્ગદર્શન હેઠળ શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓએ જહેમત ભારે ઉઠાવેલ હતી. કાર્યક્રમની સફળતા બદલ સંસ્થાના ટ્રસ્ટી કૌશિકભાઈ શુક્લ, ડો.સંજીભાઈ ઓઝા, હર્ષલભાઈ મણીયાર તથા ડો.નવીનભાઈ શેઠે શુભેચ્છાઓ પાઠવેલ છે.

# રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ-નેશનલ ચિલ્ડ્રન્સ સાયન્સ કોંગ્રેસની જિલ્લાકક્ષાની સ્પર્ધામાં ૧૫૦ કૃતિઓ કરાઈ રજૂ

## લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં સુસ્થાઈતા ટકાઉપણા માટે વિજ્ઞાન અને નવીનતા પર ભાર મૂકાયો



**અબતક, રાજકોટ**

૧૦ થી ૧૭ વર્ષની વય જૂથના શાળાએ જતા કે ન જતા બાળકોમાં વૈજ્ઞાનિક વલણ અને સંશોધન વૃત્તિ વિકસે તેમજ કોઈ પણ સમસ્યાના ઉકેલ માટે વૈજ્ઞાનિક પદ્ધતિ અનુસરતા શીખે તે હેતુથી ભારત સરકારના સાયન્સ ટેકનોલોજી વિભાગ અન્વયેના નેશનલ કાઉન્સિલ ફોર સાયન્સ એન્ડ ટેકનોલોજી કોમ્યુનિકેશન દ્વારા છેલ્લા ૩૨ વર્ષથી ચાલતા કાર્યક્રમ રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ (National Children's Science Congress - NCSC) નો વર્ષ ૨૦૨૬-૨૭ની જિલ્લાકક્ષાની સ્પર્ધા લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે તાઃ ૯-૧૦-૨૦૨૬ ના રોજ યોજાઈ તેમાં મુખ્ય વિષય સુસ્થાઈતા - ટકાઉપણા માટે વિજ્ઞાન અને નવિનતા જાહેર કરાયો.

ગુજરાતમાં આ કાર્યક્રમનું આયોજન રાજ્ય સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના ગુજકોસ્ટ દ્વારા તેમના તમામ જિલ્લાઓમાં વિકસવાયેલા લોક વિજ્ઞાન કેન્દ્રના માધ્યમથી થઈ રહ્યુ છે. રાજકોટ જિલ્લા માટે આ કામગીરી ઓ. વે. શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર - રેસકોર્સ, રાજકોટ દ્વારા રજૂ કરવામાં આવેલ.

આ સ્પર્ધામાં કુલ ૧૦૫ કૃતિઓ રજૂ કરવામાં આવેલ. જેમાંથી ૧૫ કૃતિઓ પસંદગી કરવામાં આવી છે જે કૃતિઓ આગામી રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.

# વેરાવળ એસ.ટી. ડેપો ખાતે ગ્રામહાટનું લોકાર્પણ કરતા સાંસદ માનસિંહ પરમાર



**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**

## વેરાવળ-બગદાણા રૂટની બસને લીલીઝંડી અપાઈ

ગ્રામ્ય વિસ્તારની બહેનોને પોતાનાં ઉત્પાદનોના વેચાણ માટે યોગ્ય બજાર ઉપલબ્ધ કરાવવાના હેતુસર રાજ્યસભાના સાંસદ માનસિંહભાઈ પરમારની ઉપસ્થિતિમાં વેરાવળ એસ.ટી.ડેપો ખાતે ગ્રામ હાટનું લોકાર્પણ કરવામાં આવ્યું હતુંસાથે 'વેરાવળ-બગદાણા' રૂટની બસને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું. ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લી.ના સહયોગથી સ્વ-સહાય જુથના બહેનોને તેઓની પ્રોડક્ટના વેચાણ માટે ગ્રામહાટ ફાળવવામાં આવ્યાં છે. આ ગ્રામહાટના માધ્યમથી ગ્રામ્ય વિસ્તારની બહેનોને પોતાનાં ઉત્પાદનોના વેચાણ માટે યોગ્ય બજાર ઉપલબ્ધ થશે. ઉલ્લેખનીય છે કે, બસ સ્ટેશન જેવા જાહેર સ્થળ પર સ્થાનિક ઉત્પાદનોના વેચાણની સુવિધા ઉપલબ્ધ થવાના કારણે ઉદ્યોગસાહસિક મહિલાઓની આવકમાં વધારો થવાની તક મળશે અને આર્થિક સુધારા માટે ગ્રામહાટ એક મહત્વનું માધ્યમ બની રહેશે. આ સાથે જ વેરાવળ ડેપોને ફાળવાયેલી 'વેરાવળ-બગદાણા' રૂટની બસને મહાનુભાવોના હસ્તે લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવી હતી.

## સૂડોકુ -૯૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | | | | | ૨ | ૧ | ૫ |
| | | | | ૯ | | ૭ | | |
| | | ૭ | | | ૫ | | ૯ | |
| | ૮ | ૧ | | | ૯ | ૪ | | |
| ૫ | | | ૭ | | | ૬ | | |
| | ૩ | | | | | | | |
| ૯ | | ૨ | | | ૮ | | ૪ | ૬ |
| | ૭ | | | | | | | ૮ |
| | | | | ૬ | | | ૫ | ૭ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૯૪ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૨ | ૩ | ૬ | ૭ | ૯ | ૪ | ૮ | ૧ |
| ૬ | ૮ | ૯ | ૫ | ૪ | ૧ | ૨ | ૭ | ૩ |
| ૧ | ૭ | ૪ | ૩ | ૮ | ૨ | ૫ | ૬ | ૯ |
| ૭ | ૫ | ૧ | ૨ | ૬ | ૪ | ૯ | ૩ | ૮ |
| ૯ | ૪ | ૮ | ૭ | ૫ | ૩ | ૬ | ૧ | ૨ |
| ૨ | ૩ | ૬ | ૯ | ૧ | ૮ | ૭ | ૫ | ૪ |
| ૮ | ૧ | ૫ | ૪ | ૯ | ૭ | ૩ | ૨ | ૬ |
| ૩ | ૯ | ૭ | ૧ | ૨ | ૬ | ૮ | ૪ | ૫ |
| ૪ | ૬ | ૨ | ૮ | ૩ | ૫ | ૧ | ૯ | ૭ |

## કાર્યક્રમોની યાદી
અબ તક CHANNEL

**તારીખ ૧૩-૧૦-૨૦૨૬ મંગળવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (જય માતાજી લેટ્સ રોક)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (રસ મલાઈ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.તન્વી ચોટાઈ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (જૂઠું બોલો જલસા કરો)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૧૨:૦૦ દિકરીના સપનાની નવરાત્રી - **અબતક સુરભી રાસોત્સવ ૨૦૨૬ (લાઈવ)**

**તારીખ ૧૪-૧૦-૨૦૨૬ બુધવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ




**તા.૧૪-૧૦-૨૦૨૬ બુધવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિઃ** ૧૯૪૮
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** આસો શુદ ચોથ ચોથુ નોરતુ વિછુડો
**નક્ષત્ર** અનુરાધા
**યોગ** આયુષ્માન **કરણઃ** વણિજ
**સુર્યોદય** ૬.૪૪ **સુર્યાસ્તઃ** ૬.૨૨
**ચંદ્ર રાશી** વૃશ્ચિક
**રાશિ અક્ષર** ન.ય
**દિશાશૂળ** ઉત્તર દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૧૨ થી ૧.૩૦
**દિવસનાચોઘડીયા**
લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ
**રાત્રીનાચોઘડીયા**
ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૦૯ થી ૧૨.૫૬

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## તા.૧૪/૧૦ ને બુધવારનું રાશિ ભવિષ્ય

### સંવંત ૨૦૮૨, આસો સુદ ચોથ, અનુરાધા નક્ષત્ર, આયુષ્માન યોગ, વણિજ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ વૃશ્ચિક (ન,ય) રહેશે



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ** (અ,લ,ઈ) : અંગત જીવનમાં સારું રહે, મનોમંથન કરી શકો. વિચારોમાં પરિવર્તન જણાય, શુભ દિન.

**વૃષભ** (બ,વ,ઉ) : વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે, વિવાહિતને દામ્પત્ય જીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો.

**મિથુન** (ક,છ,ઘ) : ભાગીદારીમાં સારું રહે, જાહેરજીવનમાં આગળ વધી શકો અને તમારું પ્રભુત્વ દર્શાવી શકો, દિવસ શુભ રહે.

**કર્ક** (ડ,હ) : વિદ્યાર્થીવર્ગને અભ્યાસમાં સારું રહે, વિદેશ જવા ઈચ્છતા મિત્રો માટે સારું, સંતાન અંગે સારું રહે, યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લઈ શકો.

**સિંહ** (મ,ટ) : નવી વસ્તુની ખરીદી થાય, સુખ સગવડ પ્રાપ્ત થાય, અન્ય મિત્રોને મદદરૂપ બની શકો, દિવસ સંતોષજનક રહે.

**કન્યા** (પ,ઠ,ણ) : ગણતરી પૂર્વક આગળ વધશો તો લાભ થશે, સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.

**તુલા** (ર,ત) : આર્થિક બાબતો માં મધ્યમ રહે, આવક જાવક સમજીને કરવા, મનમાં સંતોષ અને રાજીપો રહે, શુભ દિન.

**વૃશ્ચિક** (ન,ય) : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, નવી પ્રતિભા કેળવી શકો, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો.

**ધન** (ધ,ભ,ફ,ઢ) : કોઈ બાબતમાં વધુ દલીલથી દૂર રહેવું, વાદ-વિવાદથી દૂર રહેવું, અંગત મિત્રો સાથે મતભેદ નિવારવા પડે.

**મકર** (ખ,જ) : આકસ્મિત લાભ થાય, મુશ્કેલીમાં આશાનું કિરણ દેખાય, મુસાફરીના યોગ બની રહ્યા છે, દોડધામ રહે.

**કુંભ** (ગ,સ,શ) : વેપારીવર્ગને લાભ થાય, સ્ત્રીવર્ગને મધ્યમ રહે, નોકરિયાતવર્ગને સારું રહે, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**મીન** (દ,ચ,ઝ,થ) : નસીબ સાથ આપતું જણાય, નવીન તક હાથમાં આવે પરંતુ તેને કાર્યમાં રૂપાંતરિત કરવા મહેનત કરવી જરૂરી બને છે.

# મનોરોગી દર્દીઓનું “શાંતિમય” કેન્દ્ર બનતું જુનાગઢ સિવિલ

## એક વર્ષમાં ૧૮,૩૩૦ દર્દીઓએ ઓપીડીનો લાભ લીધો, ૨૮૬ને દાખલ કરી સારવાર અપાઈ: જનજાગૃતિ અંતર્ગત ૩૮ ઓપીડી કેમ્પ યોજી ૬૭૯ દર્દીઓને સારવાર અપાઈ

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

એક તરફ વિશ્વભરમાં ‘‘વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ‘‘ની ઉજવણી અંતર્ગત માનસિક સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ કેળવવાના પ્રયત્નો અને વિવિધ કાર્યક્રમો થઈ રહ્યા છે ત્યારે બીજી બાજુ જૂનાગઢના જી.એમ.ઈ.આર.એસ. જનરલ હોસ્પિટલના મનોરોગ વિભાગ દ્વારા ૯,૮૧૮ પુરુષ અને ૮,૫૧૨ મહિલા સહિત કુલ ૧૮,૩૩૦ દર્દીઓની ઓપીડી દરમિયાન વિનામૂલ્યે તપાસ અને સારવાર કરવામાં આવી હોવાની તથા ગંભીર માનસિક તકલીફ ધરાવતા કુલ ૨૮૬ દર્દીઓને દાખલ કરીને સારવાર આપવામાં આવી હોવાની સરાહનીય કામગીરીના આંકડા પ્રાપ્ત થયા છે, જો કે, માનસિક રોગના દર્દીઓ ચિંતાજનક રીતે વધી રહ્યા હોવાનું આ આંકડાઓ દર્શાવી રહ્યા છે, જે ચિંતાજનક બાબત પણ મનાઈ રહી છે.

જુનાગઢ જનરલ હોસ્પિટલ સુપ્રિટેન્ડેન્ટ ડો. કૃતાર્થ બ્રહ્મભટ્ટ એ આપેલી વિગતો મુજબ, હોસ્પિટલના સામાન્ય મનોરોગ વિભાગ દ્વારા એક વર્ષમાં ૯,૮૧૮ કુલ ૧૮,૩૩૦ દર્દીઓની ઓપીડી




તપાસ અને સારવાર કરવામાં આવી હતી તથા ગંભીર માનસિક તકલીફ ધરાવતા કુલ ૨૮૬ દર્દીઓને દાખલ કરીને સારવાર આપી સંપૂર્ણ સ્વસ્થ કરાયા હતા, આમ યોગ્ય સમયે તબીબી સારવાર અને કાઉન્સેલીંગ મેળવવાથી ગંભીર માનસિક પરિસ્થિતિમાંથી પણ દર્દીઓ સંપૂર્ણ સાજા થઈ શકે છે તેના જીવંત ઉદાહરણો જી.એમ.ઈ.આર.એસ. જનરલ હોસ્પિટલ દ્વારા જોવા મળ્યા છે.

જી.એમ.ઈ.આર.એસ. જનરલ હોસ્પિટલ, જુનાગઢના સામાન્ય મનોરોગ વિભાગના વડા ડો. તન્વી કાચા ના માર્ગદર્શન હેઠળ દર્દીઓને ખૂબ સારી સારવાર સેવા આપવામા આવી રહી છે. જેમાં સીનિયર ડોક્ટર્સ ડો. હિમા પોપટ અને ડો. નિધિષ કક્કડ તેમજ તબીબી ટીમ ડો. જયદેવ કમ્બાલિયા, ડો. જેમી, અને ડો. હેતલ સક્રિય સેવાઓ આપી રહ્યા છે. ત્યારે માનસિક રોગ કે તણાવ અનુભવતા કોઈપણ વ્યક્તિએ સંકોચ રાખ્યા વિના જી.એમ.ઈ.આર.એસ. જનરલ હોસ્પિટલ, જુનાગઢના મનોરોગ વિભાગનો સંપર્ક કરવા હોસ્પિટલ સુપ્રિટેન્ડેન્ટ ડો. કૃતાર્થ બ્રહ્મભટ્ટ દ્વારા અપીલ કરવામાં આવે છે.

આ ઉપરાંત આઉટરીચ કેમ્પ અને જનજાગૃતિ અંતર્ગત ૩૮ ઓપીડી કેમ્પ યોજી ૬૭૯ દર્દીઓને સારવાર પૂરી પાડવામાં આવી છે, ૪૭ અવેરનેસ કેમ્પ દ્વારા ૬,૭૭૮ નાગરિકો સુધી માનસિક સ્વાસ્થ્યનો સંદેશ પહોંચાડવામાં આવ્યો છે.

# જૂનાગઢઃ થેલેસેમિયા પીડિત બાળકોને બોનમેરો ટ્રાન્સપ્લાન્ટથી મળશે સામાન્ય જીવન

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢમાં થેલેસેમિયા પીડિત બાળકોને કાયમી મુક્તિ અપાવવા માટે જી.એમ.ઈ.આર.એસ. જનરલ હોસ્પિટલ અને સંકલ્પ ઈન્ડિયા ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે ‘બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ અવેરનેસ કેમ્પ’ યોજાયો હતો. આ કેમ્પમાં ગત જુલાઈ માસમાં કરવામાં આવેલા ટેસ્ટના રિપોર્ટનું પરિવારોને વિતરણ કરવામાં આવ્યું હતું.

આ તકે, હોસ્પિટલના મેડિકલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો. કૃતાર્થ બ્રહ્મભટ્ટ એ પરિવારોને સરકારી આર્થિક-તબીબી સહાય યોજનાઓની માહિતી આપતા જણાવ્યું હતું કે, સરકાર દ્વારા થેલેસેમીયા ગ્રસ્ત બાળકો માટે બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ ઓપરેશન સંપૂર્ણ રીતે નિઃશુલ્ક કરી આપવામાં આવે છે. આ સાથે આ અભિયાન અંતર્ગત કુલ ૧૯ પરિવારોના કરવામાં આવેલ ટેસ્ટના હૃદયસ્પર્શી પરિણામોની વિગતો



## રિપોર્ટ ટેસ્ટનું પરિવારોને વિતરણ: જૂનાગઢ સિવિલ હોસ્પિટલનું થેલેસેમીયા મુક્ત ભવિષ્ય તરફ મક્કમ કદમ

આપતા જણાવ્યું હતું કે, સૌથી ખુશીની વાત એ છે કે, ૬ માસૂમ બાળકોના ઈંક્અ રિપોર્ટ ૧૦૦% મેચ થયા છે, જે તેમના નિરોગી આયુષ્ય માટે આશાનું નવું કિરણ લઈને આવ્યું છે. અને આ સંવેદનશીલ પ્રયાસ જૂનાગઢમાં થેલેસેમિયા સામેની જંગમાં એક સંજીવની સમાન પગલું સાબિત થશે.

આ કેમ્પમા અમદાવાદના જાણીતા પીડિયાટ્રિક હેમેટોલોજિસ્ટ ડો. વૈભવ શાહે પરિવારોને બોનમેરો ટ્રાન્સપ્લાન્ટની આધુનિક પ્રક્રિયા સમજાવી હતી અને નિયમિત બ્લડ ટ્રાન્સફ્યુઝન તેમજ આયર્ન ચિલેશન થેરાપીનું મહત્વ સમજાવ્યું હતું. હોસ્પિટલના મેડિકલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો. કૃતાર્થ બ્રહ્મભટ્ટ અને આસિસ્ટન્ટ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો. ભાવિન પઢારિયાએ પરિવારોને સરકારી આર્થિક-તબીબી સહાય યોજનાઓની માહિતી આપી, વધુમાં વધુ રક્તદાન કરવા અને જાગૃતિ લાવવા અપીલ કરી હતી.

# ધ્રાંગધ્રા સરકારી હોસ્પિટલમાં ગાયનેકોલોજીસ્ટની ઘટથી ખેત મજુરી કરતા પરિવારોને ભારે હાલાકી

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રાઃ** સુરેન્દ્રનગર જિલ્લાના ધાંગધ્રા સરકારી હોસ્પિટલમાં છેલ્લા એક મહિનાથી ગાયનેક ડોક્ટર ન હોવાના કારણે સરકારી હોસ્પિટલે પ્રસુતી પેશન્ટને આવીને ધક્કા ખાઈને ખાનગી હોસ્પિટલમાં સારવાર લેવી પડે છે ત્યારે ધ્રાંગધ્રા શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારના ખેત મજૂરી કરતા પરિવારોને હાલાકી ભોગવી પડે છે ત્યારે મજબૂર બનીને ખાનગી હોસ્પિટલમાં પ્રસુતી ની સારવાર લેવી પડે છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા કરોડો રૂપિયાની પ્રસુતિ બેહનો માટે ગ્રાન્ડ ચૂકવવામાં આવે છે તેમ છતાં ડોક્ટર નો હોવાના કારણે ગરીબ પરિવારના લોકો સરકારી હોસ્પિટલમાં લાભ લેવાથી વંચિત રહે છે અને મજબૂર બનીને ખાનગી હોસ્પિટલોમાં સારવાર લેવી પડે છે ત્યારે ખેત મજૂરી કરતા પરિવારો પોતાનું ઘરનું ગુજારણ પણ પૂરું નથી કરી શકતા અને ખાનગી હોસ્પિટલોમાં પ્રસુતી કેસમાં સારવાર માટે હજારો રૂપિયા ખર્ચવા પડે છે ત્યારે સામાજિક કાર્યકરો દ્વારા અનેક વખત મામલતદાર, ડેપોટી કલેક્ટર સહિત ને આવેદનપત્ર આપી ચૂક્યા છે.



# મેટોડા જીઆઈડીસી એસોસિએશનના પ્રમુખ નરેન્દ્રસિંહ જાડેજાની ટર્મ પૂર્ણ: નવા પ્રમુખની નિમણૂંક અધ્ધરતાલ

## નરેન્દ્રસિંહ જાડેજા પ્રમુખપદની મુદ્દત પૂર્ણ થતાં ફરી પ્રમુખ પદ માટે બતાવી અસહમતી

**અબતક, બી.એમ.ગોસાઈ મેટોડા**

નરેન્દ્રસિંહ જાડેજા ફરી પાછા મેટોડા જીઆઈડીસી એશોશિયેશનના પ્રમુખ બને તેવી મેટોડા જીઆઈડીસીના ઉધૌગીકારો આજુબાજુના ઉધૌગીક વિસ્તારના એશોશિયેશન તેમજ સામાજિક સંસ્થાઓ નરેન્દ્રસિંહ જાડેજા ફરી પાછા મેટોડા જીઆઈડીસી એશોશિયેશનના પ્રમુખ બને તેવી ઈચ્છા વ્યક્ત કરેલ છે તેમજ મેટોડા જીઆઈડીસી એશોશિયેશનના પ્રમુખની તેમની ટર્મમાં ઉધૌગીક વિસ્તારના અનેક પ્રશ્નોના ઉકેલ આવેલ હોય તેમજ સર્વે સમાજ દ્વારા પણ નરેન્દ્રસિંહ જાડેજા સ્વિકૃત હોય તેમજ લોધીકા તાલુકામાં રોજગારી મેળવતા શ્રમિકો પણ તેમના પ્રમુખ પદના કાર્યકાળ દરમિયાન ખુશ હોય ફરી પાછા મેટોડો જીઆઈડીસી એશોશિયેશનના પ્રમુખ તરીકે નરેન્દ્રસિંહ જાડેજા સત્તારૂઢ



થાય તેવી નજીક નજીકના તમામ ઉધૌગીક એશોશિયેશન તેમજ સામાજિક સંસ્થાઓ ઈચ્છી રહેલ છે.

નવા પ્રમુખની નિયુકિત અધ્ધરતાલ જેવી છે. જેના કારણે ઉધોગ જગતને લગતા પ્રશ્નોના ઉકેલ સામે પણ બ્રેક લાગી ગઈ છે.

# વંથલી પાલિકામાં અસંતોષ: રેતી ચોરી મુદ્દે ભાજપના જ મહિલા સભ્યની રજૂઆત

## ઓઝત નદીમાંથી બેફામ રેતીચોરીના આક્ષેપની શનાબેન સોખડા દ્વારા અનેકવાર રજુઆત છતા સંતોષકારક જવાબ ન મળ્યો: ના.કલેક્ટરે તપાસ કરી કાર્યવાહીની ખાતરી આપી

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

ભાજપ શાસિત વંથલી નગરપાલિકામાં આંતરિક અસંતોષ સામે આવ્યો છે. વોર્ડ નં.૫નાં ભાજપનાં મહિલા સદસ્ય સનાબેન સોખડાએ ઓઝત નદીમાંથી બેફામ થતી રેતી ચોરીના મુદ્દે એસ.ડી.એમ. સમક્ષ રજૂઆત કરતાં રાજકીય વર્તુળોમાં ચર્ચા જાગી છે.

વંથલી પાલિકાના સદસ્ય સનાબેન સોખડાના જણાવ્યા અનુસાર, રેતી ચોરીના મુદ્દે નગરપાલિકા પ્રમુખ રાકેશ ત્રાંબડિયાને અનેક વખત રજૂઆત કરવામાં આવી હતી. જો કે, તેમના કહેવા મુજબ, પ્રમુખ તરફથી સંતોષકારક જવાબ ન મળતાં આખરે નાયબ કલેકટર સમક્ષ રજૂઆત કરવાની ફરજ પડી હતી.

વધુમાં લેખિત રજૂઆતમાં જણાવ્યું હતું કે, ગત તારીખ ૧૨ ઓગસ્ટના રોજ પાલિકા પ્રમુખ રાકેશ ત્રાંબડીયાની સૂચનાથી એક ફરતો ઠરાવ કર્યો હતો.જેનો વિષય હતો. વંથલી નગરપાલિકા વિસ્તારમાંથી રેતી તથા માટી ઉપાડવાની પરમિટ અથવા મંજૂરી ન આપવા તથા ગેરકાયદેસર રીતે થતી ખનન ચોરી અટકાવવા અંગે જે ઠરાવમાં પ્રમુખ સહિત ૧૯ સદસ્યોએ સહી કરી આપેલ હતી. પરંતુ બે માસ જેટલો સમય થયો હોવા છતાં અને લીઝોની પરમિટ પૂર્ણ થઈ ગયેલ હોવા છતાં આજે પણ ઓઝત નદીમાંથી દિવસ રાત બેફામ રીતે હોડકાઓ અને હિટાચી મારફતે રેતી ચોરી કરી રહ્યા છે. આ બાબતે પ્રમુખ રાકેશ ત્રાંબડીયાને અનેક વખત રજૂઆત કરવામાં આવી પરંતુ સંતોષકારક જવાબ ન આપી નગરજનોના હિતાર્થે કરેલ ઠરાવનો મુદ્દો ટાળવાનો પ્રયાસ કર્યાનો આક્ષેપ કરાયો છે. તેમણે જણાવ્યું કે, શહેરીજનોને પીવાનું શુદ્ધ પાણી મળી રહે તેવા હેતુથી તેમણે ઠરાવમાં સહી કરી હતી.

ભાજપના જ મહિલા સદસ્ય દ્વારા પોતાના જ નગરપાલિકા પ્રમુખ સામે નારાજગી વ્યક્ત કરી રજૂઆત કરવામાં આવતાં હવે રેતી ચોરીના મુદ્દે તંત્રની તપાસ અને સંભવિત કાર્યવાહી પર સૌની નજર રહેશે.

સમગ્ર મામલે નાયબ કલેક્ટર નિકુંજ ધૂળાનો સંપર્ક કરતાં તેમણે જણાવ્યું હતું કે, તંત્ર દ્વારા ગેરકાયદેસર રેતી વહન સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. તાજેતરમાં જ ખાણ-ખનીજ વિભાગ અને મામલતદારની ટીમ દ્વારા ગેરકાયદેસર રીતે રેતીનું વહન કરતા ટ્રકો સામે સંયુક્ત કાર્યવાહી કરવામાં આવી હતી. વધુમાં તેમણે જણાવ્યું કે, નગરપાલિકાના સદસ્યની રજૂઆત હાલ પ્રાપ્ત થઈ છે. આ મામલે યોગ્ય તપાસ કરવામાં આવશે અને જો કોઈ ગેરરીતિ જણાશે તો ચોક્કસપણે કાર્યવાહી હાથ ધરવામાં આવશે.




તંત્રી લેખ

# પાકિસ્તાનમાં આંતરિક વિગ્રહ ભારત માટે સાવધાનીઓનો સમય

"પહેલો સગો પાડોશી"ની કહેવત મુજબ ભારત માટે પાકિસ્તાન નજીકનો પાડોશી છે સાથે સાથે પૂર્વ વડાપ્રધાન વાજપાઈએ કહ્યું હતું કે કોઈપણ વ્યક્તિ માટે પાડોશી જેવો હોય તેવો સ્વીકાર્યા સિવાય છૂટકો નથી વ્યક્તિ બધું કરી શકે પરંતુ પોતાની મરજીના પાડોશી બદલી ન શકે ભારતની આજ સ્થિતિ છે વર્ષોથી પ્રોક્સી વોર ના હરીફ પાકિસ્તાન હંમેશા માથાનો દુખાવો રહ્યો છે.

પાકિસ્તાન હાલના સમયમાં ઈતિહાસની સૌથી ગંભીર રાજકીય અને આર્થિક કટોકટીમાંથી પસાર થઈ રહ્યું છે. સત્તાધારી પક્ષ, વિપક્ષ અને દેશની શક્તિશાળી સેના વચ્ચેનો સત્તાસંગ્રામ હવે ખુલ્લા આંતરિક વિગ્રહનું રૂપ ધારણ કરી ચૂક્યો છે. આર્થિક કંગાળિયત, મોંઘવારી અને આંતરરાષ્ટ્રીય દેવાના બોજ તળે દબાયેલું પાકિસ્તાન આંતરિક રીતે અસ્થિરતાના જવાળામુખી પર બેઠું છે. પડોશી દેશમાં સર્જાયેલી આ અરાજકતા ભારત માટે માત્ર એક રાજદ્વારી ઘટના નથી, પરંતુ અત્યંત ગંભીર સુરક્ષા પડકાર અને ચિંતાનો વિષય છે.

ઈતિહાસ સાક્ષી છે કે જ્યારે પણ પાકિસ્તાનમાં આંતરિક અશાંતિ કે રાજકીય કટોકટી ઘેરી બને છે, ત્યારે ત્યાંના શાસકો અને સેના પોતાના નાગરિકોનું ધ્યાન ભટકાવવા માટે ભારત વિરોધી કાર્ડ ખેલવાની નીતિ અપનાવે છે. આવી પરિસ્થિતિમાં સરહદ પારથી ઘૂસણખોરી, આતંકવાદી હુમલા કે સરહદીય ઉશ્કેરણીના પ્રયાસો વધવાની શક્યતા હંમેશાં રહે છે. વધુમાં, પાકિસ્તાનના અશાંત સરહદી વિસ્તારો અને બલુચિસ્તાન જેવા પ્રદેશોમાં વધતી અસ્થિરતાનો લાભ લઈને આતંકવાદી સંગઠનો ફરી સક્રિય થઈ શકે છે, જે સીધી રીતે ભારતની આંતરિક સુરક્ષા માટે જોખમ ઊભું કરે છે.આ સંજોગોમાં ભારતે પોતાની સરહદો પર અત્યંત સાવધ અને સજાગ રહેવાની જરૂર છે. લાઈન ઓફ કન્ટ્રોલ અને આંતરરાષ્ટ્રીય સરહદ પર જવાનોની સતર્કતા, ટેકનોલોજી આધારિત સર્વેલન્સ, ડ્રોન વિરોધી પ્રણાલી અને ઈન્ટેલિજન્સ નેટવર્કને વધુ મજબૂત બનાવવું અનિવાર્ય છે. પંજાબ અને જમ્મુ-કાશ્મીરની સીમાઓ પરથી થતા આતંકવાદી અને નશીલા દ્રવ્યોના ઘૂસણખોરીના પ્રયાસો સામે શૂન્ય સહનશીલતા અપનાવવી પડશે.

પાકિસ્તાનનું રાજકીય ભવિષ્ય ભલે અંધકારમય હોય, પરંતુ એક અસ્થિર અને આતંકવાદથી ઘેરાયેલો પડોશી દેશ ભારત માટે ક્યારેય સુરક્ષિત હોઈ શકે નહીં. ભારતે રાજદ્વારી સ્તરે વૈશ્વિક સમુદાય સમક્ષ પાકિસ્તાનની વાસ્તવિક સ્થિતિ રજૂ કરવાની સાથે સાથે પોતાની સરહદીય સુરક્ષા અને લશ્કરી સજ્જતામાં સહેજ પણ કચાસ રાખવી ન જોઈએ. શાંતિની ઈચ્છા ત્યારે જ સાર્થક થાય છે જ્યારે દેશ સુરક્ષાની દ્રષ્ટિએ પૂર્ણપણે સજ્જ હોય.

વિદ્યાગુરૂ ફાઉ. સંચાલિત લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર બન્યુ સેવાનું ઉત્તમ દ્વાર

# સાવરકુંડલા : 'અતિઆધુનિક સારવાર સાથે કેશલેસ' વિશ્વાસ હોસ્પિટલનું મોરારીબાપુના હસ્તે કરાશે લોકાર્પણ

**અબતક, રેહાન ધાનાણી, સાવરકુંડલા**

વિદ્યાગુરૂ ફાઉન્ડેશન સંચાલિત લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર ખાતે મહાનગરોની હોસ્પિટલોને પણ ટક્કર આપે તેવું ૭૫,૦૦૦ સ્કવેર ફીટનું અદ્યતન અને વિશાળ 'વિશ્વાસ બિલ્ડિંગ' તૈયાર થઈ ચૂક્યું છે. માત્ર બે વર્ષના ટૂંકા ગાળામાં નિર્માણ પામેલા આ સુપર મલ્ટી સ્પેશિયાલિસ્ટ સંકુલનું ભવ્ય લોકાર્પણ પૂ.મોરારીબાપુના પાવન હસ્તે આગામી ૮મી જાન્યુઆરીના રોજ થશે.આ અદ્યતન હોસ્પિટલના પ્રારંભથી સાવરકુંડલા અને આસપાસના ગ્રામીણ વિસ્તારોના નાગરિકો માટે ઉત્તમ સ્વાસ્થ્ય સેવાનું દ્વાર ખુલશે.



આ નવી હોસ્પિટલમાં હૃદય રોગ (કાર્ડિયોલોજી), મગજ અને ચેતાતંત્ર (ન્યુરોલોજી) તેમજ બાળરોગ જેવા અતિ મહત્વના અને જટિલ વિભાગો કાર્યરત થશે.

અત્યાધુનિક ટેકનોલોજીઃ દર્દીઓની સચોટ અને ઝડપી તપાસ માટે હોસ્પિટલમાં એમ.આર.આઈ. અને સી.ટી. સ્કેન જેવી અત્યાધુનિક સુવિધાઓ ઉપલબ્ધ બનાવવામાં આવી છે.

શૈક્ષણિક અને સભા સંકુલઃસ્ટાફ અને વિદ્યાર્થીઓના માર્ગદર્શન તેમજ શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે પરિસરમાં જ એક આધુનિક 'ઘેલાણી સભાગૃહ' અને નર્સિંગ કોલેજનું નિર્માણ કરવામાં આવ્યું છે.

# વેરાવળ સરકારી કોલેજમાં વિદ્યાર્થીઓએ નાટકથી માનસિક સ્વાસ્થ્યના પડકારો બતાવ્યા

## વ્યસન, તણાવ જેવા વિષયો પર જાગૃત્તતા ફેલાવીઃ ડોક્ટરોએ સુખાકારીનું માર્ગદર્શન આપ્યું

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

'આધુનિક જીવનશૈલીમાં શારીરિક સ્વાસ્થ્ય સાથે માનસિક સ્વાસ્થ્ય પણ અગત્યનું છે'ના સંદેશા સાથે વેરાવળની સરકારી વિજ્ઞાન કોલેજમાં 'વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.

આચાર્ય સ્મિતાબહેન છગના માર્ગદર્શનમાં યોજાયેલા આ વિશેષ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ વાસ્તવિક જીવનની ઘટનાઓ પર આધારિત વિષયો જેવા કે વ્યસન, ઝડપથી ગુસ્સે થઈ જવું, પરીક્ષા વખતે ભૂલાઈ જવું, ચિંતા કરવી વગેરે પર



રોલ-પ્લે રજૂ કર્યા હતાં.

આ રજૂઆતો દ્વારા યુવાનોમાં જોવા મળતા માનસિક સ્વાસ્થ્ય સંબંધિત પડકારો, સ્ટ્રેસ મેનેજમેન્ટ, પરસ્પર સહાનુભૂતિ, સમજણ અને સમયસર યોગ્ય માર્ગદર્શન મેળવવાના મહત્ત્વ અંગે અસરકારક સંદેશા આપવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં વેરાવળ સિવિલ હોસ્પિટલનાં ડો.ખુશ્બુ હડિયા, નમ્રતા મહેતા સહિતના ડોક્ટર્સ ઉપસ્થિત રહ્યા હતા. ડોક્ટર્સે માનસિક સ્વાસ્થ્યની જાળવણી, માનસિક સુખાકારી અને માનસિક સ્વાસ્થ્ય અંગે સમાજમાં પ્રવર્તતા પૂર્વગ્રહો દૂર કરવા વિશે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

વધુમાં તેમણે વિદ્યાર્થીઓને માનસિક સમસ્યાઓ અંગે ખુલ્લા મનથી વાતચીત કરવા, જરૂરિયાતના સમયે યોગ્ય સહાય મેળવવા તથા પોતાના અને અન્યના માનસિક સ્વાસ્થ્ય પ્રત્યે સંવેદનશીલ રહેવા પ્રેરિત કર્યા હતા.

## જૂનાગઢઃ ભવનાથ-વન વિસ્તારમાં સફાઈ ઝુંબેશ, સવા ટન કચરો એકઠો કરાયો



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

રાજ્ય સરકારના "સેવા સંકલ્પ અભિયાન" અને "સ્વચ્છતા હી સેવા" કાર્યક્રમ અંતર્ગત જૂનાગઢના ભવનાથ તથા ફોરેસ્ટ વિસ્તારમાં સઘન સફાઈ ઝુંબેશ યોજાઈ હતી. જે દરમિયાન ભવનાથ પરિસર અને વન વિસ્તાર સફાઈ ઝુંબેશમાં સવા ટન કચરો એકઠો કરી, નાશ કરાયો હતો. મ્યુનિસિપલ કમિશનર આઈ.આર.વાળાના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ મહાનગરપાલિકા, ફોરેસ્ટ વિભાગ, ક્લિન અપ જૂનાગઢ, હિલદારી ગ્રુપ અને નોબલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ સંયુક્ત રીતે આ કામગીરી હાથ ધરી હતી. જે દરમિયાન જંગલ વિસ્તારમાંથી આશરે ૧૨૦૦ કિલો કચરો એકત્રિત કરી તેનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો. આ સાથે ભવનાથના સ્થાનિકો, વેપારીઓ અને પ્રવાસીઓને પર્યાવરણની જાળવણી માટે ફોરેસ્ટ કે ભવનાથ વિસ્તારમાં કચરો ન ફેંકવા અને માત્ર ડસ્ટબિનના ઉપયોગ કરવા તથા ડોર-ટુ-ડોર વાહનમાં જ કચરો આપવા અપીલ સાથે જાગૃતિ લાવવામાં આવી હતી.

## ગુજરાત ફર્સ્ટ ન્યુઝના એસોસીએટ એડિટર ધર્મેશભાઈ વૈદ્યનો જન્મદિન



છેલ્લા ૩૯ વર્ષ થી મીડીયા સાથે સંકળાયેલા અને હાલ ગુજરાત ફર્સ્ટ ન્યુઝ સાથે સંકળાયેલ ધર્મેશભાઈ વૈદ્ય નો આજે ૬૧ મો જન્મદિવસ, ધર્મેશભાઈ વૈદ્ય નો જન્મ પ્રભાસ પાટણ (સોમનાથ) ખાતે તા.૧૩.૧૦.૧૯૬૪ના રોજ થયેલ અભ્યાસ બાદ પત્રકારત્વની લાઈન પકડી ૩૦ વર્ષથી અનેક ન્યુઝ અખબાર અને ચેનલમાં કામગીરી કરી રહ્યો છે. તેઓને મીડીયામિત્રો તથા મિત્ર મંડળ તરફથી જન્મદિવસ ખૂબ ખૂબ શુભેચ્છાઓ મળી રહી છે તેમનો મોબાઈલ નં. ૯૮૨૫૬૬૯૨૯૮ છે.

# ગોંડલ માર્કેટ યાર્ડ રિનોવેશન વિવાદઃ કોંગ્રેસના આક્ષેપો સામે ચેરમેને આપી ડીબેટની ચેલેન્જ

**અબતક,જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**

ગોંડલ માં રાજકીય આક્ષેપ પ્રતિ આક્ષેપ નુ રાજકારણ ફરી એકવાર ગરમાયું છે. નવા માર્કેટયાર્ડ માં દુકાનો નાં રિનોવેશન મુદ્દે ધમસાણ મચ્યુ છે.

કોંગ્રેસ પ્રમુખ હર્ષદસિંહ ઝાલાએ યાર્ડ ની દુકાનો માં વેપારીઓ પર રુ.એંસી હજાર નું કહી સતાધીશો દ્વારા રુ.બે લાખ ત્રણ હજાર નો બોજ ઝિંકાયા નું કહી દુકાનો માં ઓટા,પતરા,વાયરીંગ,કલરકામ,બોર્ડ વગેરે નો ખર્ચ એંસી હજાર જણાવી બોર્ડ મીટીંગ માં રુ.બે લાખ ત્રણ હજાર નો ખર્ચ દર્શાવાયા નો આક્ષેપ કરી ખર્ચ નું ગણતરી પત્રક રજુ કર્યુ હતુ.બીજી બાજુ કોંગ્રેસ પ્રમુખ નાં આક્ષેપો ને ફગાવી યાર્ડ નાં ચેરમેન અલ્પેશ ઢોલરીયાએ કહ્યુ હતુ કે રિનોવેશન માં આટલો મોટો ખર્ચ થતો જ નથી.કોંગ્રેસ દ્વારા રજુ કરાયેલુ ખર્ચ નું ગણતરી પત્રક પણ જુઠ્ઠુ છે.

યાર્ડનાં ચેરમેનનાં જવાબ બાદ હવે કોંગ્રેસ દ્વારા યાર્ડનાં ચેરમેન ને ચેલેન્જ અપાઈ છે.કોંગ્રેસ પ્રમુખ હર્ષદસિંહ ઝાલાએ યાર્ડ નાં ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયાને ચેલેન્જ આપતા કહ્યુ કે દુકાનો નાં રિનોવેશન મુદ્દે યાર્ડ ની ઓફિસ માં તમામ ડિરેક્ટરો તથા મીડિયાની હાજરી વચ્ચે આપણે ડીબેટ ચર્ચા કરીએ,જો હું ખોટો સાબિત થાઉ તો અલ્પેશભાઈ મારી સામે માનહાની સહીત નાં કાયદાકીય પગલા લઇ શકે છે.જે હું સહર્ષ સ્વિકારીશ.અન્યથા અલ્પેશભાઈ ખોટા સાબિત થાય તો તેમણે ભુલ સ્વિકારી જાહેર માં માફી માંગવી પડશે.

હર્ષદસિંહ ઝાલાએ આ ચેલેન્જ નો વિડીયો સોશિયલ મીડીયા માં વાયરલ કરતા ગરમાવો વ્યાપી જવા પામ્યો છે.

# ખડીયા ગામના તલાટી કમ મંત્રી સાથે ઝપાઝપી

## વિકાસ કામ બાબતે મંત્રી સાથે બોલાચાલી કરી મારી નાખવાની ધમકી આપી, જ્ઞાતિ પ્રત્યે હડધુત કર્યાની ફરિયાદ

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ તાલુકાના ખડીયા ગામના તલાટી કમ મંત્રીને ગામના વ્યક્તિએ ફરજમાં રુકાવટ કરી, ઝપાઝપી કરી, ટાંટીયા ભાંગી નાખવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપી, જાહેરમા જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી, સરકારી મિલ્કતનો દુર્વિનીયોગ કર્યાની પોલીસમાં ફરિયાદ થતા ખડીયા ગામમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

જુનાગઢ જીલ્લાના જુનાગઢ તાલુકાના ખડીયા ગામના તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવતા અશોકભાઈ પરબતભાઈ પરમારને આ કાળાભાઈ હાજાભાઈ ભાદરકા (રહે.ખડીયા ગામ) એ કાયદેસરની ફરજ બજાવતા રોકી, ગામના મંજુર થયેલ વિકાસના કામ બાબતે ફરીયાદી સાથે બોલાચાલી, ઝપાઝપી કરી, ગાળો આપી, ફરીયાદીને ટાંટીયા ભાંગી નાખવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપી, જાહેરમા જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી તેમજ ગ્રામ પંચાયતના પટ્ટાવાળા સાહેદ ભરતભાઈ ઓધવજીભાઈ જોટંગીયાને પણ જેમફાવે તેમ ગાળો આપી, ગ્રામ પંચાયતના ગટરના કામમા વાપરવાનો પી.વી.સી. પાઈપનો આશરે બે ફુટ જેટલો કટકો કાપી, નુકશાની કરી લઈ જઈ તથા બે પેવર બ્લોક લઈ જઈ સરકારી મિલ્કતનો દુર્વિનીયોગ કરી ગુન્હો કર્યા અંગેની ફરિયાદી અશોકભાઈ પરમાર એ જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરતા પોલીસે આરોપી કાળાભાઈ ભાદરકા સામે ગુન્હો દાખલ કરી,વધુ તપાસ હાથ ધરી છે.

# સોરઠમાં ૬૦૦ સ્થળોએ રાસ-ગરબાની રમઝટઃ મંદીરોમાં અનુષ્ઠાન અને માતાજીની આરાધના

## જૂનાગઢ જિલ્લામાં ૪૪૮ શેરી ગરબા, ૮૮ જાહેર ગરબીઓ અને ૩૮ ખાનગી ગરબા મહોત્સવમાં સમગ્ર સોરઠ પંથક માઁ ભગવતીની આરાધના-ભકિતમાં રંગે રંગાયું

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢ મહાનગર સહિત સમગ્ર સોરઠ પંથકમાં માઈભક્તો દ્વારા જગતજનની મા જગદંબાની આરાધનાનો મહાઉત્સવ એટલે આસો નોરતાની અત્યંત ભકિતભાવ અને ઉત્સાહપૂર્વક ઉજવણી થઈ રહી છે. માતાજીના મંદિરો, મઢોમાં શ્રદ્ધાળુઓનું ઘોડાપૂર ઉમટી રહ્યા છે, બીજી બાજુ માતાજીના ભક્તો દ્વારા માતાજીની આરાધના, અનુષ્ઠાન, દિવ્ય મહાઆરતી થઈ રહ્યા છે. શક્તિધામો 'જય માતાજી'ના નાદથી ગુંજી ઊઠ્યા છે, આ સાથે શેરી, પાર્ટી પ્લોટ, સામાજિક જ્ઞાતિની વાડીઓના આયોજનોમાં અર્વાચીન રાસ-ગરબાની ધૂમ જમાવટ થઈ રહી છે. સમગ્ર જિલ્લામાં માતાજીના ૬૦૦ થી વધુ સ્થળો એ રાસ-





ગરબા રમાઈ રહ્યા છે. નવ દિવસ સુધી ચાલનારા શક્તિના પાવન પૂજનના પર્વ નવરાત્રીના પ્રથમ નોરતાથી જ જૂનાગઢના તમામ નાના-મોટા શકિતયામો રંગબેરંગી રોશની અને ભાતભાતના શણગાર સાથે અલૌકિક બનાવવામાં આવ્યા છે, અને માઈ ભક્તોના 'જય માતાજી' ના ગગનભેદી નાદથી મંદિરો ગુંજી ઊઠયા છે. અને સમગ્ર સોરઠમાં ભક્તિમય અને મનમોહક વાતાવરણ સર્જયું છે.

નવરાત્રિમાં માતાજીની પૂજન, અર્ચનાની સાથે, માતાજીના ગરબા ગાવા અને બાળાઓ દ્વારા રમાતી ગરબીઓનું વિશેષ મહત્વ છે ત્યારે જૂનાગઢ જિલ્લામાં આ વર્ષે નવરાત્રી ઉત્સવને લઈને ખેલૈયાઓ અને પ્રાચીન ગરબી મંડળો તથા અર્વાચીન રાસોત્સવના આયોજકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. તંત્રના દફતરે ગઈકાલ સુધીની મળેલ માહીતી મુજબ સમગ્ર જૂનાગઢ જિલ્લામાં ૪૪૮ શેરી ગરબા, ૮૮ જાહેર ગરબીઓ અને ૩૮ ખાનગી ગરબા મહોત્સવો મળી કુલ ૬૦૦ સ્થળોએ રાસ-ગરબાના આયોજનની નોંધણી કરવામાં આવી છે. જેને લઈને પાર્ટી પ્લોટ, સામાજિક જ્ઞાતિની વાડીઓ અને ખાનગી આયોજનોમાં યુવક - યુવતીઓ અર્વાચીન રાસ-ગરબાની ધૂમ મચાવી રહ્યા છે. જ્યારે શેરી-મહોલ્લાઓમાં નાની-નાની બાળાઓ દ્વારા પ્રાચીન પદ્ધતિથી ભાવથી ગરબીઓ રમવામાં આવી રહી છે, આમ સમગ્ર સોરઠ પંથક હાલ મા ભગવતીની આરાધના અને ભક્તિના રંગે રંગાઈ ગયું છે.

# જૂનાગઢઃ ગિરનારી ગ્રુપ દ્વારા ગરબીની બાળાઓનું પુજન

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢની સેવાભાવી સંસ્થા ગિરનારી ગ્રુપ દ્વારા નવરાત્રીના પ્રથમ નોરતે ૧૭૦૦ જેટલી શક્તિ સ્વરૂપા બાળાઓનું પૂજન કરી નવરાત્રી મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે માતાજીની સ્તુતિ, બાળાઓનું પૂજન-અર્ચન અને મહાપ્રસાદ સહિતના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.



ગિરનારી ગ્રુપના સમીર દત્તાણી તથા સંજય બુહેચાની સંયુક્ત અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર, આ ધાર્મિક પ્રસંગે ખાખી મઢીના સુખરામદાસ બાપુ, ખડીયા મહાકાળી ધામના મહાદેવભારતી બાપુ, જવાહર રોડ સ્વામિનારાયણ મંદિરના ડી. કે. કોઠારી સ્વામી, જલારામ ભક્તિધામના ટ્રસ્ટી પ્રો. પી. બી. ઉનડકટ, પ્રવીણભાઈ પોપટ, જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડિયા, ગિરનારી ગ્રુપના ટ્રસ્ટી જગદીશભાઈ દત્તાણી, દિનેશભાઈ રામાણી, વિપુલભાઈ બુદ્ધદેવ સહિતના અગ્રણીઓ અને ધર્મપ્રેમી નાગરિકોની ઉપસ્થિતીમાં જગતજનની માં જગદંબાના સ્વરૂપ સમાન ૧૭૦૦ બાળાઓનું ભાવપૂર્વક પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું. બાળાઓને ભોજનપ્રસાદ કરાવી ભેટસોગાદ અર્પણ કરવામાં આવી હતી.

# ગોંડલની ઉડાન પ્રી-સ્કૂલમાં 'લાઈવ ગરબા' અને 'નવદુર્ગા' પ્રસ્તુતિ

## આગામી પેઢીને સાંસ્કૃતિક વારસો સોંપવા પારંપરિક લોકસંગીત દ્વારા ભક્તિમય માહોલ છવાયો

**અબતક, હરેશ ગણોદિયા, ગોંડલ**

ગોંડલ શહેરની ઉડાન પ્રી-સ્કૂલ દ્વારા નવરાત્રિના પવિત્ર પર્વ નિમિત્તે એક ખાસ અને અનોખા લાઈવ ગરબા કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આજકાલના મોર્ડન ડીજે ગરબા કલ્ચરથી અલગ, આ કાર્યક્રમ સંપૂર્ણપણે પારંપરિક સંસ્કૃતિ અને લોકસંગીતને સમર્પિત રહ્યો હતો.

આ આયોજનમાં સ્કૂલના સંગીત શિક્ષકે સ્વયં સંગીતના વિવિધ વાજિંત્રો પર ગરબાની મનોહર ધૂન બજાવીને વાતાવરણને ભક્તિમય બનાવી દીધું હતું. આ સાથે જ કાર્યક્રમમાં એક સુપ્રસિદ્ધ ગાયિકાને આમંત્રિત કરવામાં આવ્યા હતા, જેમણે મા



અંબાના ગરબા તથા ભક્તિમય ભજનો રજૂ કરી ઉપસ્થિત સૌને લીન કરી દીધા હતા.

આ સમગ્ર કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ પ્રી-સ્કૂલની નાની-નાની બાળાઓ રહી હતી, જેમણે 'નવદુર્ગા'ના સ્વરૂપો ધારણ કરી મનોહર પ્રસ્તુતિ આપી હતી.

આ લાઈવ ગરબા મહોત્સવને સફળ બનાવવા માટે ઉડાન પ્રી-સ્કૂલના ડિરેક્ટર ભાવિકભાઈ વેકરીયા, કેમ્પસ ડિરેક્ટર ઉર્વશી ગજેરા, નીલમ વેકરીયા, પ્રિન્સિપલ પ્રિયા બાલા તેમજ સંકુલના સમગ્ર શૈક્ષણિક ગણે ભારે જહેમત ઉઠાવી હતી.

# માણાવદરની દિવાનપરા ગરબીઃ અર્વાચીનતાના દોરમાં ૧૦૦ વર્ષથી અડીખમ

## માઁ જગદંબાની ભક્તિ, પ્રાચીન છંદ-સ્તૃતિ સાથે પ્રાચીન ગરબીમાં નાની બાળાઓ માતાજીના ગરબે ઘુમે છે

**અબતક, જિજ્ઞેશ પટેલ, માણાવદર**

આધ્યાશક્તિ માં અંબાની ભક્તિ અને શક્તિના મહાપર્વ નવરાત્રિનો ભવ્ય પ્રારંભ થઈ ચૂક્યો છે. આજના આધુનિક યુગમાં જ્યાં અર્વાચીન ગરબા, ઝાકમઝોળ અને દાંડિયા રાસનો દોર ચાલી રહ્યો છે, ત્યારે માણાવદરનું ઐતિહાસિક દિવાનપરા ગરબી મંડળ આપણી વિરાસત સમાન પ્રાચીન પરંપરાને અખંડ સાચવી રહ્યું છે. દિવાનપરા ગરબી મંડળ દ્વારા છેલ્લા ૧૦૦ વર્ષથી સતત અને સળંગ પરંપરાગત રીતે પ્રાચીન ગરબીનું ભવ્ય આયોજન કરવામાં આવી રહ્યું છે, જે સમગ્ર પંથકમાં આસ્થાનું કેન્દ્ર બન્યું છે. આ




આયોજનમાં અર્વાચીન ગરબા કે મનોરંજક દાંડિયા રાસના સ્થાને આદ્યશક્તિ માં જગદંબાની શુદ્ધ ભક્તિ, પ્રાચીન છંદ-સ્તુતિ અને અંતઃકરણપૂર્વકની આરાધના પર વિશેષ ભાર મૂકવામાં આવે છે.

## ગાંધી ચોકમાં પ્રાચીન શેરી ગરબીમાં ૧૩૦ બાળાઓએ રાસની રમઝટ બોલાવી



માણાવદર શહેરના હૃદય સમા વિસ્તાર એવા ગાંધી ચોક ખાતે સિંધી સમાજ દ્વારા ભક્તિભાવપૂર્વક ગરબીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. નવરાત્રી પર્વને લઈને સમગ્ર વિસ્તારમાં અત્યારથી જ ઉત્સાહ અને ભક્તિમય વાતાવરણ જોવા મળી રહ્યું છે. આ આયોજનની વિશેષતા એ છે કે તેમાં માત્ર એક સમાજ પૂરતો સીમિત ન રહેતાં, વિવિધ જ્ઞાતિઓની અંદાજે ૧૩૦ જેટલી નાની બાળાઓ ઉત્સાહભેર ભાગ લઈ રહી છે. સર્વ જ્ઞાતિની બાળાઓ એક મંચ પર સાથે મળીને માતાજીના ગરબે ઘૂમીને સામાજિક સમરસતા અને એકતાનો સુંદર સંદેશ આપી રહી છે.

# ગોંડલ યાર્ડના વેપારીના માતાના ક્રેડિટ કાર્ડમાંથી રૂ.૧.૯૯ લાખની ઉઠાંતરી

## ક્રેડિટ કાર્ડના હેલ્થ ઈન્સ્યોરન્સ પેટે દર મહિને ચાર હજાર કપાત થશે, બંધ કરવા એચડીએફસી બેંકની વેબસાઈટમાં લોગીન કરાવી બે કટકે નાણાં ખંખેર્યા: પોલીસે ગુનો નોંધી તપાસ આદરી

**અબતક, રાજકોટ**

ગોંડલ માર્કેટિંગ યાર્ડના વેપારીના માતાના ક્રેડિટકાર્ડમાંથી સાયબર માફિયાઓએ રૂ. ૧.૯૯ લાખ ઉપાડી લીધા હતા. સાયબર ચાંચીયાએ ફોન કરી એચડીએફસી બેંકના ક્રેડિટ કાર્ડ વિભાગના કર્મચારીની ઓળખ આપી ક્રેડિટ કાર્ડનું હેલ્થ ઈન્સ્યોરન્સ ચાલુ થઈ ગયેલ છે, દર મહિને ચાર હજારનો ચાર્જ લાગશે. જે ઈન્સ્યોરન્સ બંધ કરવા માટે એચડીએફસી બેંકની વેબસાઈટમાં લોગીન કરાવી નાણાં ખંખેરી લેવામાં આવ્યા હતા. સમગ્ર મામલે ગોંડલ બી પોલીસે ગુનો નોંધી તપાસ આદરી છે.

ગોંડલના ગુંદાળા રોડ પર ગણેશનગર-૨ શેરી નં.-૩ માં રહેતા ૨૨ વર્ષીય યુવાન મીતભાઈ ઓધવજીભાઈ બાલધાએ આરોપી તરીકે એચડીએફસી બેંકના ક્રેડિટ કાર્ડ ડિપાર્ટમેન્ટના કર્મચારીની ઓળખ આપનાર શખ્સનું નામ આપી જણાવ્યું હતુ કે, હું ગોંડલ નવા માર્કેટીંગ યાર્ડમાં બાલધા ટ્રેડર્સ નામે પેઢી ધરાવી વેપાર કરુ છું. ગઈ તા.૦૩/૦૨/૨૦૨૬ ના રોજ બપોરના આશરે સાડા અગીયાર વાગ્યે હું માર ઘરે હાજર હતો. ત્યારે મારા કાકી રેખાબેન દીલીપભાઈ બાલધાના મોબાઈલ નંબર પર એક અજાણ્યા નંબર પરથી ફોન આવેલ હતો. જે ફોન ઉપાડતા સામેવાળા શખ્સે હિન્દી ભાષામાં મારા કાકી રેખાબેનને જણાવેલ કે, હું એચડીએફસી બેંક પીકસલ પ્લે ક્રેડિટકાર્ડ ડિપાર્ટમેન્ટમાંથી બોલું છું તમે બેંકનુ જે ક્રેડીટ કાર્ડ વાપરો છો તેમા તમને કોઈ પ્રોબ્લમ હોય તો જણાવવા કહેલ હતું. જેથી મારા કાકી રેખાબેનને આ બાબતે વધુ કોઈ માહીતી ન હોય જેથી તેમણે મને વાત કરવા જણાવ્યુ હતું. જેથી મે વાત કરતા સામાવાળા શખ્સે જણાવેલ કે, ક્રેડીડ કાર્ડમાં હેલ્થ ઈન્સ્યોરન્સનું ઓટો પેમેન્ટ ચાલુ થઈ ગયેલ છે. જેથી મે તેને જણાવેલ કે ક્રેડીટ કાર્ડ મારી માતા રતનબેન ઓધવજીભાઈ બાલધાના નામે છે અને તેમા મોબાઈલ નંબર મારા કાકી રેખાબેન દીલીપભાઈ બાલધાનો રજીસ્ટર કરેલ છે. જેથી સામાવાળાએ કહેલ કે, તમારે ક્રેડિડ કાર્ડનું હેલ્થ ઈન્સ્યોરન્સ ચાલુ રાખવું હોય તો દર મહીને ચાર હજાર રૂપીયાનો ચાર્જ લાગશે. જેથી મે જણાવેલ કે, ક્રેડીટ કાર્ડ મારી માતા રતનબેનને લાઈફ ટાઈમ ફ્રી મળેલ છે જેમા અમારે કોઈ હેલ્થ ઈન્સ્યુરન્સની જરૂર નથી. જેથી સામાવાળાએ બેંકની વેબસાઈટ પર લોગીન કરી વેરીફીકેસન કરવા જણાવેલ હતું. બાદ મે સામાવાળાના જણાવ્યા અનુસાર મે ગુગલમાં જઈ એચડીએફસી બેંકની વેબસાઈટ ખોલી મારા કાકીનો નંબર નાખતા વેબસાઈટનું પેજ આપોઆપ લોડ થવા લાગેલ હતું. બાદ કાકી રેખાબેનના મોબાઈલમાં ઓટીપી આવેલ હતો. જે ઓટીપીમે ફોન કરનાર શખ્સ કે અન્ય કોઈને આપેલ ન હતો. થોડીવાર બાદ મારા કાકીના મોબાઈલ નંબર પર ટેક્સ્ટ મેસેજ આવવા લાગેલ હતા. જે મેસેજમાં મારા માતામાં ક્રેડિટ કાર્ડમાંથી રૂ. ૯૭,૮૫૦ નું ટ્રાન્ઝેક્શન થયાનું જણાવવામાં આવેલ હતું. જેથી હું ગભરાઈ ગયેલ હતો અને ઈન્ટરનેટ બંધ કરી દેવાથી ફ્રોડ નહિ થાય તેવું વિચારી નેટ બંધ કરી દીધેલ હતું. થોડીવારમા મોબાઈલમાં બીજો ઓટીપી આવેલ અને ત્યારબાદ વધુ રૂ.૧,૦૧ ,૯૭૦ નું ટ્રાન્ઝેક્શન થયાનો મેસેજ આવેલ હતો. જેથી મે તુરંત મોબાઈલમાં એચડીએડસી પે ઝેડએપ નામની એપમાં જઈ તમામ ટ્રાન્જેકસન તથા ક્રેડીટ કાર્ડ બ્લોક કરી દીધેલ હતું. બાદ મે એચડીએફસી બેંકમાં જઈ બનાવની જાણ કરી ક્રેડિટ કાર્ડ બ્લોક કરાવી નાખેલ હતું. બેંકમાંથી મણને જાણવા મળેલ કે, મારી માતાના ક્રેડિટ કાર્ડમાંથી કુલ રૂ. ૧,૯૯,૮૨૦ ઉપડી ગયેલ છે. જે બાબતે યુવાને સાયબર હેલ્પલાઈન નંબર પર અરજી કરી હતી. જે અરજીના આધારે ગોંડલ બી ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

## ગોંડલના ભગવતપરાના કરિયાણાના વેપારીનો મોબાઈલ હેક કરી એક લાખ ઉપાડી લેવાયા

### ગોંડલના ભગવતપરામાં રહેતા કરિયાણાના વેપારી પણ સાયબર ફ્રોડનો શિકાર બન્યા હતા વેપારીનો મોબાઈલ ફોન હેક કરી બેંક ખાતામાંથી રૂ.૧ લાખ ટ્રાન્સફર કરી લેવામાં આવેલ હતા

ગોંડલના ભગવતપરા શેરી નં.-૨૫/૧૬ માં રહેતા ૪૬ વર્ષીય કરિયાણા વેપારી દીપકભાઈ ટપુભાઈ સોંદરવાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતુ કે,હું ઘરેથી જ વીજય પ્રોવીજન નામની કરીયાણાની દુકાન ચલાવી વેપાર કરુ છુ. હું બેંક ઓફ બરોડામાં એકાઉન્ટ ધરાવું છું અને કરીયાણાની દુકાન લે-વેચ માટે આ એકાઉન્ટનું ગુગલ પે વાપરુ છુ. ગઈ તા. ૧૦/૧૦/૨૦૨૬ ના રોજ મારો દીકરો અમદાવાદ અભ્યાસ કરતો હોય જેથી સાંજના આઠ વાગ્યે તેને ગુગલ પે કરવા માટે રૂ. ૩ હજાર નાખતા રૂપીયા ગયેલ નહી. જેથી મે મારું એકાઉન્ટ ખોલી બેલેન્સ જોતા માત્ર ૧ હજાર રૂપીયાનું બેલેન્સ હતુ. જેથી મે ગુગલ પે ખોલી સ્ટેટમેન્ટ જોતા રૂ. ૯૯ હજાર એક અજાણ્યા યુપીઆઈ નંબરમાં ટ્રાન્સફર થયાનુ જોવા મળેલ હતું તથા રૂ. ૧ હજાર એમેજોન પેય ગીફટ કાર્ડમાં ટ્રાન્જેકશન થયેલ હતું. જેથી મને યાદ આવેલ કે સવારના પોણા બાર વાગ્યે મારા મોબાઈલ ફોનની ડીસ્પલે અચાનક બંધ થઈ ગયેલ હતી. જે બાદ પાંચ મિનિટ પછી મોબાઈલ ફરી ચાલુ થઈ ગયેલ હતો. જેથી સાયબર માફિયાઓએ મોબાઈલ ફોન હેક કરી બે કટકે રૂ ૧ લાખ ટ્રાન્સફર કરી લીધાની જાણ થતાં વેપારીએ ગોંડલ સીટી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

# લીંબડી નજીક નર્મદા કેનાલ પરથી ઈલે. મોટરની ચોરી

## ચાર દેડકા મોટર, વાયર મળી રૂ.૧.૬૦ લાખની મતા ચોરાઈ: પોલીસ દ્વારા તપાસના ધમધમાટ

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

લીંબડી-રાજકોટ હાઈવે પર છાલિયા તળાવ નજીક આવેલ મુખ્ય કેનાલ પર ખેડૂતો દ્વારા ખેતીના ઉપયોગ માટે લગાવવામાં આવેલ દેડકા મોટર સહિતના મુદ્દામાલની ચોરીનો બનાવ બનતા ચકચાર મચી જવા પામી છે. જે અંગે મળતી માહિતી મુજબ લીંબડી-રાજકોટ હાઈવે પર છાલિયા તળાવ પાસે મુખ્ય કેનાલ પર અજાણ્યા શખ્સો ૦૪ દેડકા મોટર, વાયર તેમજ મોટરની લાઈન સહિતનો મુદ્દામાલ ચોરી કરીને નાશી છુટતા ખેડુતોમાં રોષ જોવા મળી રહ્યો છે. મુખ્ય કેનાલ પર ખેડૂતોએ પાણી ખેંચવા માટે લગાવેલ ચાર દેડકા મોટર તેમજ તેની સાથે જોડાયેલા વાયર અને મોટરની લાઈન સહિતના મુદ્દામાલને અજાણ્યા શખ્સોએ નિશાન બનાવ્યાં હતા અને અંદાજે રૂ. ૧.૬૦ લાખની કિંમતનો મુદ્દામાલ ચોરી કરીને નાસી છૂટ્યા હતા ખેતીના કામમાં ઉપયોગી મોટર અને અન્ય સાધનોની ચોરીના કારણે ખેડૂતોને આર્થિક નુકસાન ભોગવવાનો વારો આવ્યો છે. આ ઘટનાને પગલે ખેડૂતોમાં રોષની લાગણી ફેલાઈ છે અને ચોરીની ઘટનામાં સંડોવાયેલા શખ્સોને ઝડપી પાડી ચોરીનો મુદ્દામાલ પરત મેળવવા તેમજ આવી ઘટનાઓ અટકાવવા પોલીસ તંત્ર દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે તેવી ખેડુતોમાં માંગ ઉઠવા પામી છે.

# જોડિયાના પીઠળ ગામે યુવાન ઉપર હુમલો

**અબતક, જામનગર**

જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના પીઠળ ગામે ગાડી પૂરઝડપે ચલાવવાની બાબતે સમજાવવા જતાં પિતા-પુત્ર ઉશ્કેરાઈ ગયા હતા અને ભરતભાઈ મેંદપરા પર હુમલો કર્યો હતો. પીઠળ ગામે રહેતા ભરતભાઈ અવચરભાઈ મેંદપરા (ઉ.વ.૪૮) દુકાનેથી માવા લઈ તેમના બાઈક સાથે ઘરે જતા હતા ત્યારે તેમના ગામના આરોપી વલો વેલ્ડીંગ વાળો તથા તેનો દિકરો મહમદ ઈક્કો ગાડી લઈને પુરઝડપે આવ્યા હતા. ભરતભાઈ તેમને આવી રીતે ગાડી ન ચલાવાય સમજાવવા જતા બંને આરોપીઓ ઉશ્કેરાયા હતા. પિતા-પુત્રએ બોલાચાલી કરી ગાળા ગાળી કરી હતી. જેને ના પાડતાં આરોપી હાથમાં રહેલી લાકડી વડે હુમલો કર્યો હતો. ફરિયાદના આધારે જોડિયા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# બહાર આવ ફાતડા, મમરા ભરી દઈશ, છરી પોરવી દઈશ કહી ગોંડલમાં યુવાનને ધમકી

### ગુંદાસરાની હરસિદ્ધિ સોસાયટીનો બનાવ: ઘર નજીક સોપારી ફેંકી જનાર શખ્સને ટપારતા બે શખ્સોએ ધસી આવી ખેલ નાખ્યા

**અબતક, રાજકોટ**

ગોંડલના ગુંદાસરામાં રહેતા યુવાનને પાડોશમાં રહેતા શખ્સોએ ખૂનની ધમકી આપી હતી. ઘર નજીક સોપારી ફેંકનારને ટપારવા ગયેલા યુવાનને બે શખ્સોએ ઘર બહાર ધસી આવી બહાર નીકળ ફાતળા, શેરી કોઈના બાપની નથી, ખીલી મારી લેજે, મમરા ભરી દઈશ, છરી પરોવી દઈશ કહી ધમકી આપી હતી. સમગ્ર મામલે યુવાનની ફરીયાદ પરથી ગોંડલ તાલુકા પોલીસે ગુનો નોંધ્યો હતો.

ગોંડલના ગુંદાસરામાં હરસિદ્ધિ સોસાયટી શેરી નં.-૨ માં રહેતા ૩૮ વર્ષીય યુવાન મયુરધ્વજસિંહ અનિરુદ્ધસિંહ જાડેજાએ આરોપી તરીકે અહીં તેમની જ સોસાયટીમાં રહેતા સહદેવસિંહ કનુભા વાઢેર અને વિક્રમસિંહ ગુલાબસિંહ જાડેજાનું નામ આપી જણાવ્યું હતુ કે, હુ ઘરેથી રોલ કટીંગનુ કામ કરુ છુ. યુવાને ફરિયાદમાં જણાવ્યું હતુ કે, ગઈ તા. ૧૧/૦૯/૨૦૨૬ ના રોજ રાત્રે અગીયાર વાગ્યે હુ મારા ઘરે ગોઠવેલા કેમેરાનું લાઈવ ફૂટેજ જોતો હતો. તે વખતે મે જોયેલ કે, મારા ઘરની સામેના ભાગે શેરીમાં રહેતા ઘનશ્યામસિંહ કનુભા વાઢેર નામનો શખ્સ મોટર સાયકલ લઈ મારા ઘર નજીક ચોકમા ઉભો રહેલ અને પછી ચારેય તરફ જોઈ પાછળના ખીસ્સામાથી કાઈક વસ્તુ કાઢીને મારા ઘરના ખુણા નજીક નાખીને જતો રહેલ હતો. બાદ તા.૧૨/૦૯/૨૦૨૬ ના રોજ સવારે આઠ વાગ્યે મે મારા ઘર નજીક જોયેલ તો કંઈ જોવા મળેલ નહીં. તા. ૧૩/૦૯/૨૦૨૬ ના રોજ સવારે સાડા આઠ વાગ્યે ધનશ્યામસિંહ કનુભા વાઢેર મારા ઘર નજીક નીકળતા મે તેને ઉભો રાખી પુછેલ કે, બે દીવસ પહેલા રાત્રે તમે મારા ઘર નજીક શું નાંખેલ? તો તેણે મને કહેલ 'મે સોપારી નાંખેલ છે. તો મે તેને કહેલ કે અમારા ઘર નજીક શા માટે નાખેલ છે, આ સોપારી નાંખવાની જગ્યા છે. બાદ ઘનશ્યામસિંહ જતાં રહેલ હતા. બાદ નવ વાગ્યે ઘનશ્યામસિંહનો નાનોભાઈ સહદેવસિંહ કનુભા વાઢેર મારા ઘરે આવેલ અને જોરથી રાડ પાડીને કહેલ કે, બહાર નીકળ ફાતળા. હુ મારા ઘરમાથી બહાર નીકળી પૂછેલું કે, શુ તકલીફ છે?તો તેણે મને કહેલ કે સોપારી નાંખેલ હતી, તારાથી થાય તે કરી લે, શેરી કોઈના બાપની નથી, ખીલી મારી લેજે, મમરા ભરી દઈશ કહી એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને છરી પરોવી દઈશ તેમ કહીને ધમકી આપેલ હતી. બાદ સહદેવસિંહના ઘરના સભ્યો અને મારા ઘરની સામે રહેતા વીક્રમસસિંહ ગુલાબસિંહ મારા પીતાના ઘરે જઈ મારા પીતાને બહાર બોલાવી કહેલ કે, મયુરસિંહને સમજાવી દેજો, નહીંતર પતાવી દેશુ, ટાંટીયા ભાંગી નાંખશુ તેવી ધમકી આપેલ હતી.

સમગ્ર મામલે યુવાનની ફરિયાદ પરથી ગોંડલ તાલુકા પોલીસે બે શખ્સો સામે ગુનો નોંધ્યો હતો.

# ગોંડલના ભરૂડી ટોલનાકા પાસેથી સાયબર ફ્રોડના બે ગુનામાં ફરાર મોટી પરબડીનો મયુર ધરજીયા ઝડપાયો

**અબતક,જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**

સાયબર ફ્રોડના બે ગુનામાં આઠ માસથી નાસતા ફરતા આરોપીને ગ્રામ્ય એલસીબીની ટીમે ભરૂડી ટોલનાકા પાસેથી ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરી હતી. આરોપી વિરુદ્ધ ધોરાજી તાલુકા પોલીસ સ્ટેશન અને સુરેન્દ્રનગરના સાયબર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા હોવાનું સામે આવ્યું છે ગ્રામ્ય એલસીબી પીઆઈ જે.પી. રાવની રાહબરી હેઠળ ટીમ પેટ્રોલીંગ માં હતી તે દરમિયાન મળેલી હકીકતના આધારે સાયબર ફ્રોડના ગુનામાં નાસતા ફરતા આરોપી મયુર રાયસંગ ધરજીયા (ઉ.વ. ૨૮ રહે. મોટી પરબડી, ધોરાજી) ને ગોંડલના ભરૂડી ટોલનાકા પાસેથી ઝડપી લઈ ગોંડલ તાલુકા પોલીસના હવાલે કરવામા આવ્યો છે.

# જાહેર નોટીસ

**રાજકોટ શહેરના ''નીલકંઠ પાર્ક'' તરીકે ઓળખાતા વિસ્તારના રેવન્યુ સર્વે નં.૨૬૦,૨૬૧,૬૬૬,૬૬૭,તથા ૬૯૩ ના ટી.પી.સ્કીમ નં.૬ ના ફાઈનલ પ્લોટ નં.૯૬ પૈકીની જમીન ચો.મી.આ.૧૨૦૦ તથા ફાઈનલ પ્લોટ નં.૧૦૨ પૈકીની બાકી રહેલ ખુલ્લી જમીન તથા કોમન પ્લોટ તથા આંતરિક રસ્તાની જમીન બાદ કરતાં બાકી રહેતી જમીન ચો.મી.આ.૧૪૭૯૦-૮૫ એમ કુલ મળી જમીન ચો.મી.આ.૧૫૯૯૦-૮૫ જે મિલકત સબંધે જાહેર નોટીસ.**

આથી અમો નીચે સહી કરનાર પરેશ બી. મારૂ એડવોકેટ તે મારા અસીલશ્રી ચંદ્રપ્રભા બિલ્ડર્સ પ્રા.લી. કંપની વતી તથા તેમના ડિરેક્ટર દરજજે મયુરભાઇ વ્રજલાલ લોઢીયાના વતી અને સૂચના અનુસાર તેઓએ આપેલી માહિતી અનુસાર જાહેર જનતાને નોટીસ પાઠવી જાણ કરવાની કે,

૧) સ્વાતિ લેન્ડ ડેવલોપર્સ પ્રા.લી. કંપની તથા તેમના મેનેજિંગ ડિરેક્ટર/ચેરમેન ગોપાલદાસ કરશનભાઇ પટેલ વગેરે એ ચંદ્રપ્રભા બિલ્ડર્સ પ્રા. લી. કંપની તથા તેમના ડિરેક્ટર વજુભાઇ ટપુભાઇ લોઢીયા વિગેરે વિરૂધ્ધ વડોદરાની કોર્ટમાં રૂપે. દિવાની કેશ નં. ૩૦૩/૨૦૦૦થી ડિકલેરેશન, કાયમી મનાઇ હુકમ તથા કંપનીના હિસાબ ચોક અંગેનો દાવો કરેલ જે દાવામાં સમાધાન થતાં સમાધાન મુજબ વજુભાઇ ટપુભાઇ લોઢીયાએ ચંદ્રપ્રભા બિલ્ડર્સ પ્રા.લી. કંપનીને વેચાણ દસ્તાવેજ અનુ. નં. ૪૨૭૧ તા. ૦૩/૧૦/૨૦૦૦ના રોજ કરી આપેલ પરંતુ સ્વાતિ લેન્ડ ડેવલપર્સ પ્રા.લી. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર/ચેરમેન ગોપાલદાસ કરશનભાઇ પટેલે સમાધાન ડિક્રીનું પાલન કરેલ નહીં જે સબંધે લિટીગેશન પેન્ડિંગ છે અને સબજયુડીશ છે.

૨) ચંદ્રપ્રભા બિલ્ડર્સ પ્રા.લી. કંપની વતી તેમના ડિરેક્ટર દરજજે મયુરભાઇ વ્રજલાલ લોઢીયા એ રાજકોટના મહેરબાન પ્રિન્સીપાલ સિનીયર સિવિલ જજ સાહેબની કોર્ટમાં રૂપે. દિવાની કેસ નં. ૧૧૯/૨૦૦૩થી વેચાણ દસ્તાવેજ અનુ. નં. ૪૨૭૧ તા. ૦૩/૧૦/૨૦૦૦નો રદ કરવા તથા વિજ્ઞાપન અને કાયમી મનાઇ હુકમ મેળવવાનો દાવો દાખલ કરેલ **સદરહુ દાવામાં જે તકરાર લીધેલ તેમાં વડોદરાની કોર્ટમાં રૂપે. દિવાની કેશ નં. ૩૦૩/૨૦૦૦ના કામમાં થયેલ સમાધાનમાં તેઓ પક્ષકાર ન હોય તેઓની કોઇ સહી આવેલ ન હોય જેથી આ કરારદાદી હુકમનામુ તેઓને બંધનકર્તા નથી તેમજ સમાધાનની રૂએ વજુભાઇ ટપુભાઇ લોઢીયાએ જે દસ્તાવેજ કરી આપેલ છે તે દસ્તાવેજ કરવા તેઓએ કંપની એકટની જોગવાઇ મુજબ બોર્ડ ઓફ ડિરેક્ટરોની મીટીંગ બોલાવેલ ન હોય કોઇ એજન્ડા બાર પાડેલ ન હોય કે રેકર્ડ પરના ડિરેક્ટરોને કોઇ જાણ કરેલ ન હોય કે સંમતિ વિરૂધ્ધ દસ્તાવેજ કરેલ હોય જેથી આવો દસ્તાવેજ કરવા વજુભાઇ ટપુભાઇ લોઢીયાને કોઇ હકક, અધિકાર કે સત્તા નથી આ કહેવાતા દસ્તાવેજ કંપનીના હિત વિરૂધ્ધ કંપનીના ડિરેક્ટરો તથા શેર હોલ્ડરના હિત વિરૂધ્ધ તથા બિન અવેજી હોય રદ થવાને પાત્ર છે તેમજ સદરહુ મિલ્કતનો કબજો ટ્રાન્સફર કરેલ નથી કબજો આજની તારીખે પણ ચંદ્રપ્રભા બિલ્ડર્સ પ્રા.લી. કંપનીનો છે.**

૩) નામદાર અદાલત દ્વારા રેકર્ડ પર રજુ થયેલ બને પક્ષકારોના પલીડીંગ, પલીડીંગના સમર્થનમાં પ્રુફને ધ્યાને લઇ ચંદ્રપ્રભા બિલ્ડર્સ પ્રા.લી. કંપનીના ડિરેક્ટર મયુરભાઇ વ્રજલાલ લોઢીયાની તરફેણમાં આંક-૫ની અરજી મંજુર કરેલ અને દાવાવાળી વાદગ્રસ્ત જગ્યાની યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનો હુકમ કરેલ.

૪) ઉપરોકત હુકમની લીગાલીટી સ્વાતિ લેન્ડ ડેવલપર્સ પ્રા.લી. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર ગોપાલદાસ કરશનભાઇ પટેલે નામદાર હાઇકોર્ટ સમક્ષ ચેલેન્જ કરેલ પરંતુ નામદાર હાઇકોર્ટ એ સદરહું હુકમમાં કોઇ હસ્તક્ષેપ કરેલ નહીં.

૫) ઉપરોકત દાવામાં પ્રતિવાદીઓ દ્વારા પ્રાથમિક મુદ્દાઓ નકકી કરવાની અરજી આપતા નામદાર અદાલત દ્વારા તે અરજી મંજુર કરતા તે હુકમની લીગાલીટી ગુજરાત હાઇકોર્ટ સમક્ષ ચેલેન્જ કરેલ તે દરમ્યાન ગુજરાત સિવિલ કોર્ટ એકટ ૨૦૦૫ અમલમાં આવતા હકુમતના કારણોસર સદરહુ અપીલ રાજકોટના ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ સાહેબ સમક્ષ રિમાન્ડ થતા નવા અપીલ ન ૧૪૨/૨૦૦૫ આપવામાં આવેલ જેમાં નામદાર ડિસ્ટ્રીકટ કોર્ટે ચંદ્રપ્રભા બિલ્ડર્સ પ્રા.લી. કંપનીની અપીલ ગ્રાહ્ય રાખી જે મુદ્દા નામદાર અદાલત દ્વારા નકકી કરવામાં આવેલ ન હતા તે નકકી કરી અને ટ્રાયલ દરમ્યાન બંને પક્ષકારો અન્ય કોઇ મુદ્દા ઉપસ્થિત રહે તો તે ધ્યાને લઇ સદરહુ મેટર નામદાર ડિસ્ટ્રીકટ કોર્ટને પરત મોકલવા અંગેનો હુકમ કરેલ અને તે દરમ્યાન આંક-૫ની અરજી અન્વયે જે યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનો હુકમ હતો તે હુકમ કાયમ રાખેલ.

**૬) આ ઉપરોકત જયુડિશિયલ ફાઇન્ડિંગ ધ્યાને લેવામાં આવે તો આજની તારીખે પણ નામદાર ડિસ્ટ્રીકટ કોર્ટ સમક્ષ રેગ્યુલર દિવાની અપીલ નં. ૧૪૨/૨૦૦૫ પેન્ડિંગ છે સબજયુડીસ છે વચગાળાનો હુકમ અસ્તિત્વમાં છે અમલમાં છે.**

૭) નામદાર ડિસ્ટ્રીકટ કોર્ટનો રેગ્યુલર દિવાની અપીલ નં. ૧૪૨/૨૦૦૫ના કામમાં સ્પષ્ટ હુકમ હોવા છતાં નામદાર નીચેની કોર્ટ ડિસ્ટ્રીકટ કોર્ટના હુકમ મુજબ મુદ્દાનો નિર્ણય કરી રેકર્ડ ડિસ્ટ્રીકટ કોર્ટમાં મોકલવાના બદલે સમગ્ર દાવાનો નિર્ણય કરી રૂપે. દિવાની કેસ નં. ૧૧૯/૨૦૦૩નો દાવો રદ કરેલ જજમેન્ટ અને હુકમનામાની લીગાલીટી ચંદ્રપ્રભા બિલ્ડર્સ પ્રા.લી. કંપનીના ડિરેક્ટર મયુરભાઇ વ્રજલાલ લોઢીયા એ રેગ્યુલર દિવાની અપીલ નં. ૧૧૯/૨૦૨૫થી ચેલેન્જ કરેલ છે જે મેટર નામદાર અદાલતમાં પેન્ડિંગ છે સબજયુડીસ છે.

૮) આમ ઉપરોકત મિલ્કત સબંધે નામદાર અદાલત સમક્ષ મેટર પેન્ડિંગ હોય સબજયુડીસ હોય રેગ્યુલર દિવાની અપીલ નં. ૧૪૨/૨૦૦૫ના કામમાં નામદાર ડિસ્ટ્રીકટ કોર્ટે કરેલ હુકમ અન્વયે મનાઇ હુકમ અમલમાં હોય અસ્તિત્વમાં હોય તથા આ અપીલનો પણ મેરીટસ પર ન્યાયિક નિર્ણય થયેલ ન હોય તે હકીકત સ્વાતિ લેન્ડ ડેવલોપર્સ પ્રા.લી. કંપની તથા તેના મેનેજિંગ ડીરેક્ટર ગોપાલદાસ કરસનભાઇ પટેલ વિગેરે જાણતા હોય છતાં સદરહુ મિલ્કત અન્ય ત્રાહિતને ટ્રાન્સફર એસાઇન, વેચાણ કરી ત્રાહિતનું હિત ઉભુ કરવાનો પ્રયત્ન કરી રેહલ હોય જેથી જાહેર જનતાને તથા લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસ પાઠવી જાણ કરવાની કે ઉપરોક્ત મિલ્કત સબંધે સ્વાતિ લેન્ડ ડેવલોપર્સ પ્રા.લી. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર ગોપાલદાસ કરસનભાઇ પટેલ વિગેરે સાથે કોઇપણ પ્રકારનો વેચાણ વ્યવહાર કે અન્ય કોઇ વ્યવહાર કરવો નહીં આમ છતાં જો કોઇ વ્યકિત, સંસ્થા, પેઢી, આવો કોઇ પણ પ્રકારનો વ્યવહાર કરશે તો તે ગેરકાયદેસર અને નલ એન્ડ વોઇડ ગણાશે તથા નામદાર કોર્ટનો મનાઇ હુકમ અસ્તિત્વમાં હોવા છતાં આવા વ્યવહાર કરનાર સામે એટલે કે ખરીદનાર અને વેચનારની સામે મારા અસીલ કન્ટેમ્પ ઓફ કોર્ટની કાર્યવાહી હાથ ધરશે તેમજ કહેવાતા કોઇ ખરીદનારને કોઇ લીગલ ટાઇટલ પ્રાપ્ત થશે નહીં જેની જાહેર જનતાએ નોંધ લેવી.

રાજકોટ.
તા. ૧૦/૧૦/૨૦૨૬

મયુરભાઇ વ્રજલાલ લોઢીયા
(અમારી સુચના અનુસાર)

**પરેશ બી. મારૂ-એડવોકેટ**

પરેશ બી. મારૂ, દિલીપ એમ. ચાવડા, અંજલી એ. જીવરાણી, પ્રતિક પી. પંડયા, ચિંતન ડી. ટોળીયા (એડવોકેટસ)

સરનામું : જીવનવિહાર સોસાયટી, બ્લોક નં. ૧૨, સ્વામિનારાયણ મંદિર પાછળ, કાલાવડ રોડ, રાજકોટ. મો. ૯૪૨૭૨ ૨૧૫૯૭

# ગેસ રિફિલિંગના ગેરકાયદે ધંધાનો પર્દાફાશ: ૫૪ બાટલા સાથે ત્રણ શખ્સો ઝડપાયા

## શિવમ હોલ પાછળના ગોડાઉનમાં દરોડો: છકડો, એકિટવા, રિફિલિંગનાં સાધનો મળી રૂ. ૨.૪૬ લાખનો મુદ્દામાલ કબજે, સૂત્રધાર પ્રવીણ સારલાની શોધખોળ

**અબતક, રાજકોટ**

મોરબી સીટી એ ડિવિઝન પોલીસે પંચાસર રોડ પર શિવમ હોલ પાછળની શેરીમાં આવેલા એક ગોડાઉનમાં દરોડો પાડી ગેસના બાટલામાંથી ગેસનું ગેરકાયદે રિફિલિંગ કરતા ત્રણ શખ્સોને ઝડપી પાડ્યા છે. પોલીસે અલગ-અલગ કંપનીના ૫૪ ગેસ બાટલા, રિફિલિંગનાં સાધનો, વાહનો, મોબાઈલ અને રોકડ સહિત કુલ રૂ.૨,૪૬,૬૦૦/-નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ મામલે મુખ્ય આરોપી સહિત ચાર શખ્સો સામે ગુનો નોંધાયો છે.મોરબી સીટી એ ડિવિઝન પોલીસની સર્વેલન્સ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન પંચાસર રોડ પર શિવમ હોલ પાછળની શેરીમાં ભાડે રાખેલા ગોડાઉનમાં ઘરવપરાશના ગેસ બાટલામાંથી ગેસનું રિફિલિંગ



કરવામાં આવતું હોવાની બાતમી મળતાં પોલીસે દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન ગોડાઉનમાં ગેસના બાટલામાંથી અન્ય બાટલામાં ગેસ ભરવાની કામગીરી ચાલતી હોવાનું સામે આવ્યું હતું.

પોલીસે સ્થળ પરથી આરોપી યશભાઈ મનોજભાઈ ચૌહાણ, અમીરભાઈ મનોજભાઈ ચૌહાણ અને ધવલભાઈ મનોજભાઈ ચૌહાણ ત્રણેય રહે.પારેખ શેરી ગ્રીન ચોક મોરબી વાળાને ઝડપી પાડ્યા હતા.

જ્યારે ગોડાઉન ભાડે રાખનાર પ્રવીણભાઈ મનસુખભાઈ સારલા સ્થળ પર હાજર ન મળી આવતા તેને ફરાર દર્શાવી પોલીસે તેની શોધખોળ શરૂ કરી છે.

પકડાયેલ આરોપીઓની સઘન પૂછતાછમાં આરોપીઓ પોતાના આર્થિક ફાયદા માટે ઈલેક્ટ્રિક મોટર, નળી અને નોઝલની મદદથી ભરેલા ગેસ બાટલામાંથી ખાલી બાટલામાં ગેસ રિફિલિગ કરતા હતા. આ રીતે ગ્રાહકોને ઓછા વજનના ગેસ બાટલા આપીને ગેરરીતિ આચરવામાં આવતી હતી અને ગેસ જવલનશીલ પદાર્થ હોવાનું જાણવા છતાં બેદરકારીપૂર્વક રિફિલિંગ કરી આગ લાગવા કે અન્ય ગંભીર અકસ્માત થવાનું જોખમ પણ ઊભું થઈ શકતું હોય, ત્યારે પોલીસે ગોડાઉનમાંથી અલગ-અલગ કંપનીના કુલ ૫૪ ગેસ બાટલા, રૂ.૫૦ હજારની છકડો રિક્ષા, ગેસ રિફિલિંગ માટેની ઈલેક્ટ્રિક મોટર-નળી-નોઝલ, ઈલેક્ટ્રિક વજનકાંટો, પાના, સીલ કરવા માટેના કાગળ, ગ્રાહકોનાં ૨૯ બિલ, હિસાબનાં બે ચોપડા, રૂ.૮,૮૦૦/- રોકડ, રૂ.૫૦ હજારનું એકિટવા અને ત્રણ મોબાઈલ ફોન સહિત કુલ રૂ.૨,૪૬,૬૦૦/-નો મુદ્દામાલ કબજે કર્યો છે. હાલ સીટી એ ડિવિઝન પોલીસે ચારેય આરોપીઓ સામે ગુનો નોંધી મુખ્ય આરોપીને ઝડપી લેવા તજવીજ શરૂ કરી છે.

# કાલથી ત્રણ દિવસ પાસપોર્ટ સેવા મોબાઈલ વાન કાર્યરત

## જિલ્લા સેવા સદન ખાતે અરજદારો નવી એપોઈન્ટમેન્ટ રિશેડયુલ કરી શકશે

**અબતક, ઋષી મહેતા**

વિદેશ મંત્રાલયની લોકઉપયોગી પહેલ અંતર્ગત પાસપોર્ટ માટેની એપોઈન્ટમેન્ટ વહેલી તકે સરળતાથી ઉપલબ્ધ થાય અને પાસપોર્ટ સેવાઓનો લાભ નાગરિકોને ઘર આંગણે કે નજીકના સ્થળે મળી રહે તે હેતુથી પ્રાદેશિક પાસપોર્ટ કાર્યાલય, અમદાવાદ દ્વારા મોરબી જીલ્લામાં વિશેષ 'પાસપોર્ટ સેવા મોબાઈલ વાન' ની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. આગામી તા. ૧૪ થી ૧૬ ઓક્ટોબર, દરમિયાન મોરબીના શોભેશ્વર રોડ પર આવેલી જીલ્લા સેવા સદન ખાતે કલેક્ટર કચેરીના જીલ્લા ઈમરજન્સી ઓપરેશનલ સેન્ટર બિલ્ડિંગ ખાતે આ




મોબાઈલ વાન કાર્યરત રહેશે.

અરજદારોએ સૌપ્રથમ પાસપોર્ટ ઈન્ડિયાની અધિકૃત વેબસાઈટ https://www.passportindia.gov.in/ પર જઈને નોર્મલ કેટેગરી હેઠળ પાસપોર્ટ અરજી સબમિટ કરવાની રહેશે અને ઓનલાઈન અરજી ફીની ચુકવણી કરવાની રહેશે. ત્યારબાદ વેબસાઈટ પર ફરીથી લોગ ઈન કરી પેમેન્ટ સ્ટેટસ ચકાસીને શેડયુલ એપોઈમેન્ટ' પેજ પર જઈને લોકેશન તરીકે મોબાઈલ વાન મોરબી પસંદ કરીને પોતાની અનુકૂળતા મુજબ એપોઈન્ટમેન્ટ બુક કરી શકાશે.

# રફાળેશ્વરમાં મકાનમાંથી ૧.૩૪૫ કિલો ગાંજો ઝડપાયો

## એસઓજીએ દરોડો પાડી રૂ.૭૩,૧૫૦ના મુદ્દામાલ સાથે દિપક ભંખોડીયાની ધરપકડ

**અબતક, ઋષી મહેતા**

મોરબી તાલુકાના રફાળેશ્વર ગામે એસઓજીની ટીમે બાતમીના આધારે એક રહેણાંક મકાનમાં દરોડો પાડી ૧ કિલો ૩૪૫ ગ્રામ ગાંજાના જથ્થા સાથે દીપકભાઈ ડાયાભાઈ ભંખોડીયાને ઝડપી પાડ્યો છે. પોલીસે ગાંજો, રોકડ રકમ, મોબાઈલ ફોન અને ઈલેક્ટ્રિક વજનકાંટા સહિત કુલ રૂ.૭૩,૧૫૦/નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસને બાતમી મળી કે, રફાળેશ્વર ગામમાં રહેતા દીપકભાઈ ભંખોડીયા પોતાના મકાનમાં ગાંજાનો જથ્થો રાખી ખાનગીમાં વેચાણ કરે છે, જેથી તુરંત એસઓજીની ટીમે રહેણાંકમાં દરોડો પાડ્યો હતો. દરમિયાન આરોપી પાસેથી ૧ કિલો ૩૪૫ ગ્રામ ગાંજો કિ.રૂ.૬૭,૨૫૦, ગાંજાના વેચાણના રૂ.૭૦૦, એક



મોબાઈલ ફોન કિ.રૂ.૫,૦૦૦ અને એક ઈલેક્ટ્રિક વજનકાંટો કિ.રૂ. ૨૦૦ મળી કુલ રૂ.૭૩,૧૫૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. આ મામલે આરોપી દીપકભાઈ ડાયાભાઈ ભંખોડીયા રહે. રફાળેશ્વર સામે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધાવી આગળની કાર્યવાહી માટે મોરબી તાલુકા પોલીસને સોંપવામાં આવ્યો છે.

# પાટીદાર નવરાત્રિ મહોત્સવમાં બે શહીદ જવાનોના પરિવારોને રૂ. ૧-૧ લાખની સહાય

## હરિયાણાના તરુણ ભારદ્વાજ અને ઉત્તર પ્રદેશના અશોક કુમારના પરિવારોને ચેક અર્પણ કરી સન્માન કરાયું

**અબતક, ઋષી મહેતા**

મોરબીમાં નવરાત્રિ પર્વના પ્રારંભ સાથે પાટીદાર નવરાત્રિ મહોત્સવ-૨૦૨૬માં દેશભકિત અને સેવાભાવની અનોખી પહેલ કરવામાં આવી છે. મહોત્સવના પ્રથમ દિવસે હરિયાણાના શહીદ જવાન તરુણ ભારદ્વાજ અને ઉત્તર પ્રદેશના શહીદ જવાન અશોક કુમારના પરિવારોને આમંત્રિત કરી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બંને પરિવારોને સહાયરૂપે રૂ. ૧-૧ લાખના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. માતૃભૂમિની રક્ષા માટે સર્વોચ્ચ બલિદાન આપનારા વીર



જવાનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરવાના હેતુથી આયોજિત આ પહેલ અંતર્ગત નવરાત્રિના નવ દિવસ દરમિયાન દરરોજ શહીદ જવાનોના પરિવારોને આમંત્રિત કરી સન્માનિત કરવામાં આવશે અને દરેક પરિવારને રૂ. ૧ લાખની આર્થિક સહાય આપવામાં આવશે. નવરાત્રિના ઉત્સવને શહીદો પ્રત્યેના સન્માન અને સેવાભાવ સાથે જોડતી આ પહેલ મહોત્સવનું વિશેષ આકર્ષણ બની રહી છે.

# પીજીવીસીએલ દ્વારા એપ્રેન્ટિસ લાઈનમેનની ભરતી શરૂ

**અબતક, ઋષિ મહેતા**

મોરબી: પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, વર્તુળ કચેરી - મોરબી દ્વારા રોજગારીની તકો પૂરી પાડવાના હેતુસર એપ્રેન્ટિસ લાઈનમેનની જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.૧૦ પાસ તેમજ આઈ.ટી.આઈ. (ઈલેક્ટ્રિકલ/વાઈરમેન) ઉત્તીર્ણ કરેલા યુવા ઉમેદવારો માટે એક ઉત્તમ તક ઉપલબ્ધ કરવામાં આવી છે.

આ ભરતી માટે શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના 'અનુબંધમ પોર્ટલ' પર જોબ આઈડી નંબર: ૫૪૩૯૦૧૨૧૯ થી જાહેરાત બહાર પાડવામાં આવી છે. આ ભરતી અન્વયે ઉમેદવારોની વયમર્યાદા ૧૮ થી ૨૫ વર્ષ (નિયમોનુસાર ૫ વર્ષની છૂટછાટ સાથે) નક્કી કરવામાં આવી છે. રસ ધરાવતા અને પાત્રતા ધરાવતા ઉમેદવારોએ તા. ૨૫-૧૦-૨૦૨૬ સુધીમાં https://anubandham.gujarat.gov.in પોર્ટલ પર ઓનલાઈન અરજી કરી દેવા મોરબી જીલ્લા રોજગાર અધિકારીની યાદીમાં જણાવાયું છે.

# હળવદમાં જૂથ અથડામણમાં ૩ આરોપીઓની ધરપકડ

## સાઈડ આપવા બાબતે થયેલી બોલાચાલી બાદ મોરબી ચોકડી પાસે હુમલો; પોલીસની સમયસૂચકથી મોટી ઘટના ઘટી

**અબતક, ઋષી મહેતા**

હળવદના લક્ષ્મીનારાયણ ચોક અને મોરબી ચોકડી ખાતે વાહનની સાઈડ આપવા બાબતે શરૂ થયેલી બોલાચાલી બાદ જૂથ અથડામણની ઘટના બની હતી. બનાવના પગલે પોલીસે અલગ-અલગ ત્રણ ગુના નોંધી કુલ ૨૫ આરોપીઓ સામે કાર્યવાહી હાથ ધરી છે. જેમાં હથિયારો સાથે એકત્ર થવાના ગુનામાં ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

હળવદમાં તા. ૧૧/૧૦/૨૦૨૬ના રોજ સાંજે આશરે ૪:૩૦ વાગ્યે લક્ષ્મીનારાયણ ચોક ખાતે થાર કારના ચાલક અને મોટરસાઈકલ ચાલક વચ્ચે





વાહનની સાઈડ આપવા બાબતે બોલાચાલી અને ઝપાઝપી થઈ હતી. આ દરમિયાન અલગ-અલગ સમુદાયના લોકો એકઠા થયા હતા. જોકે, થાર કાર ચાલક ત્યાંથી નીકળી ગયો હતો. ત્યારબાદ થાર કાર ચાલક સામંત ભરવાડ પોતાના સાગરીતો સાથે થાર અને સ્વિફ્ટ કારમાં મોરબી ચોકડી પાસે પહોંચ્યો હતો. ત્યાં અગાઉના ઝઘડાના ખારને લઈને મુસ્લિમ સમુદાયના કેટલાક લોકો સાથે લાકડાના ધોકા અને લોખંડના પાઈપ વડે હુમલો કરી મારામારી કરવામાં આવી હતી.

પોલીસે ત્રણ અલગ-અલગ ગુના નોંધ્યા છે. જેમાં હળવદના લક્ષ્મીનારાયણ ચોક ખાતે બનેલા બનાવમાં એ પાર્ટ ગુ.ર.નં. ૦૯૯૧/૨૦૨૬ હેઠળ છ આરોપીઓ સામે ગુનો નોંધાયો છે. મોરબી ચોકડી ખાતે થયેલી મારામારીના બનાવમાં એ પાર્ટ ગુ.ર.નં. ૦૯૯૩/૨૦૨૬ હેઠળ આઠ આરોપીઓ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. જ્યારે હથિયારો સાથે વાહનોમાં આવી ગંભીર ગુનો કરવાની તૈયારીમાં હોવાના બનાવમાં એ પાર્ટ ગુ.ર.નં. ૦૯૯૨/૨૦૨૬ હેઠળ ૧૧ આરોપીઓ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. આ પૈકી આસીફ અબ્દુલભાઈ ભટ્ટી (રહે. મોટા ફળિયા, હળવદ), શહેજાન રજાકભાઈ ભટ્ટી (રહે. જંગરીવાસ, હળવદ) અને મહમદહનીફ અબુભાઈ ભટ્ટી (રહે. કુંભાર દરવાજા, હળવદ)ની પોલીસે ધરપકડ કરી છે.

# જિલ્લા ભાજપ મહિલા મોરચા દ્વારા જેએનયુના પ્રોફેસર અને કોંગ્રેસ સાંસદ સામે વિરોધ પ્રદર્શન

## જેએનયુની ૧૧ વિદ્યાર્થિનીઓની જાતીય સતામણીના આરોપમાં બરતરફ કરાયેલા ડો. અગોમચા બિમોલ અકોઈજા અને રાહુલ ગાંધી સામે મહિલા મોરચાના સૂત્રોચ્ચાર

**અબતક, ઋષીમહેતા**

મોરબી જીલ્લા ભાજપ મહિલા મોરચાના અધ્યક્ષ જયશ્રીબેન સિણોજીયાની આગેવાની હેઠળ (જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી)ના પ્રોફેસર અને કોંગ્રેસના સાંસદ ડો. અગોમચા બિમોલ અકોઈજા તેમજ કોંગ્રેસ પાર્ટી સામે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેએનયુની ૧૧ જેટલી વિદ્યાર્થિનીઓ દ્વારા જાતીય સતામણીના ગંભીર આરોપો બાદ બરતરફ કરવામાં આવેલા ડો. અગોમચા અકોઈજાના કિસ્સામાં કોંગ્રેસ પક્ષના મૌન સામે મહિલા મોરચાએ ભારે રોષ વ્યક્ત કર્યો હતો. આ વિરોધ પ્રદર્શન દરમિયાન મહિલા કાર્યકર્તાઓ દ્વારા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને કોંગ્રેસ પક્ષ સામે સખત સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા




હતા.

મહિલા મોરચા દ્વારા ''કોંગ્રેસ હાય હાય'' ના નારા લગાવીને આ સમગ્ર મામલે કોંગ્રેસ પાર્ટી સ્પષ્ટતા કરે અને દેશની મહિલાઓની સુરક્ષા પર જવાબ આપે તેવી કડક માંગ કરવામાં આવી હતી. આ વિરોધ કાર્યક્રમમાં મોરબી જીલ્લા ભાજપ મહિલા મોરચાના હોદ્દેદારો, મહિલાઓ અને મોટી સંખ્યામાં મહિલા કાર્યકર્તાઓ એકત્રિત થઈને એકસૂરે મહિલા સન્માન અને ન્યાયની માંગ સાથે વિરોધ નોંધાવ્યો હતો.

# વાંકાનેરમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક સામે નગરપાલિકાની કાર્યવાહી

## ૧૨૦ માઈક્રોનથી ઓછી જાડાઈની પ્લાસ્ટિકની થેલીઓ જપ્ત કરાઈ

**અબતક, લિતેશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેર શહેરમાં સ્વચ્છતા જાળવવા અને પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઉપયોગ પર નિયંત્રણ લાવવા



વાંકાનેર નગરપાલિકા દ્વારા ૧૨૦ માઈક્રોનથી ઓછી જાડાઈની પ્લાસ્ટિકની થેલીઓ સામે તપાસ અને જપ્તીની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. નગરપાલિકાના ઈન્ચાર્જ ચીફ ઓફિસર ગિરીશકુમાર સરૈયાના માર્ગદર્શન હેઠળ હાથ ધરાયેલી આ કામગીરીનો હેતુ સ્વચ્છતા અભિયાનને વેગ આપવા અને નિયમોનું પાલન કરાવવાનો છે. આ ઉપરાંત સંબંધિત કંપનીઓનું પ્લાસ્ટિક વેચતા વેપારીઓને પણ આ અંગે તંત્ર દ્વારા જાણ કરવામાં આવી છે.

આ કામગીરીમાં હેડ ક્લાર્ક હાર્દિક સરૈયા, એન્જીનીયર મહેશ ચૌહાણ સહિતના પાલિકા કર્મચારી ઝુંબેશમાં જોડાયા હતાં.

# આરએસએસ દ્વારા ૧૩૩ દીકરીઓનું કન્યા પૂજન કરી સ્નેહભોજન કરાવાયું

**અબતક, ઋષિ મહેતા**

મોરબીમાં ડો. હેડગેવાર સ્મારક સમિતિ, રાજકોટ અને સામાજિક સમરસતા મંચ દ્વારા નવરાત્રિના પ્રથમ નોરતે સામાજિક એકતા અને સમાનતાનો સંદેશ આપતા કાર્યક્રમનું આયોજન કરાયું હતું. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ૩૫ સ્વયંસેવકોના પરિવારો દ્વારા અનુસૂચિત જાતિ હિન્દુ સમાજની ૧૩૩ દીકરીઓનું ભાવપૂર્વક સ્વાગત કરી શાસ્ત્રોક્ત કન્યા પૂજન, લ્હાણી વિતરણ અને સ્નેહભોજન



કરાવવામાં આવ્યું હતું. આ આયોજનમાં સંઘના કાર્યકરો અને તેમના પરિવારજનોએ ઉત્સાહપૂર્વક સહયોગ આપ્યો હતો.

## આરટીઆઈ વિક સેલિબ્રેશન અંતર્ગત

# કલેક્ટર કચેરી ખાતે માહિતી અધિકાર અધિનિયમ વિષયક પરિસંવાદ યોજાયો

**અબતક, ઋષિ મહેતા**

મોરબી: ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગરના અધ્યક્ષસ્થાને 'આરટીઆઈ વિક સેલિબ્રેશન' અંતર્ગત તા.૧૨/૧૦/૨૦૨૬ ના રોજ ''સંવાદ- માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫નું અમલીકરણ અને જવાબદારીનું સુદ્રઢીકરણ'' વિષયક વિડિયો કોન્ફરન્સ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. મોરબી જીલ્લા કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે યોજાયેલી બેઠકમાં મોરબી જીલ્લાના સંબંધિત સંકલન અધિકારીઓ વર્ચ્યુઅલી ઉપસ્થિત રહ્યા હતા.



આ પરિસંવાદ દરમિયાન માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ (આરટીઆઈ એક્ટ)ના કાયદાકીય જોગવાઈઓનું સુચારુ અમલીકરણ કરવા, જાહેર માહિતી અધિકારીઓ અને પ્રથમ અપીલ સત્તાધિકારીઓની જવાબદારીઓનું સુદ્રઢીકરણ કરવા તેમજ અરજદારોને સમયસર અને પારદર્શક માહિતી પૂરી પાડવા અંગે વ્યાપક માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

# વિજયાદશમીએ પરંપરાગત શોભાયાત્રા મોમાઈ માતાજીના મંદિરે શસ્ત્રપૂજન કરાશે

**અબતક, ઋષિ મહેતા**

મોરબી રાજપૂત સમાજ દ્વારા દર વર્ષની પરંપરા મુજબ તા. ૧૩, ૧૪ અને ૧૫ના રોજ ત્રણ દિવસીય નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. વિજયાદશમીના પર્વે મહારાણા પ્રતાપ સર્કલથી પરંપરાગત શોભાયાત્રા નીકળશે અને ન્યૂ પેલેસ ખાતે શ્રી મોમાઈ માતાજીના મંદિરે શસ્ત્રપૂજન કરવામાં આવશે.

મોરબી રાજપૂત સમાજ દ્વારા નવરાત્રી મહોત્સવ અને વિજયાદશમીના પર્વની ઉજવણી પરંપરાગત રીતે કરવામાં આવશે. આ પ્રસંગે મોરબી સામાકાંઠે આવેલા મહારાણા પ્રતાપ સર્કલથી શોભાયાત્રા નીકળીને ન્યૂ પેલેસ ખાતે પહોંચશે, જ્યાં શ્રી મોમાઈ માતાજીના મંદિરે શસ્ત્રપૂજનનો ધાર્મિક કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં રાજપૂત સમાજના તમામ લોકોને ઉપસ્થિત રહેવા પ્રમુખ મહેન્દ્રસિંહ ઝાલા, મહામંત્રી મહાવીરસિંહ જાડેજા તથા સમસ્ત મોરબી રાજપૂત સમાજ દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# કારમાં હવા ભરતા સમયે બલેનોની ટક્કરે બે ઘાયલ

**અબતક, ઋષિ મહેતા**

મોરબીના ભરતનગર પાસે કે.કે. હોટલ સામે પંચર પડેલી સ્વિફ્ટ કારને સાઈડમાં ઉભી રાખી હવા ભરતા સમયે પૂરઝડપે આવેલી બલેનો કારે કાર અને બે વ્યકિતને અડફેટે લીધા હતા. અકસ્માતમાં મેટોડા ગામના રાહુલભાઈ સવાસડિયા અને ઈટાળાના ચેતનસિંહ જાડેજાને ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ બલેનો કારચાલક પોતાની કાર લઈને ફરાર થઈ જતા મોરબી તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, મેટોડા જીઆઈડીસી રહેતા રાહુલભાઈ કિરણભાઈ સવાસડિયા અને ચેતનસિંહ જાડેજા રહે.નાના ઈટાળા વાળા ગત તા. ૧૧/૧૦/૨૦૨૬ના વહેલી સવારે આશરે ૪:૩૦ વાગ્યે લખપતના આશાપુરા માતાજીના મઢેથી રાજકોટ ગ્રામ્યના નાના ઈટાળા ગામે સ્વિફ્ટ કાર રજી.નં. જીજે૦૩-પુએમ-૪૦૦૪ માં પરત ફરી રહ્યા હતા તે દરમિયાન મોરબી તાલુકાના ભરતનગર પાસે કે.કે. હોટલ સામે પંચર પડ્યું હતું. જેથી કાર સાઈડમાં ઊભી રાખીને ફરિયાદી રાહુલભાઈ કિરણભાઈ સવાસડિયા અને ચેતનસિંહ ગુલાબસિંહ જાડેજા વ્હીલમાં હવા ભરી રહ્યા હતા. તે દરમિયાન પૂરઝડપે આવેલી બલેનો કાર રજી.નં. જીજે-૦૪-ઈપી-૨૪૧૯ ના ચાલકે સ્વિફ્ટ કાર તથા રાહુલભાઈ અને ચેતનસિંહને હડફેટે લીધાં હતાં.

# પોરબંદરના બખરલા ગામે નવરાત્રી મહોત્સવમાં ભક્તિ અને ગરબાનો રંગ જામ્યો

## સરપંચ અરશીભાઈ ખુંટીની આગેવાનીમાં 'તરંગ ઈન્ટરનેશનલ ઓરકેસ્ટ્રા'ના સથવારે ખેલૈયા મન મૂકી ગરબે ઘુમ્યા :બીજા નોરતે કેબિનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા





**અબતક પોરબંદર**

પોરબંદર તાલુકાના બખરલા ગામે સમસ્ત બખરલા ગામના આયોજન હેઠળ નવરાત્રી મહોત્સવ-૨૦૨૬ની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. ગામના સરપંચ અરશીભાઈ ખુંટીની આગેવાની અને સમસ્ત ગ્રામજનોના સહયોગથી યોજાયેલા આ મહોત્સવમાં ભક્તિ, શ્રદ્ધા અને પરંપરાગત ગરબાનો અનોખો સંગમ જોવા મળી રહ્યો છે. નવરાત્રીના બીજા નોરતે ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રી અને પોરબંદરના ધારાસભ્ય અર્જુનભાઈ મોઢવાડિયા સહિત રાજકીય, સામાજિક અને સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

બખરલા ગામમાં તા. ૧૧ ઓક્ટોબરથી ૧૯ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. નવા ચામુંડામાતાજીના મંદિરની બાજુમાં યોજાતા આ મહોત્સવમાં 'તરંગ ઈન્ટરનેશનલ ઓરકેસ્ટ્રા'ના સથવારે ખેલૈયાઓ માતાજીની આરાધના સાથે રાસ-ગરબે રમી રહ્યા છે. ગામમાં નવરાત્રીના પર્વને લઈને ઉત્સાહ અને ભક્તિનો માહોલ છવાયો છે.

સમસ્ત બખરલા ગામના આ આયોજનમાં સરપંચ અરશીભાઈ ખુંટી વિશેષ ભૂમિકા ભજવી રહ્યા છે. ગામના નાગરિકોને સાથે રાખીને ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરાઓને જીવંત રાખવાના પ્રયાસરૂપે નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ગ્રામજનોના સહયોગથી યોજાતા આ ઉત્સવમાં સ્થાનિક લોકો મોટી સંખ્યામાં જોડાઈ માતાજીની આરાધના કરી રહ્યા છે.

નવરાત્રીના બીજા નોરતે યોજાયેલા કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રી અને પોરબંદરના ધારાસભ્ય અર્જુનભાઈ મોઢવાડિયા ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે પોરબંદર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના અધ્યક્ષ વિક્રમભાઈ ઓડેદરા, તાલુકા પંચાયતના પ્રમુખ પ્રતાપભાઈ કેશવાલા, તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ વિરમભાઈ કારાવદરા, ભાજપના આગેવાન સામતભાઈ ઓડેદરા, જિલ્લા પંચાયતના પૂર્વ કારોબારી અધ્યક્ષ આવડાભાઈ ઓડેદરા, જિલ્લા પંચાયતના સભ્યો કારૂભાઈ ગોઢાણીયા અને જેઠાભાઈ ઓડેદરા, પોરબંદર મહાનગરપાલિકાના નગરસેવક ધર્મેશભાઈ પરમાર, તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષ કેશુભાઈ ઓડેદરા, તાલુકા પંચાયતના સભ્ય રાજુજીભાઈ ઓડેદરા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત ભરતભાઈ બાપોદરા, નિર્મલજીભાઈ ઓડેદરા, ખીમાભાઈ ગોઢાણીયા (દેવકૃપા હોટલ, ખાંભોદર), તીર્થરાજ બાપોદરા, વિશાલ ઓડેદરા, રણમલભાઈ ઓડેદરા, લીલાભાઈ તથા વાછોડા ગામના સરપંચ ભરતભાઈ ઓડેદરા સહિતના આગેવાનો અને ગ્રામજનો પણ મહોત્સવમાં જોડાયા હતા.

મહોત્સવમાં સંગીત અને ગરબાની વ્યવસ્થા માટે ઘનશ્યામ સગરાવત અને મનસુખગીરી ગોસ્વામી સાથે રિધમ વિભાગમાં પંકજ ઢાંકેચા, શિવકૃપા સાઉન્ડ, શ્રી આવળ મંડપ, મીરા લાઈટિંગ, વછરાજ ફૂલ ડેકોરેશન, જયેશભાઈ જેઠવા (ઢોલી) અને પ્રવીણભાઈ (શરણાઈ) સહિતની ટીમો સહયોગ આપી રહી છે. સમસ્ત બખરલા ગામના સહયોગથી યોજાતો આ નવરાત્રી મહોત્સવ ધાર્મિક આસ્થા સાથે ગામની એકતા, સામૂહિક સહભાગિતા અને સાંસ્કૃતિક પરંપરાઓને ઉજાગર કરી રહ્યો છે. સરપંચ અરશીભાઈ ખુંટી તથા ગ્રામજનોના આયોજન હેઠળ નવ દિવસ સુધી ચાલનારા આ મહોત્સવમાં આગામી દિવસોમાં પણ માતાજીની આરાધના અને રાસ-ગરબાનો ઉત્સાહ જળવાઈ રહેશે.

# જૂનાગઢ: મહિલા પ્રોફેસર સાથે કાર્ગો કંપનીના માલિકે ૩૮ લાખના સામાનની કરી ઠગાઈ

### ફાસ્ટ પ્રોફેસનલ કાર્ગો મોર્સના માલિકએ બેંગ્લુરુ સામાન મોકલવા રૂ. ૨.૭૫ લાખમાં નક્કી કરી બે કાર સહિત ઘરનો સામાન ભરી લીધા બાદ રૂ. ૨.૧૧ લાખ અને બાદમાં ૧.૨૯ લાખનું બીલ મોકલી ખંડણી માંગી

**બિલમાં ઓફિસનું ખોટું સરનામું અને બંધ થયેલ જીએસટી નંબર દર્શાવી તા. ૨૦/૦૯/૨૬ થી સામાન ન પહોંચાડતા સી-ડિવિઝન પોલીસમાં ગુનો**

**અબતક,દર્શન જોશી, જુનાગઢ**

ફાસ્ર્ટ પ્રોફેસનલ કાર્ગો મોર્સના માલીક એ જૂનાગઢના મહિલા પ્રોફેસરનો ઘરનો સામાન અને બે કાર બેગલુરૂ મોકલવા નક્કી કરેલ રકમ કરતા વધુ રકમ માંગી, સામાન માલિકને નહીં આપી, તથા ઓફીસનુ ખોટુ સરનામુ તેમજ બિલમાં બંધ થયેલ જી.એસ.ટી દર્શાવી, ખંડણી માંગી, ઠગાઈ કરી હોવાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.મૂળ કર્ણાટકાના અને હાલ જૂનાગઢના મધુરમમાં આંગન ટાઉનશીપમાં રહેતા પ્રોફેસર ડો.વિદ્યા નારાયણ ડો.જયપ્રકાશભાઈ નારાયણ (ઉ.વ. ૪૫) એ જુનાગઢ થી બેગલુરુ તેમના ઘરે સામાન ફેરવવા આરોપી ફાસ્ટ પ્રોફેસનલ કાર્ગો મોર્સના માલીક સંદીપભાઈને સામન ફેરવવાના ૨.૭૫,૫૦૦ મા નક્કી કરી આરોપીએ ફરીયાદીના ઘરનો તમામ સામાન પેકીંગ કરી તેઓ ટ્રકમા ભરી ફરીયાદીની બન્ને કાર લઈ બેગલુરૂ પહોંચાડવા મોકલેલ, બાદમા આરોપીએ ફરીયાદીને રૂ. ૨,૧૧,૨૧૦ નુ બીલ મોકલી, પેમેન્ટ કરશો તોજ સામાન મળશે તેમ કહેતા ફરીયાદીએ નક્કી થયેલ તેજ પેમેન્ટ કરવાની વાત કરતા, આરોપીએ રૂ. ૧,૨૯,૨૮૦ નુ નવુ બીલ પેમેન્ટ કર્યા બાદ સામાન મળશે તેમ કહેલ આમ ફરીયાદીના ઘરનો સામાન તથા વાહનો મળી કી રૂ.૩૮,૧૫,૦૦૦ નો માલ સામાન બેગલુરુ સરનામે ગત તા. ૨૦/૦૯/૨૬ થી આજદીન સુધીમા નહી પહોચાડી, અગાઉ નક્કી થયેલ તેના કરતા વધારે રૂપીયાની અવાર નવાર માંગણી કરતા, તેમજ આરોપીએ ફરીયાદીને મોકલેલ અલગ અલગ બીલો જેમા તેઓની ઓફીસનુ સરનામુ જે ખોટુ સરનામુ હોય તેમજ તેમના જી.એસ.ટી નંબર બંધ થઈ ગયેલ છે. તે બીલમા દર્શાવી તેના મોબાઈલ નંબર ઉપરનુ સરનામુ ખોટુ હોય જે પ્રાથમીક તપાસ દરમ્યાન જણાઈ આવતા, આરોપીએ ફરીયાદી સાથે પહેલાથી જ ઠગાઈ કરવાના ઈરાદે ખોટા બીલો બનાવી તેનો ઉપયોગ કરી ફરીયાદી પાસેથી ખંડણી માંગી, ઠગાઈ કરી ગુન્હો કર્યા અંગેની સી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ થતા, પો.સ.ઈ. આર.એમ. વાળા એ વધુ તપાસ હાથ ધરી છે.

# હળવદના ચંદ્રગઢ ગામે યુવાનની બોથડ પદાર્થના ઘા ઝીંકી હત્યા

## અનીલ જાદવ મોડી સાંજે વાડીએથી ઘરે ન ફરતા પરિવારજનો શોધવા ગયા ત્યારે મકાન સામે માથુ ફાટેલી હાલતમાં મળ્યા



**અબ તક મોરબી ઋષિ મહેતા**

હળવદ તાલુકાના ચંદ્રગઢ ગામે યુવાનની હત્યાની ઘટના સામે આવતાં ચકચાર મચી ગઈ છે. અજાણ્યા શખ્સે યુવાનના માથાના ભાગે બોથડ પદાર્થના ઘા ઝીંકી તેની હત્યા કરી હોવાનું પ્રાથમિક વિગતોમાં સામે આવ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ચંદ્રગઢ ગામના અનીલ રામજીભાઈ જાદવ (ઉંમર ૨૭ વર્ષ) મોડી સાંજ સુધી વાડીએથી ઘરે પરત ફર્યા ન હતા. જેથી પરિવારજનો તેમને શોધવા માટે વાડીએ પહોંચ્યા હતા. જ્યાં અનીલભાઈનો મૃતદેહ મળી આવતાં પરિવારજનોમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.રાતના સવા નવેક વાગ્યાના વખતે મોટાભાઈ રામજીભાઈ ફોન આવેલ અને વાત કરેલ વાડીએ આવેલ મકાનની સામે પુત્ર અનીલ લોહી લુહાણ હાલતમાં પડેલ છે અને હલન ચલન કરતો નથી તેટલી વાત કરી ચાલુ ફોન દરમ્યાન મારા ભાઈ રામજીભાઈનો સામે થી અવાજ આવતો બંધ થઈ ગયેલ જેથી હું તથા દીકરો સુરેશ સાથે રામજીભાઈની વાડીએ ગયેલ જયાં રામજીભાઈ બેભાન હાલતમાં પડેલ હતા અને ત્યાં મકાનની સામે મારો ભત્રીજો જમીન ઉપર લોહી લુહાણ હાલતમાં પડેલ હતો અને માથાના ઉપરનો ભાગ ફાટી ગયેલ હતો જેથી મેં મારા ભત્રીજા હસમુખભાઈ જાદવ, જેરામભાઈ તથા પોપટભાઈ ડાયાભાઈનાઓને ફોન કરી જાણ કરેલ અને ૧૧૨ માં પોલીસને ફોન કરી જાણ કરેલ. આ વખતે રામજીભાઈને મારા ભાણા લાલજીભાઈ મોરી તથા સવજીભાઈ મકવાણા તથા પુત્ર સુરેશ સારવાર માટે લઈ ગયેલ હતા.

**ઘટનાની જાણ થતા ડીવાયએસપી, એલસીબી, અને હળવદ પીઆઈ સહિતનો કાફલો દોડી ગયો, આરોપીની શોધખોળ**

ઘટનાની જાણ થતાં ડીવાયએસપી, એલસીબી અને હળવદ પોલીસ સ્ટેશનના પીઆઈ સહિતની પોલીસ ટીમ મોડી રાત્રે ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે મૃતદેહને હળવદ સરકારી હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે ખસેડવાની કાર્યવાહી હાથ ધરી હતી.યુવાનની હત્યા કોણે અને કયા કારણોસર કરી તે અંગે અનેક સવાલો ઊભા થયા છે. હાલ પોલીસ દ્વારા હત્યાનો ગુનો નોંધવાની કાર્યવાહી હાથ ધરી આરોપીને શોધવા તેમજ હત્યા પાછળનું કારણ જાણવા તપાસ શરૂ કરવામાં આવી છે.

# શાપરમાં પત્નિને પજવતા પાડોશીને ટપારતા યુવાન પર પાઈપ વડે હુમલો

## પગપાળા જતી પરિણીતા પાસે પાડોશીએ કાર ઉભી રાખી દીધી'તી : ઠપકો આપવા જતાં પતિને માર માર્યો

**અબતક, રાજકોટ**

શાપરમાં પત્નીની પજવણી કરનાર પાડોશી શખસને સમજાવવા જતા યુવાન પર પાઈપ વડે હુમલો કરી તેને લોહીલુહાણ કરી દીધો હતો. આ અંગે યુવાનની ફરિયાદ પરથી શાપર પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

શાપર વેરાવળમાં રામદેવનગરમાં રહેતા કોન્ટ્રાક્ટર રાહુલ અરવિંદભાઈ દેગડા (ઉ.વ.૨૬) દ્વારા શાપર પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે પાડોશમાં રહેતા સાગર મહાવદિયાનું નામ આપ્યું છે. યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈકાલ બપોરના એકાદ વાગ્યા આસપાસ તે ઘરે જમવા ગયો હતો ત્યારે જમતા જમતા પત્ની રીંકલે વાત કરી હતી કે, આપણા પાડોશમાં રહેતા સાગર મહાવદિયા ગઈકાલ સવારના દસેક વાગ્યે હું ચાલીને રામદેવનગરથી શાંતિધામ જતી હતી ત્યારે એસઆઈડીસી રોડ પર સાગરે મારી પાસે ગાડી ઉભી રાખી હતી તેવી વાત પત્નીએ કરી હતી.

બાદમાં યુવાન પાડોશી શખસ સાગર મહાવદીયાને આ બાબતે ચોખવટ કરવા તેના ઘરે ગયો હતો અને વાત કરી હતી કે તું મારી પત્ની રીંકલ ચાલીને જતી હતી તો કેમ ગાડી ઉભી રાખતો હતો. આ સાંભળી સાગર ઉશ્કેરાઈ ગયો હતો અને બેફામ બોલવા લાગ્યો હતો ત્યારબાદ યુવાનને ઢીકાપાટુનો માર મારી ગાળો આપવા લાગ્યો હતો. ગાળો આપવાની ના પાડતા ઘરની બહાર પડેલા લોખંડના પાઈપ વડે યુવાન પર હુમલો કરી દેતા યુવકને માથામાંથી લોહી નીકળવા લાગ્યું હતું. બાદમાં સાગર અહીંથી જતો રહ્યો હતો ઈજાગ્રસ્ત હાલતમાં યુવાનને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ત્યારબાદ તેણે આ અંગે પાડોશી શખસ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી છે.

# વેરાવળ બસ સ્ટેશન પાસે પોલીસની મોટી કાર્યવાહી, ૫.૭૬ લાખના ડ્રગ્સ સાથે રિક્ષાચાલક ઝડપાયો

### અલ્લારખા ઈબ્રાહીમ કેસરિયાના કબજામાંથી એમડી ડ્રગ્સ મળ્યું, મોબાઈલ અને રીક્ષા મળી ૬.૩૨ લાખનો મુદ્દામાલ કબજે



**મુંબઈનો મોહસીન તુર્ક અને વેરાવળનો તોસીફ ઉર્ફે જીવાત મલેકની સંડોવણી ખુલી**

**અબતક વેરાવળ જયેશ પરમાર**

ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ બસ સ્ટેશન સામે શક્તિ મોલની પાછળ સાંગાણી હોસ્પિટલ વાળી ગલીમાં અંતિમ નાર્કોટિક્સ વિંગ અને એસોજી પોલીસની ટીમે દરોડો પાડી રૂપિયા ૫.૭૬ લાખની કિંમતના ₹૫૭.૫૬ ગ્રામ ડ્રગ્સના જથ્થા સાથે અલારખા કેસરિયા ની ધરપકડ કરી પોલીસે મોબાઈલ રીક્ષા અને ડ્રગ્સ મળી ₹૬.૩૨ લાખનો મુદ્દામાલ કબજે કરી નાસીક છૂટેલા મુંબઈનો મોસીન તુર્ક અને વેરાવળનો તોસીફ ઉર્ફે જીવાત મલેકની શોધખોળ હાથ ધરવામાં આવી છે વધુ વિગત મુજબ જુનાગઢ રેન્જ ડી.આઈ.જી.પી રાજેન્દ્રસિંહ ચુડાસમા, ગીર સોમનાથ પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજાએ ગીર સોમનાથ જિલ્લામાં નશીલા પદાર્થોની બદી નાબુદ કરવા, ડ્રગ્સ કે અન્ય કોઈ માદક પદાર્થનું કોઈ જગ્યાએ વેચાણ કે હેરાફેરી કરતા શખ્સને પકડી પાડી શોધી કાઢવા સખત સુચનાને પગલે એ એન ડબલ્યુ અને એસઓજીના પોલીસ ઈન્સ્પેકટર કે.એ.ચાવડા તથા પો.સબ.ઈન્સ એ.બી.ગોહીલ સહિત સ્ટાફ વેરાવળ સીટી પો.સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમા હતા. વેરાવળ સોમનાથ ટોકીઝ નજીક રહેતો અલ્લારખા ઈબ્રાહીમ કેસરિયા નામનો શખ્સ રિક્ષામાં નસીલા પદાર્થની હેરાફેરી કરતો હોવાની એસ ઓ જીના એ.એસ.આઈ. અનિરુધ્ધસિંહ તથા, પો.કોન્સ. નદીમ શેરમહમદને મળેલી બાતમીના આધારે બસ સ્ટેશન સામે શકિતમોલની પાછળ સાંગાણી હોસ્પીટલ વાળી ગલીમા વોચ ગોઠવી હતી ત્યારે શંકાસ્પદ હાલતમાં નીકળેલી ઓટો રીક્ષા ને અટકાવી તલાસી લેતા અલ્લારખા કેસરિયા ના કબજા માંથી ૭૬ લાખની કિંમતના ૫૭.૫ ગ્રામ ડ્રગ મળી આવતા તેની અટકાયત કરી ડ્રગ્સ મોબાઈલ અને ઓટોરિક્ષા મળી રૂપિયા ૬.૩૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસે ઝડપ પહેલા રખા કેસરિયા ની પ્રાથમિક પૂછપરછમાં ડ્રગ્સ નો જથ્થો મુંબઈના મોસીન યુસુફ તુર્ક અને વેરાવળ નો તોસીફ ઉર્ફે જીવાત મલેકની સંડોવણી ખૂલતા બંનેની શોધખોળ હાથ ધરવામાં આવી છે. સીટી પો.સ્ટે. ખાતે એન.ડી.પી.એસ. એકટ કલમ મુજબ ગુનો નોંધી વિરુધ્ધ ધોરણસરની કાર્યવાહી કરવામા આવેલ છે.

# લાલપુરમાં સીએમસીએ પકડેલા રૂ. ૮૦ લાખના દારૂ કેસમાં ફરાર બે આરોપીને રાજકોટ રેન્જની ટીમે ઝડપ્યા

### દિલીપ વારોતરીયા અને અનીલ કનારાને ઝડપી ભાણવડ પોલીસને તપાશ સોંપાઈ



**અબતક,રાજકોટ**

જામનગર જિલ્લાના લાલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં એસએમસી દ્વારા પકડવામાં આવેલ ૮૦ લાખના ઇંગ્લીશ દારૂના ગુનામાં નાસતા-ફરતા બે આરોપીને રાજકોટ રેન્જ ટીમે ઝડપી પાડી ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરી છે.

નવરાત્રીના તહેવારોમાં રાજકોટ રેન્જ હસ્તકના જિલ્લામા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ ગુનાખોરી કરી નાસતા-ફરતા આરોપીઓને શોધી કાઢી પકડી પાડવા રેન્જના વડા નિર્લિપ્ત રાયે આપેલી સુચનાને પગલે રેન્જના પોલીસ ઈન્સપેક્ટર અપૂર્વ પટેલના માર્ગદર્શન હેઠળ પો.સબ.ઈન્સ. પી.એન.મોરી, બી.સી.મીયાત્રા, સી.એમ.કાંટેલીયા, એ.વાય.ઉધાસ અને સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે સ્ટાફના વનરાજભાઈ મકવાણા, સંદિપસિંહ ઝાલા, કમલેશભાઈ રબારી, વિપુલભાઈ મોરી, પરેશભાઈ સાંજવા તથા ડ્રા. ધર્મેન્દ્રસિંહ જાડેજાને મળેલ બાતમીના આધારે લાલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સ્ટેટ મોનિટરિંગ સેલે દ્વારા દરોડો પાડી ૮૦ લાખનો ઈંગ્લીશ દારૂ પકડી પાડવામાં આવ્યો હતો.જે રેઈડ બાદથી નાસતા ફરતા આરોપીઓ દિલીપ સાજણભાઈ વારોતરીયા રહે. ગામ-મોટાકાલાવડ, તા.ભાણવડ જી.દેવભૂમિ દ્વારકા અને અનીલ માલદેભાઈ કનારા રહે. ગામ-મોટાકાલાવડ, તા.ભાણવડ જી.દેવભૂમિ દ્વારકા નાઓને મોટાકાલાવડ ગામ પાસે આવેલ ચાર પાટીયા પાસેથી અટકાયત કરી હતી ભાણવડ પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપી આગળની ઘટીત કાર્યવાહી કરવામાં આવેલ છે.

# ધોરાજીના યુવાનને ધોકા-પાઈપ વડે આડેધડ ફટકારી અર્ધબેભાન કરી નાખ્યો

## ફક્ત સામે જોવા જેવી બાબતમાં બેફામ ગાળો ભાંડી ચાર શખ્સો તૂટી પડ્યા, ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

ધોરાજીના ફેરણી રોડ પર રહેતા યુવાનને બે શખસોએ સામુ જોવા જેવી બાબતે ધોકા- પાઈપ વડે માર મારી અર્ધબેભાન કરી દીધો હતો. જ્યારે તેના પિતા અને ભાઈએ યુવાનને ગાળો ગાળો ભાંડી હતી. જે અંગે યુવાને ધોરાજી સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

ધોરાજીમાં ફેરણી રોડ પર રહેતા ટીનાભાઈ પ્રભુભાઈ ઠાકોર (ઉ.વ.૩૫) નામના યુવાને નોંધાવેલી પોલીસ ફરિયાદમાં આરોપી તરીકે આ જ વિસ્તારમાં રહેતા શૈલેષ ઠાકોર, અમર ઠાકોર, અમૃત ઠાકોર અને દશરથ ઠાકોરના નામ આપ્યા છે. યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, તા. ૧૧-૧૦ ના સાંજના સમયે તે તથા તેના ખટારાનો ડ્રાઈવર કેતન બંને ફેરણી રોડ પર આવેલા દર્શન પાર્કમાં ખટારાનું રીપેરીંગ કામ કરતા હતા. તે વખતે શૈલેષ અને અમર બંને અહીંથી નીકળ્યા હતા અને યુવાનના ડ્રાઈવર કેતને તેને બીડી પીવડાવી હતી. બાદમાં બને અહીં ઉભા હતા.

દરમિયાન શૈલેષે યુવાનને કહ્યું હતું કે તું કેમ મારી સામે જુએ છે તેમ કહી ગાળો દેવા લાગ્યો હતો. ગાળો દેવાની ના કહેતા બંને ઉશ્કેરાઈ ગયા હતા અને ઘરેથી પાઈપ અને ધોકો લઈને આવ્યા હતા. બાદમાં બંને શખસો યુવાન પર ધોકા-પાઈપ વડે હુમલો કરતા તે બેભાન જેવો થઈ ગયો હતો. તેવામાં શૈલેષના પિતા અમૃત તેનો ભાઈ દશરથ પણ આવી ગયા હતા અને ગાળો આપી જતા રહ્યા હતા ત્યારબાદ યુવાનને ૧૦૮ મારફત પર સારવાર માટે ધોરાજી અને ત્યારબાદ વધુ સારવાર માટે જૂનાગઢ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. બાદમાં તેણે આમને ફરિયાદ નોંધાવી છે.

## જૂનાગઢ: વૃદ્ધની તબિયત લથડતા એમ્બ્યુલન્સ માટે વેપારીઓએ ટ્રાફિક ક્લિયર કરાવ્યો

**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**

માંગનાથ રોડ પર ૭૫ વર્ષિય વૃદ્ધ દુકાનના ઓટલા પર બેભાન થઈ જતા આસપાસના વેપારીઓ તાત્કાલિક મદદ માટે દોડી ગયા હતા. તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને કોલ કરી, વૃદ્ધ સદગૃહસ્થના ભાઈને પણ જાણ કરવામાં આવી હતી. દરમિયાન તહેવારો હોવાથી બપોરના સમયે બજારમાં વાહનોની અવરજવરના કારણે ૧૦૮ એમ્બ્યુલન્સને સ્થળ સુધી પહોંચાડવી પડકારરૂપ હતી. ત્યારે દશેક જેટલા વેપારીઓએ ૧૦૮ એમ્બ્યુલન્સને કાળવા ચોક તરફથી બજારની અંદર લાવવા રસ્તો ખુલ્લો કરાવવા ભારે જહેમત ઉઠાવી, શારીરિક અસ્વસ્થ બનેલા સદગૃહસ્થને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચાડવામાં એમ્બ્યુલન્સમાં સુવડાવી, એમ્બ્યુલન્સ સરળતાથી પરત જાય તે માટે વેપારીઓએ રસ્તા ઉપર ઊભા રહી પાર્ક કરેલા વાહનોને ખસેડાવી, રસ્તો કિલયર કરાવી, એમ્બ્યુલન્સને સાંકળી બજાર માંથી બહાર જવા માટે માર્ગ મોકળો કરી આપ્યો હતો.

## જામજોધપુરમાં પવનચચકીના ભારે વાહનોથી ખેડુતો ત્રસ્ત

**અબતક,ભરત ગોહિલ, જામજોધપુર**

જામમેધપુર તાલુકાના શેઠ વગાળા વિસ્તારમાં ખાનગી પવનચકી ના કામો ચાલે છે. જેમાં રાત્રીના સમયે પવન ચકીના વાહનો માં ભારે માલસામાનો ટ્રક ટ્રોલી તેમજ અન્ય વાહનોમાં નીકળે છે ત્યારે આવા વાહનો નીકળવાની રાત્રીના મંજૂરી હોતી નથી તેમજ આવા વાહનોના આર .ટી. ઓ પાસીંગ સહિત ની આર .ટી.ઓ મંજૂરી હોતી નથી તેમજ આવા વાહનો રાત્રે ખેડુતોના ખેતરમાંથી નીકળે છે અને ઉભા પાકને નુકશાન કરે છે ટ્રાફિક ની સમસ્યા રહે છે ત્યારે અકસ્માત નો પણ ભય રહે તો હોય યોગ્ય પગલા લેવા શહેર કોંગ્રેસ પ્રમુખ સચિન ચોટાઈ દવારા માંગ કરાય છે.

# લખતર માર્કેટીંગ યાર્ડ ખાતે કપાસની પ્રથમ દિવસે ૪૦૨૦ મણ આવક

## અંદાજે ૬૭થી વધુ ખેડુતો કપાસ વેચવા આવ્યા, મણના ભાવ રૂ.૧૮૮૨થી ૨૦૫૧ સુધી બોલાયા



**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લો કપાસના ઉત્પાદનમાં મોખરાનું સ્થાન ધરાવે છે ત્યારે લખતર રેલવે સ્ટેશન રોડ પર આવેલ કરણસિંહજી માર્કેટિંગ યાર્ડ ખાતે ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ લખતર દ્વારા કપાસની ખરીદીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. છેલ્લા કેટલાંક સમયથી ખેડૂતો અને વેપારીઓની રજુઆતને ધ્યાને લઈને લખતર એપીએમસીના ચેરમેનની ઉપસ્થિતમાં કપાસની ખરીદીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

જ્યારે લખતર એપીએમસી ખાતે કપાસની ખરીદીની શરૂઆત કરવામાં આવતા ખેડુતોમાં આનંદની લાગણી ફેલાઈ જવા પામી છે. લખતર એપીએમસી ખાતે સોમવારના રોજ બપોરના સમયે કપાસની ખરીદી શરૂ કરવામાં આવતા પ્રથમ દિવસે ૬૭થી વધુ ખેડૂતો ટ્રેકટર લઈને કપાસ વેચવા માટે પહોંચ્યા હતા.જેમાં કપાસની ખરીદીના પ્રારંભે પ્રથમ ખરીદી માટે રૂ.૨૦૫૧ના ભાવથી કપાસની ખરીદી માટે મુર્હત કરવામાં આવ્યું હતું. લખતર એપીએમસીમાં કપાસની ખુલ્લી હરરાજી દરમ્યાન રૂ.૧૮૮૨ થી રૂ.૨૦૫૧ સુધી મણના ભાવ મુજબ વેપારીઓ દ્વારા બોલી બોલવામા આવી હતી જેમા પ્રથમ દિવસે ૪૦૨૦ મણ જેટલા કપાસની આવક થઈ હતી. જ્યારે આગામી દિવસોમાં કપાસની ખરીદી દરમ્યાન સારા ભાવ મળે એવી ખેડૂતો દ્વારા આશા વ્યક્ત કરવામાં આવી હતી.

# વેરાવળ: ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા થેલેસેમિયા પીડિત બાળકોના મેડિકલ તપાસ અંગે માર્ગદર્શન

## બોનમેરો ટ્રાન્સપ્લાન્ટની સમગ્ર પ્રક્રિયા વિશે નિષ્ણાંતો દ્વારા વિસ્તૃત માહિતી અપાઈ



**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના ઉપક્રમે થેલેસેમિયા પીડિત બાળકો માટે મેડિકલ તપાસ અને બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ માર્ગદર્શન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સંકલ્પ ઈન્ડિયા ફાઉન્ડેશન અને ગ્લોબલ હોસ્પિટલ (અમદાવાદ) ના બાળકોના લોહી અને કેન્સરના નિષ્ણાત ડો. વૈભવ શાહે ઉપસ્થિત રહી બાળકોની તપાસ કરી હતી. તેમણે માહિતી આપતા જણાવ્યું હતું કે, સંકલ્પ ઈન્ડિયા ફાઉન્ડેશન દ્વારા થેલેસેમિયા પીડિત બાળકો માટે બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ પ્રોગ્રામ ચલાવવામાં આવે છે.

ગત ૫ જુલાઈના રોજ ૯ મેજર થેલેસેમિયા બાળકો અને તેમના સંબંધીઓના ૫૦ નમૂના લેવામાં આવ્યા હતા બાળકોના એચએલસી ટાઈપિંગ ટેસ્ટ કરાવવામાં આવ્યા હતા, જેમાંથી હાલ ૯ થી ૧૦ બાળકોના રિપોર્ટ આવી ગયા છે અને ૨ બાળકોના રિપોર્ટ 'ફુલ મેચ' થયા છે.

વેરાવળ ખાતે યોજાયેલ ઓપીડી દરમિયાન દરેક બાળકની વ્યક્તિગત મેડિકલ તપાસ કરવામાં આવી હતી અને તેમના વાલીઓને બોનમેરો ટ્રાન્સપ્લાન્ટની સમગ્ર પ્રક્રિયા વિશે વિસ્તૃત માહિતી આપી આગળની સારવાર અને પ્રક્રિયા માટે અમદાવાદ ખાતે બોલાવવામાં આવશે.

# સુરેન્દ્રનગર: આશા વર્કર અને ફેસિલિટેટર બહેનોના પડતર પ્રશ્નોનો ઉકેલ નહીં આવતા ઉગ્ર વિરોધ કર્યો

## શહેરના ટાગોર બાગથી કલેકટર કચેરી સુધી સૂત્રોચાર સાથે રેલી યોજી રજુઆત કરી



**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર ખાતે આશા વર્કર અને આશા ફેસિલિટેટર બહેનોએ લાંબા સમયથી પડતર રહેલા વિવિધ પ્રશ્નોનો કોઈ ઉકેલ નહીં આવતાં સરકાર સામે વિરોધ નોંધાવ્યો હતો. જેમાં આશા વર્કર અને ફેસિલિટેટર બહેનોએ શહેરના ટાગોર બાગથી જીલ્લા કલેક્ટર કચેરી સુધી રેલી યોજી હતી અને પોતાની વિવિધ પડતર માંગણીઓ અંગે ઉગ્ર રજૂઆત કરી હતી. છેલ્લા ઘણા સમયથી આશા વર્કર અને ફેસિલિટેટર બહેનો દ્વારા પૂરતો અને નિયમિત પગાર ચૂકવવો, ઈન્સેન્ટિવની સમસ્યાનો ઉકેલ લાવવા, યુનિફોર્મની સુવિધા પૂરી પાડવા તેમજ ઓનલાઈન કામગીરી દરમિયાન પડતી મુશ્કેલીઓ દૂર કરવા સહિતના વિવિધ મુદ્દાઓ અંગે રજુઆત કરવામાં આવી રહી છે તેમજ જો આગામી દિવસોમાં તેમના પડતર પ્રશ્નોનો ઉકેલ નહીં આવે તો આંદોલનને વધુ ઉગ્ર બનાવવાની અને જરૂર પડ્યે ગાંધીનગરથી લઈને દિલ્હી સુધી આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

# અમરેલી ખેલ મહાકુંભમાં રાજવી ધડુકે સ્કેટિંગ સ્પર્ધામાં બેવડી સિદ્ધિ મેળવી

## ૫૦૦ અને ૧૦૦૦ મીટર સ્કેટિંગ રીંક રેસમાં પ્રથમ ક્રમાંકે, રાજ્ય કક્ષાએ જીલ્લાનું પ્રતિનિધિત્વ કરશે




**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

અન્ડર-૧૭ બહેનોની કેટેગરીમાં યોજાયેલી ૫૦૦ મીટર અને ૧૦૦૦ મીટર સ્કેટિંગ રીંક રેસમાં રાજવીએ પ્રથમ સ્થાન મેળવીને અમરેલી જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. રાજવીએ નિયમિત પ્રેક્ટિસ, સખત મહેનત અને રમત પ્રત્યેની લગનના બળે બંને સ્પર્ધામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. તેની આ સિદ્ધિ યુવા ખેલાડીઓ માટે પ્રેરણારૂપ બની છે. રાજવીએ સતત બીજા વર્ષે પોતાની સફળતાની પરંપરા જાળવી રાખી છે. અગાઉ પણ તે રાજ્ય કક્ષાની સ્કેટિંગ સ્પર્ધામાં ભાગ લઈ પોતાની પ્રતિભા સાબિત કરી ચૂકી છે. જિલ્લા કક્ષાએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યા બાદ હવે રાજવી આગામી રાજ્ય કક્ષાની સ્પર્ધામાં અમરેલીનું પ્રતિનિધિત્વ કરશે.

# સુરેન્દ્રનગરમાં ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો સામ સામે વિરોધ પ્રદર્શન કરે તે પહેલા પોલીસ દ્વારા અટકાયત

## ભાજપ મહિલા મોરચાની ૨૦થી વધુ કાર્યકરોને અને કોંગ્રેસના ૧૦થી વધુ આગેવાનોની અટકાયત



**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર શહેરના મેઈન રોડ પર આવેલ જીલ્લા કોંગ્રેસ કાર્યાલય પાસે ભાજપ અને કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો વચ્ચે વિરોધ પ્રદર્શનને લઈને વાતાવરણ ગરમાયું હતું. જેમાં કોંગ્રેસના સાંસદ દ્વારા નારીનું અપમાન કરવામાં આવ્યું હોવાના આક્ષેપ તેમજ ૧૧ વિદ્યાર્થિનીઓના કથિત યૌન શોષણના મામલે જીલ્લા ભાજપ મહિલા મોરચા દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવે તે પહેલાં જ પોલીસે ભાજપના મહિલા આગેવાનો અને કાર્યકરોની અટકાયત કરી હતી. જેમાં જીલ્લા કોંગ્રેસ કાર્યાલય પાસે વિરોધ પ્રદર્શન કરે તે પહેલાં જ પોલીસે જીલ્લા ભાજપ મહિલા પ્રમુખ સહિત અંદાજે ૨૦ થી વધુ મહિલા કાર્યકરોની અટકાયત કરી હતી. આ દરમિયાન ભાજપ મહિલા મોરચાના વિરોધ સામે કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોએ પણ રોષ વ્યક્ત કરી વિરોધ કરતા પોલીસે કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોની પણ અટકાયત કરી હતી. આ કાર્યવાહીમાં કોંગ્રેસના અંદાજે ૧૦થી વધુ આગેવાનો અને કાર્યકરોની પોલીસે અટકાયત કરી હતી.

# ગોંડલ: ફોરેસ્ટ યુથ કલબ દ્વારા વાવડીવીડો સિમ શાળાના બાળકોને ભાવતા ભોજનિયા કરાવાયા



**અબતક, હરેશ ગણોદિયા, ગોંડલ**

ગોંડલ લોહાણા રઘુવંશી પરિવારના સુનિલભાઈ પોપટ પરિવાર દ્વારા તેમના સ્વ.પિતા રમણિકલાલ શિવલાલ પોપટ ની પુણ્ય તિથિ અવસરે ગોંડલ તાલુકાની વાવડીવીડો સરકારી પ્રાથમિક સીમ શાળાના બાલવાટિકા અને ધોરણ ૧ થી ૮ ના તમામ ૭૫ વિદ્યાર્થીઓને તેમની ઈચ્છા અનુસાર કચ્છી સ્વાદિષ્ટ દાબેલી અને કોલ્ડડ્રિન્કસ નો આસ્વાદ ગોંડલ ફોરેસ્ટ યુથ કલબ ના સેવાભાવી હિતેશભાઈ દવે અને હિતેશભાઈ પંડ્યા ના સહકાર થી બાળકોને ભરપેટ ભોજન કરાવવામાં આવ્યું.

# સોમનાથના પ્રાંસલી ગામે એનિમલ ટીમ દ્વારા બળદના શીંગડાનું સફળ ઓપરેશન



**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

ગીર સોમનાથ જિલ્લાના પ્રાંસલી ગામે એક બળદના શીંગડાના કંબોઈનું સફળ ઓપરેશન કરી તેનો જીવ બચાવવામાં આવ્યો છે. ૧૯૬૨ એનિમલ એમ્બ્યુલન્સની ટીમે બે કલાકથી વધુ સમયની મહેનત બાદ બળદને પીડામુક્ત કર્યો. આ ઘટના ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ બની હતી. પ્રાંસલી ગામના કાનજીભાઈનો બળદ લાંબા સમયથી શીંગડાના કંબોઈથી પીડાતો હતો. તપાસ કરતા ઓપરેશનની જરૂર જણાતા ડો. વિરમ બી. વાજા, પાયલોટ કમ ડ્રેસર અજયસિંહ રાઠોડ અને ગૌપ્રેમી વિપુલભાઈએ સાવચેતીપૂર્વક સારવાર કરી. સુત્રાપાડા તાલુકાની આ ટીમે બળદને પીડામુક્ત કરવામાં સફળતા મેળવી.

# બગસરા: વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ દ્વારા સ્વરોજગાર નિર્માણ સેમિનારમાં ૮૦ બહેનો બની સહભાગી



**અબતક, સમીર વિરાણી, બગસરા**

વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ બગસરા દ્વારા મહિલા મંડળની બહેનો માટે બગસરા મુકામે, સ્વ રોજગાર નિર્માણ સેમીનાર યોજાયો જો તમે હાર્ડ વર્ક કરવા તૈયાર હો. અને સમય સર કામ કરવાની કુશળતા ઉભી કરી શકો તેમ હો તો તમે ચોક્કસ કોઈ પણ વ્યવસાય માં સફળતાં મેળવી શકો તેમ ઈ.ડી.આઈ. અમદાવાદ થી ઉપસ્થિત, તજજ્ઞ પ્રકાશ સોલંકી એ જણાવેલ. મહિલા ઓ સંગઠિત બની, અનેક નવા નવા શ્રેત્રોમાં પોતાનો વ્યવસાય સ્થાપી શકે છે, બસ એ માટે જરૂર છે, એ પ્રમાણે નું જીવન નું મિશન બનાવી ઈનોવેશન વર્ક કરવાની. આ સેમીનારમાં ૮૦ જેટલા બહેનો સહભાગી બનેલ તેમ સંસ્થા ના ટ્રસ્ટી જયશ્રીબેન સાવલિયા ની યાદી માં જણાવેલ છે.

# જૂનાગઢ: હવે વોટસએપથી જ વીજ ફોલ્ટની ફરિયાદ નોંધાવી શકાશે

## ટોલ ફ્રી નંબર ૧૯૧૨૨ અને વોટસએપ નંબર ૯૫૧૨૦૧૯૧૨૨ ૨૪x૭ કલાક કાર્યરત રહેશે

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

પીજીવીસીએલ દ્વારા ગ્રાહકોને સરળતાથી વીજસેવા મળી રહે અને વીજસંબંધિત પ્રશ્નોનું સમયસર નિરાકરણ આવે તે હેતુથી જૂનાગઢ ગ્રામ્ય વિભાગીય કચેરી હેઠળની પેટા વિભાગીય કચેરીઓના ફોન અને મોબાઈલ નંબર જાહેર કરવામાં આવ્યા છે. વીજ ગ્રાહકોની ફરિયાદોના નિરાકરણ માટે પીજીવીસીએલનો ટોલ ફ્રી નંબર ૧૯૧૨૨ તથા વોટ્સએપ નંબર ૯૫૧૨૦૧૯૧૨૨ ચોવીસ કલાક કાર્યરત છે.

પીજીવીસીએલના 'સતત સેવા થકી ગ્રાહકોને સંતોષ'ના ધ્યેયને અનુરૂપ, વીજ ગ્રાહકો પોતાની વીજસંબંધિત ફરિયાદો અને પ્રશ્નોના નિરાકરણ માટે જૂનાગઢ ગ્રામ્ય વિભાગીય કચેરી હેઠળની પેટા વિભાગીય કચેરીઓના સંપર્ક જાહેર કરવામાં આવ્યા છે. તે મુજબ જૂનાગઢ ગ્રામ્યના ફોન નંબર ૦૨૮૫-૨૬૬૧૦૯૪-મો.નં. ૯૬૮૭૬૩૩૭૫૦, બિલખાના ફોન નં. ૦૨૮૫-૨૬૮૩૧૬૦-મો. ૯૬૮૭૬ ૩૩૭૫૧, ભેંસાણના ફોન નં. ૦૨૮૭૩-૨૫૩૩૨૯- મો. ૯૬૮૭૬ ૩૩૭૫૨, વિસાવદર-૧ના ફોન નં. ૦૨૮૭૩-૨૨૨૧૦૮-મો.૯૬૮૭૬૩૩૭૫૪, વિસાવદર-૨ના ફોન નંબર ૦૨૮૭૩-૨૨૨૧૦૮- મો ૯૬૮૭૬૩૩૭૫૭, મોટા કોટડાના ફોન નં. ૦૨૮૭૩-૨૪૮૨૦૦ - મો. ૯૨૧૩૦૧૦૧૭૬ પર વીજ ફોલ્ટ લખાવી શકાશે. તેમ કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ ગ્રામ્ય વિભાગીય કચેરી-૧ જૂનાગઢની યાદીમાં જણાવ્યું છે.

# અપહરણ કેસમાં વોન્ટેડ હરેશ ૧૮ વર્ષે ઝડપાયો

**અબતક, જામનગર**

જામનગર શહેરના સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલા અપહરણના ગુનામાં છેલ્લા ૧૮ વર્ષથી ફરાર હતો.

રાજકોટ રેન્જની મોહનનગર ઢાળિયા પાસેથી આરોપી હરેશ આંબાભાઈ પણસારા (રહે. અશ્વિની સોસાયટી, બ્લોક નં. ૭૦/૨, સુરત)ને રાજકોટ રેન્જની ટીમે ઝડપી પાડવામાં આવ્યો હતો.

# અમરેલી જિલ્લાના પાંચ બસ સ્ટેશનો પર ગ્રામહાટનો પ્રારંભ

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

અમરેલી જિલ્લાની ગ્રામ્ય મહિલાઓને આર્થિક રીતે સક્ષમ બનાવવા અને સ્વસહાય જૂથો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓના વેચાણને પ્રોત્સાહન આપવા અમરેલી જિલ્લાના સાવરકુંડલા, ધારી, લાઠી, બગસરા અને બાબરા બસ સ્ટેશનો ખાતે ગ્રામહાટનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અંતર્ગત રાજ્ય સરકારના ગ્રામ વિકાસ વિભાગ અને ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમના સહયોગથી શરૂ કરાયેલી આ સુવિધા દ્વારા સખી મંડળોની બહેનોને પોતાની હસ્તકલાની વસ્તુઓ, ઘરવપરાશની ચીજવસ્તુઓ અને અન્ય સ્થાનિક ઉત્પાદનોના વેચાણ માટે યોગ્ય બજાર મળશે. સાવરકુંડલા ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ચોડવડિયાના હસ્તે, જ્યારે ધારી અને બગસરા ખાતે ધારાસભ્ય જે.વી. કાકડિયા તથા જિલ્લા પંચાયત ઉપપ્રમુખ મહાવીરબાપુ ભગતની ઉપસ્થિતિમાં ગ્રામહાટનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. લાઠી અને બાબરા ખાતે પણ સ્થાનિક પદાધિકારીઓ અને અગ્રણીઓની ઉપસ્થિતિમાં ગ્રામહાટનો પ્રારંભ કરાયો હતો.

# ઉના: મહિલા કોલેજની ત્રણ દીકરીઓ વિવિધ સ્પર્ધામાં વિજેતા બની કોલેજનું ગૌરવ વધાર્યુ

## નરસિંહ મહેતા યુનિ.ના કલા મહોત્સવમાં અને રાષ્ટ્રીય કક્ષાની ચેસ સ્પર્ધામાં વિજેતા બની નોંધપાત્ર સિધ્ધિઓ મેળવી




**અબતક, ઉના**

ઉનામાં ઉના તાલુકા કેળવણી મંડળ સંચાલિત મહિલા આર્ટસ કોલેજમા અભ્યાસ કરતી સોલંકી મૈત્રીએ ચેસ સ્પર્ધામા વિજેતા બની આગામી દિવસોમા રાષ્ટ્રીય કક્ષાની ચેસ સ્પર્ધા રાજસ્થાન રાજ્યમા યોજાનાર હોય ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી તરફથી પ્રતિનિધિત્વ કરી ચેસ સ્પર્ધામા ભાગ લેવા પસંદગી પામેલ છે અને તાજેતરમા યોજાયેલ ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સીટીનો કલા મહોત્સહાવ ૨૦૨૬ યોજાયો હતો. જેમાં કોલેજની દીકરી પરમાર નાનીબેનએ કાર્ટૂન સ્પર્ધામા પ્રથમ, ચિત્ર સ્પર્ધા જાનવીબેન બીજા ક્રમે અને રંગોળી સ્પર્ધામા રાઠોડ ભૂમિકાબેન બીજા ક્રમે વિજેતા બનતા કેળવણી મંડળના પ્રમુખ જીતુભાઈ શેઠ, ટ્રસ્ટીઓ, પ્રિન્સિપાલ ડો.લલિતભાઈ બારૈયા, કોલેજના પ્રાધ્યાપકો અને સ્ટાફે અભિનંદન સાથે શુભકામના આપી હતી.

# વિસાવદર: કોંગ્રેસના સ્નેહ મિલન કાર્યક્રમમાં કારોબારી હોદેદારોને નિમણુંક પત્ર એનાયત



**અબતક, ગીજુભાઈ વિકમા, વિસાવદર**

વિસાવદર શહેર કોંગ્રેસ પ્રમુખ આનંદ પંડ્યા દ્વારા વિસાવદર ગાયત્રી પ્લોટ રાજગો બ્રાહ્મણ વાડી ખાતે સ્નેહ મિલન કાર્યક્રમ તેમજ શહેર કારોબારીના હોદેદારોની ઉપપ્રમુખો, મંત્રીઓ, મહામંત્રીઓ તેમજ વોર્ડના પ્રમુખોને નિમણુંક પત્ર ગુજરાત પ્રદેશ કોંગ્રેસના ઉપાધ્યક્ષ અને જુનાગઢ જિલ્લા કોંગ્રેસના પ્રભારી શહેનાજબેન બાવી તેમજ જુનાગઢ જીલ્લા કોંગ્રેસ પ્રમુખ અમિતભાઈ પટેલ, જીલ્લા કોંગ્રેસના ઉપપ્રમુખ ભરતભાઈ ભરડિયા, તાલુકા કોંગ્રેસ પ્રમુખ કરશનભાઈ વાડોદરિયા, પૂર્વ જીલ્લા પંચાયત સદસ્ય ચંદ્રીકાબેન વડોદરિયા તેમજ વિસાવદર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ રજનીકાંતભાઈ ડોબરિયાના હસ્તે વિસાવદર શહેર કારોબારીના દરેક સભ્યો નિમણુંક પત્ર એનાયત કરવામાં આવેલ હતાં. સાથે વિસાવદરની બે સેવાકાર્ય સંસ્થા ગણપતિ ઉત્સવ સમિતિના સુરેશભાઈ સાદરાણી તેમજ મેડિકલ સાધન સેવા કેન્દ્રના પ્રમુખ ચંદ્રકાંત ખુદાનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

# વેરાવળ: ટોલનાકા વચ્ચેનું અંતર નિયમ મુજબ રાખવા કલેકટરને રજૂઆત



**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

ગીર સોમનાથ જિલ્લાનાં સામાજિક કાયેકર જગમાલ ભાઈ વાળા દ્વારા કલેક્ટરને આવેદનપત્ર આપેલુ તેમણે જણાવ્યું કે દરેક ટોલ નાકા સાઈઠ કીલોમીટ નાં ગાળા માં હોવુ જોઈએ પણ ડારી ટોલ નાકાં ને સુંદરપરા ટોલનાકા નુ અંતર બાવીસ કીલોમીટર છે ખાસ કરીને આ કોલ નાકુ કેન્શલ કરવામાં આવે તે હેતુથી આવેદનપત્ર આપેલું.

# ૨૦૩૬ ઓલિમ્પિકની યજમાની માટે ભારત સહિત છ દેશો વચ્ચે તિવ્ર સ્પર્ધા બની

## ભારત પોતાની બિડનું પ્રથમ પ્રેઝન્ટેશન ઓક્ટોબરના અંતમાં કરશેઃ ભારત ઉપરાંત જર્મની, કતાર, તુર્કિયે, હંગેરી, દક્ષિણ કોરિયા અને દક્ષિણ આફ્રિકા ૨૦૩૬ ઓલિમ્પિકની યજમાનીની રેસમાં

### ૨૦૨૮ સુધી ૬૫ આંતરરાષ્ટ્રીય ઈવેન્ટ યોજવાની ભારતની તૈયારી

ભારત સામે સૌથી મોટો પડકાર એ છે કે દેશમાં લાંબા સમયથી મોટી મલ્ટી-સ્પોર્ટ ઈવેન્ટનું આયોજન થયું નથી. ૨૦૧૦ કોમનવેલ્થ ગેમ્સ દરમિયાન સ્ટેડિયમ અને ખેલાડીઓના રહેઠાણને લઈને થયેલી ટીકા હજુ પણ ભારતની છબી સાથે જોડાયેલી છે. આ છાપ બદલવા માટે ભારત છેલ્લા સમયથી અલગ-અલગ શહેરોમાં આંતરરાષ્ટ્રીય સ્પોર્ટિંગ ઈવેન્ટ્સ યોજી રહ્યું છે. આઈઓએના જણાવ્યા પ્રમાણે ૨૦૨૮ સુધીમાં દેશના ૧૫ શહેરોમાં કુલ ૬૫ આંતરરાષ્ટ્રીય ઈવેન્ટ યોજવાનું લક્ષ્ય છે. આના દ્વારા ભારત મોટી મલ્ટી-સ્પોર્ટ ઈવેન્ટ યોજવાની પોતાની ક્ષમતા બતાવવા માંગે છે.




### ભારત સ્પોર્ટિંગ સુપરપાવર બને અને દુનિયાના ટોપ-૧૦ અથવા ટોપ-૫ દેશોમાં સ્થાન મેળવે તે જ લક્ષ્યઃ રઘુરામ અય્યર

**અબતક, રાજકોટ**

ભારત માટે ૨૦૩૬ ઓલિમ્પિકની દાવેદારી માત્ર દુનિયાની સૌથી મોટી સ્પોર્ટિંગ ઈવેન્ટનું આયોજન કરવાની તક નથી. ભારતીય ઓલિમ્પિક એસોસિએશન તેને દેશને એક મોટી સ્પોર્ટિંગ શકિત બનાવવાના લાંબા ગાળાના પ્લાન તરીકે જોઈ રહ્યું છે. આઈઓએના સીઈઓ રઘુરામ અય્યરે કહ્યું છે કે ભારતનો ઉદ્દેશ્ય એક દિવસ દુનિયાના ટોપ-૧૦ અને ત્યારબાદ ટોપ-૫ સ્પોર્ટિંગ દેશોમાં સ્થાન મેળવવાનો છે.૨૦૩૬ના સમર ઓલિમ્પિકસની યજમાની મેળવવા માટે વૈશ્વિક સ્તરે સ્પર્ધા તીવ્ર બની છે. આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ દ્વારા ઓક્ટોબર ૨૦૨૬માં પુષ્ટિ કરવામાં આવી છે કે ભારતનું અમદાવાદ સહિત વિશ્વના સાત દેશો હાલમાં આ પ્રક્રિયામાં સામેલ છે. આઈઓસીના સમયપત્રક મુજબ, નવેમ્બર ૨૦૨૬માં તમામ દાવેદારો પ્રેઝન્ટેશન રજૂ કરશે, માર્ચ ૨૦૨૭ શોર્ટલિસ્ટિંગ થશે, ડિસેમ્બર ૨૦૨૮ પસંદગીના ઉમેદવારો જાહેર કરાશે અને મધ્ય-૨૦૨૯ યજમાન શહેર નક્કી કરવામાં આવશે.ભારતે ૨૦૩૬ ઓલિમ્પિક અને પેરાલિમ્પિક ગેમ્સ માટે અમદાવાદને પ્રસ્તાવિત યજમાન શહેર બનાવ્યું છે. ભારતે ૨૦૨૪માં આઈઓસી સમક્ષ ગેમ્સની યજમાની માટે પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. હવે આઈઓસીની ફ્યુચર હોસ્ટ કમિશન સમક્ષ ભારત પોતાની બિડનું પ્રથમ પ્રેઝન્ટેશન ઓક્ટોબરના અંતમાં કરશે. આઈઓસીના જણાવ્યા પ્રમાણે ભારત ઉપરાંત જર્મની, કતાર, તુર્કિયે, હંગેરી, દક્ષિણ કોરિયા અને દક્ષિણ આફ્રિકા ૨૦૩૬ ઓલિમ્પિકની યજમાનીની રેસમાં છે. અંતિમ યજમાનની પસંદગી ૨૦૨૯માં આઈઓસી સેશન દરમિયાન થવાની છે.અન્ય દેશો પાસે તૈયાર ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ભૂતકાળનો અનુભવ છે, જ્યારે ભારત પાસે વિશાળ વસ્તી, સરકારી સમર્થન અને રમતગમતના નવા યુગની શરૂઆત કરવાનું વિઝન છે. આઈઓસી મુખ્યત્વે વેન્યુ માસ્ટરપ્લાન, એથલીટ અનુભવ, ફંડિંગ અને લોંગ-ટર્મ લેગસી પર ધ્યાન આપશે. ૨૦૨૯ સુધીની આ લાંબી સફરમાં ભારતે પોતાના વિગતવાર આયોજનથી વિશ્વને પ્રભાવિત કરવું પડશે.

### અન્ય ૬ દાવેદાર દેશો સાથે ભારતની તુલના

૧. કતાર (દોહા)ઃ કતાર પાસે ૯૫ ટકા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પહેલેથી જ તૈયાર છે પરંતુ, જુલાઈ-ઓગસ્ટની અતિશય ગરમીને કારણે રમતોનું શેડ્યૂલ બદલવું પડે તેમ છે, જે તેનો મોટો પડકાર છે.
૨. જર્મની (મ્યુનિક)ઃ ૧૯૭૨ના ઓલિમ્પિક્સનું હોસ્ટ મ્યુનિક જૂના ઓલિમ્પિક પાર્કનો મહત્તમ ઉપયોગ કરીને ઓછા ખર્ચે અને 'સસ્ટેનેબલ' મોડેલ રજૂ કરે છે. ૧૯૩૬ના બર્લિન ગેમ્સના ૧૦૦ વર્ષ પૂરા થતા હોવાથી તેનું રાજકીય મહત્વ પણ છે.
૩. દક્ષિણ કોરિયા (સિઓલ/જીઓનબુક)ઃ ૧૯૮૮ સમર ઓલિમ્પિક્સનો અનુભવ ધરાવે છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સંતુલિત વહેંચણી માટે સિઓલ અને જીઓનબુક સંયુક્ત બિડ પર કામ કરી રહ્યા છે.
૪. દક્ષિણ આફ્રિકા (કેપ ટાઉન કેન્દ્રિત)ઃ આફ્રિકા ખંડમાં પ્રથમ વખત ઓલિમ્પિક્સ યોજીને ઈતિહાસ રચવાનો તેમનો દાવો છે. ૨૦૧૦ ફિફા વર્લ્ડ કપના અનુભવ સાથે તેઓ મલ્ટિ-સિટી મોડેલ અપનાવી રહ્યા છે, પરંતુ ફંડિંગ અને સ્થાનિક માળખા પર પ્રશ્નો છે.
૫. તુર્કી (ઈસ્તાંબુલ)ઃ અગાઉ પાંચ વખત નિષ્ફળ પ્રયાસ કર્યા બાદ તુર્કી છઠ્ઠી વખત મેદાનમાં છે. તેમના માટે રાજકીય સ્થિરતા અને આંતરરાષ્ટ્રીય સપોર્ટ મેળવવો મહત્વપૂર્ણ રહેશે.
૬. હંગેરી (બુડાપેસ્ટ)ઃ ઓલિમ્પિક્સમાં મજબૂત ટ્રેક રેકોર્ડ ધરાવતું હંગેરી નવા સ્ટેડિયમ બનાવવાના બદલે અસ્થાયી અને પર્યાવરણને અનુકૂળ મોડેલ પર ભાર મૂકી રહ્યું છે.

# તહેવારોમાં જ ખાદ્ય તેલ સળગ્યુંઃ સીંગતેલમાં રૂ૭૦ અને કપાસિયા-સનફ્લાવરમાં રૂ૨૫નો વધારો

## સિંગતેલના ડબ્બાનો ભાવ રૂપિયા ૩,૦૫૦ જયારે કપાસિયા તેલના ૧૫ કિલો ડબ્બાનાભાવ રૂ.૨,૬૭૦ થી રૂ.૨,૭૦૦ની સપાટીએ પહોંચ્યો



**અબતક, રાજકોટ**

આગામી દિવાળીના તહેવારોને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે સામાન્ય અને મધ્યમવર્ગીય પરિવારો માટે માઠા સમાચાર સામે આવ્યા છે. રસોડાના મુખ્ય ખર્ચ સમાન ખાદ્યતેલના બજારમાં તેજીનો ટોન સતત યથાવત જોવા મળી રહ્યો છે. તહેવારોની મોસમમાં ફરસાણ અને મીઠાઈની ખરીદી વધતાં સિંગતેલ, કપાસિયા, પામોલીન તેમજ સોયાબીન સહિતના તમામ તેલના ભાવમાં એકાએક મોટો ઉછાળો નોંધાયો છે. સિંગતેલના ડબ્બામાં સીધો રૂપિયા ૭૦ નો વધારો થતાં ડબ્બાનો ભાવ રૂપિયા ૩,૦૫૦ ની સપાટીએ પહોંચી ગયો છે.

ખાદ્યતેલ બજારમાં વિવિધ તેલના નવા ભાવ સિંગતેલના ૧૫ કિલોના ડબ્બામાં ₹૭૦ નો વધારો થતાં ભાવ ₹૨,૯૫૦ થી વધીને ₹૩,૦૫૦ સુધી પહોંચી ગયો છે.સૌથી વધુ વપરાતા કપાસિયા તેલના ૧૫ કિલો ડબ્બાના ભાવમાં ₹૨૫ નો વધારો નોંધાતાં નવો ભાવ ₹૨,૬૭૦ થી ₹૨,૭૦૦ ની સપાટીએ પહોંચ્યો છે.સનફ્લાવર તેલના ભાવમાં પણ ડબ્બે ₹૨૫ નો વધારો થયો છે, જ્યારે પામોલીન અને સોયાબીન તેલમાં પણ મજબૂત તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે.

ઓઈલ મિલરો અને માર્કેટ યાર્ડના વેપારીઓના જણાવ્યા અનુસાર ભાવ વધારા પાછળના મુખ્ય કારણો માર્કેટ યાર્ડ્સમાં જૂની મગફળીની આવક નહિવત થઈ ગઈ છે, જેના કારણે પીલાણ માટે પૂરતો જથ્થો ઉપલબ્ધ નથી. દિવાળીના તહેવારોને કારણે ખાદ્યતેલની માગમાં અચાનક મોટો ઉછાળો આવ્યો છે.ગત મહિને સિંગતેલ અને કપાસિયા તેલમાં ₹૧૫૦ થી ₹૨૦૦ નો નોંધપાત્ર ઘટાડો થયો હતો, પરંતુ તહેવારોની ખરીદી નીકળતાં બજાર ફરી ગરમ થઈ ગયું છે.

જ્યાં સુધી માર્કેટ યાર્ડોમાં નવી મગફળીની વિપુલ પ્રમાણમાં આવક શરૂ નહીં થાય ત્યાં સુધી એટલે કે દિવાળી સુધી તેલના ભાવ ઊંચી સપાટી પર જ રહેવાની શક્યતા છે. ખેડૂતો તરફથી નવા પાકની પૂરતી આવક શરૂ થયા બાદ જ ખાદ્યતેલના ભાવમાં સામાન્ય ઘટાડો જોવા મળી શકે છે. હાલના તબક્કે તહેવારો ટાણે જ તેલના ભાવ વધતાં ગૃહિણીઓનું માસિક બજેટ ખોરવાઈ ગયું છે.

### મગફળીનો મોટો જથ્થો સરકારી એજન્સીઓ પાસે હોવાથી ભાવ હજુ વધશેઃ મનીષભાઈ(ગીતા ઓઈલ મીલ)

રાજકોટ ગીતા ઓઈલ મીલના મનીષભાઈએ ''અબતક'' સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, કપાસના કાચા માલની સપ્લાયમાં પણ અડચણો આવી છે. બજારના નિષ્ણાતોના મતે, મગફળીનો મોટો જથ્થો સરકારી એજન્સીઓ (જેમ કે નાફેડ) પાસે હોવાથી અને ઓપન માર્કેટમાં ઉનાળુ આવક મર્યાદિત હોવાથી સિંગતેલ અને કપાસિયા તેલના ભાવ ઊંચા જઈ રહ્યા છે.જ્યાં સુધી આંતરરાષ્ટ્રીય સ્તરે યુદ્ધની સ્થિતિ શાંત નહીં થાય અને વૈશ્વિક દરિયાઈ માર્ગો સુરક્ષિત નહીં થાય, ત્યાં સુધી ખાદ્યતેલોના ભાવમાં મોટી રાહત મળવાની શક્યતા ઓછી છે. જો સ્થાનિક સ્તરે નવી મગફળી અને કપાસની આવક વધશે, તો જ થોડો ઘટાડો જોવા મળી શકે છે.

# કર્ણાટક, ઉત્તરાખંડ, સિક્કિમ અને ઓડિશાના નવા રાજ્યપાલની નિમણૂંક કરતા રાષ્ટ્રપતિ

## કેરળના રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ અર્લેકરને તમિલનાડુ ટ્રાન્સફર કરાયાઃ સિક્કિમના ઓમપ્રકાશ માથુરને સોંપાયો કેરળનો પદભાર






**અબતક, રાજકોટ**

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ દ્વારા દેશના ચાર મુખ્ય રાજ્યોમાં નવા રાજ્યપાલોની નિમણૂક તેમજ બે રાજ્યોના રાજ્યપાલોની ફેરબદલી અંગેની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. રાષ્ટ્રપતિ ભવન દ્વારા બહાર પાડવામાં આવેલા અધિકૃત આદેશ અનુસાર, વિવિધ પૃષ્ઠભૂમિ ધરાવતા અગ્રણી નેતાઓને આ પ્રશાસનિક અને બંધારણીય જવાબદારીઓ સોંપવામાં આવી છે.

નવી નિમણૂકો અંતર્ગત, હરિયાણાના પૂર્વ સાંસદ અને ૧૯૯૯ના કારગિલ યુદ્ધમાં શહીદ થયેલા બીએસએફના ડેપ્યુટી કમાન્ડન્ટ સુખબીર યાદવના ધર્મપત્ની સુધા યાદવને કર્ણાટકના રાજ્યપાલ બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત, મધ્યપ્રદેશના ભોયાર પવાર સમુદાયના પૂર્વ સાંસદ ઢાલસિંહ બિસેનને ઉત્તરાખંડના રાજ્યપાલ પદે નિયુક્ત કરાયા છે.

દલિત અને સામાજિક પ્રતિનિધિત્વની દ્રષ્ટિએ, જાટવ સમુદાયના પૂર્વ સાંસદ દુષ્યંત ગૌતમને સિક્કિમના નવા રાજ્યપાલ તરીકેની જવાબદારી સોંપાઈ છે, જ્યારે ધોબી સમુદાય સાથે સંબંધ ધરાવતા પૂર્વ સાંસદ બ્રજમોહન રામને ઓડિશાના રાજ્યપાલ પદે નિયુક્ત કરવામાં આવ્યા છે.

નવી નિમણૂકો સાથે જ બે રાજ્યોના વર્તમાન રાજ્યપાલોના કાર્યક્ષેત્રમાં ફેરબદલી કરવામાં આવી છે. સત્તાવાર માહિતી મુજબ, કેરળના વર્તમાન રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ અર્લેકરની બદલી કરીને તેમને તમિલનાડુ મોકલવામાં આવ્યા છે, જ્યારે સિક્કિમના રાજ્યપાલ ઓમપ્રકાશ માથુરને હવે કેરળના રાજ્યપાલ તરીકેનો પદભાર સોંપવામાં આવ્યો છે.

# હુથીઓએ સાઉદી અરેબિયાને ઘેર્યુંઃ સાઉદી પ્રિન્સ એક જગ્યાએથી બીજી જગ્યાએ સંતાઈ રહ્યા છે

## ૨૦૧૫ના યમન યુદ્ધની આગ ફરી ભડકીઃ ઈરાન સમર્થિત હુથીઓ સામે સાઉદીએ અમેરિકા પાસે માંગી સીધી લશ્કરી મદદ

**અબતક, રાજકોટ**

ઈરાન સાથે જોડાયેલા વ્યાપક યુદ્ધ અને મિડલ ઈસ્ટમાં વધતા તણાવ વચ્ચે યમનના હુથી વિદ્રોહીઓએ સાઉદી અરેબિયા પર ઘાતક હુમલાઓ તેજ કર્યા છે.હુથી વિદ્રોહીઓના સતત વધતા મિસાઈલ અને ડ્રોન હુમલાના જોખમને પગલે સાઉદી અરેબિયાના ૪૧ વર્ષીય ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન કડક સુરક્ષા ધરાવતા અને ભૂગર્ભ બંકરોથી સજ્જ જુદા જુદા રાજમહેલો વચ્ચે સતત સ્થળ બદલીને આશરો લેવા મજબૂર બન્યા છે. વિશિષ્ટ પસંદગી પામેલી કમાન્ડો સુરક્ષા ટીમની દેખરેખ હેઠળ તેમની મુવમેન્ટ રાખવામાં આવી રહી છે.

સાઉદી અરેબિયા પોતાની મહત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને આર્થિક સંપત્તિઓને હુથીઓના વધુ હુમલાઓથી બચાવવા માટે સખત સંઘર્ષ કરી રહ્યું છે. તાજેતરમાં જ રિયાધના કિંગ ખાલેદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર હુથીઓની મિસાઈલ ત્રાટકતાં ઓછામાં ઓછા ૧૨ લોકોના મોત થયા છે અને સેંકડો લોકો ગંભીર રીતે ઘવાયા છે, જે ઈરાન યુદ્ધ સાથે જોડાયેલા સંઘર્ષમાં ગલ્ફ સહયોગીઓ પરનો સૌથી ઘાતક હુમલામાંથી એક છે. હુથી વિદ્રોહીઓ અત્યાર સુધીમાં રિયાધ એરપોર્ટ પર ઓછામાં ઓછા ચાર વખત હુમલા કરી ચૂક્યા છે. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૫માં ક્રાઉન પ્રિન્સે આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત યમન સરકારના સમર્થનમાં સાઉદી સેનાને યમન ગૃહયુદ્ધમાં ઉતારી હતી, જેના જવાબમાં હુથીઓએ સાઉદીના તેલ મથકો અને રિયાધ જેવા શહેરોને નિશાન બનાવવાનું શરૂ કર્યું હતું. વર્ષ ૨૦૨૨માં બંને પક્ષો વચ્ચે યુદ્ધવિરામ થયો હતો, પરંતુ તાજેતરમાં ઈરાન સાથેનો તણાવ વધતાં ફરી હિંસા ભડકી ઉઠી છે.

સાઉદી અરેબિયા પોતાના વિશાળ ભૂભાગ પર હવાઈ સુરક્ષા પૂરી પાડવામાં પડકારોનો સામનો કરી રહ્યું હોવાથી, તેણે રાજમહેલો અને ઉર્જા મથકોની સુરક્ષા માટે એર ડિફેન્સ બેટરીઓને ખાસ ખસેડવી પડી છે. આ પરિસ્થિતિ વચ્ચે સાઉદી અરેબિયા હુથીઓ સામે અમેરિકા પાસેથી વધુ સીધી લશ્કરી ભૂમિકાની માંગ કરી રહ્યું છે. વોશિંગ્ટન અત્યાર સુધી સાઉદી સેનાને ઈન્ટેલિજન્સ શેરિંગ, ટાર્ગેટ આઈડેન્ટિફિકેશન અને પ્લાનિંગમાં મદદ કરી રહ્યું હતું, પરંતુ સીધા લશ્કરી હુમલાઓથી દૂર રહ્યું હતું. જોકે, રિયાધ એરપોર્ટ પરના ઘાતક હુમલા બાદ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે જાહેરાત કરી છે કે તેઓ હુથી વિદ્રોહીઓ સામે સીધી લશ્કરી કાર્યવાહી કરવાનો વિચાર કરી રહ્યા છે.

અમેરિકાના આ યુદ્ધમાં સીધા પ્રવેશથી મિડલ ઈસ્ટનો સંઘર્ષ વધુ વિસ્ફોટક બની શકે છે અને વૈશ્વિક શિપિંગ રૂટ માટે મોટું જોખમ ઊભું થઈ શકે છે. હુથી વિદ્રોહીઓ લાલ સમુદ્રને અડેન નૌકાધામ સાથે જોડતી વ્યૂહાત્મક 'બાબ અલ-મંદેબ' સામુદ્રધુની પર દરિયાઈ વાહનવ્યવહાર ખોરવવાનો પ્રયાસ કરી શકે છે, જેના પર તેમણે વિતેલા મહિને જ કબ્જો જમાવ્યો હતો. ઈરાન દ્વારા હોર્મુઝ સામુદ્રધુની બ્લોક કરવાના પ્રયાસોથી પહેલાથી જ વૈશ્વિક તેલ પુરવઠો ખોરવાયો છે, ત્યારે યુદ્ધ પહેલા વિશ્વના ક્વાર્ટર (૨૦% જેટલા તેલનો વપરાશ જે માર્ગેથી થતો હતો તે બાબ અલ-મંદેબ પર જળમાર્ગ બંધ થવાથી વૈશ્વિક સ્તરે ભયંકર તેલ સંકટ ઘેરાવાની ભીતિ સર્જાઈ છે.

# તંત્રની લાલિયાવાડી : ગરબા આયોજકે સમયસર અરજી કરવા છતાં મંજૂરી ન આપતા હાઈકોર્ટે સમન્સ પાઠવ્યું

## અરજી પર સત્તાવાર નિર્ણય કે મંજૂરી ન મળવા છતાં આયોજકે પાસ વેચી દીધા જેથી કાર્યક્રમ રદ થાય કે હોબાળો થાય તેવી પૂરી સંભાવના હતી

**અબતક અમદાવાદ**

ગુજરાતમાં નવરાત્રી મહોત્સવનો ઉત્સાહ પૂરબહારમાં ખીલ્યો છે અને ખેલૈયાઓમાં ભારે થનગનાટ જોવા મળી રહ્યો છે, ત્યારે વહીવટી તંત્રની લાપરવાહીનો એક ગંભીર મામલો ગુજરાત હાઈકોર્ટ સુધી પહોંચ્યો છે. કલોલ ખાતે યોજાનારા ગરબા આયોજન માટે નિયમ મુજબ અગાઉથી અરજી કરવા છતાં અને આયોજકે પાસનું વેચાણ કરી દીધું હોવા છતાં તંત્ર દ્વારા સમયસર પરવાનગી ન આપવામાં આવતા હાઈકોર્ટે કલોલના સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ પર લાલ આંખ કરી છે. ન્યાયમૂર્તિએ આ મામલે કડક રૂખ અપનાવતા જવાબદાર અધિકારીને તમામ રેકોર્ડ સાથે કોર્ટમાં હાજર રહેવા સમન્સ પાઠવ્યું છે.આયોજક સાગર પારેખ દ્વારા ૨૮ સપ્ટેમ્બરના રોજ કલોલ ખાતે ૧૧ થી ૨૦ ઓક્ટોબર દરમિયાન યોજાનારા નવરાત્રી ગરબા આયોજન માટે મામલતદાર સમક્ષ મંજૂરી અર્થે અરજી કરવામાં આવી હતી. ગુજરાત પોલીસ એક્ટ હેઠળની આ અરજી એસડીપીઓ દ્વારા ૧ ઓક્ટોબરે અભિપ્રાય માટે સાંતેજ પોલીસ ઈન્સ્પેક્ટરને મોકલવામાં આવી હતી. અરજી પર કોઈ સત્તાવાર નિર્ણય કે મંજૂરી ન મળવા છતાં આયોજકે પાસ વેચી દીધા હતા, જેથી કાર્યક્રમ રદ થાય કે હોબાળો થાય તેવી પૂરી સંભાવના હતી.સોમવારે તાકીદની સુનાવણી દરમિયાન સરકારી વકીલે બે દિવસનો સમય માંગ્યો હતો, પરંતુ હાઈકોર્ટે મામલાની ગંભીરતા સમજીને એસડીએમને તમામ રેકોર્ડ સાથે કોર્ટમાં હાજર રહેવા તાકીદ કરી છે.આ પ્રકરણ માત્ર કલોલના એક ગરબા આયોજન પૂરતું સીમિત નથી, પરંતુ તે સમગ્ર વહીવટી તંત્રની કાર્યશૈલી પર મોટો પ્રશ્નાર્થ ચિન્હ મૂકે છે. ન્યાયપાલિકા દ્વારા લેવાયેલ આ કડક પગલું એ વાતની પ્રતીતિ કરાવે છે કે ઉત્સવો અને લોકભાવના સાથે જોડાયેલી બાબતોમાં પ્રશાસને અડચણરૂપ બનવાને બદલે સમયસર અને સકારાત્મક અભિગમ અપનાવવો જ જોઈએ.

### આઈટીઆઈમાં પીપીપી મોડલ ''જમાવટ'' કરશે

# સુરતમાં પાંચ આઈટીઆઈમાં સ્કીલ ડેવલપ કરવા 'નિપ્પોન સ્ટીલ' યોગદાન આપશે

## પીએમ-સેતુ યોજના હેઠળ રૂ. ૨૪૦ કરોડના ખર્ચે સુરતની પાંચ આઈટીઆઈમાં મોડર્ન વર્કશોપ અને પ્રેક્ટિકલ ટ્રેનિંગ અપાશે

**અબતક, રાજકોટ**

દેશમાં કૌશલ્ય વિકાસ અને ઔદ્યોગિક તાલીમને આધુનિક યુગ મુજબ સુસંગત બનાવવાના ભાગરૂપે પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપ (પીપીપી) મોડલ હેઠળ મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. કેન્દ્રીય કૌશલ્ય વિકાસ મંત્રાલય દ્વારા દેશની નવ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (આઈટીઆઈ) ના રૂ. ૪૪૦ કરોડના કાયાકલ્પ અને આધુનિકીકરણની જવાબદારી 'આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલ ઈન્ડિયા'ને સોંપવામાં આવી છે. આ યોજના અંતર્ગત ગુજરાતના સુરત ખાતે આવેલી ૫ આઈટીઆઈ અને આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ ખાતે આવેલી ૪ આઈટીઆઈનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેનાથી સ્થાનિક યુવાનો માટે ઉચ્ચ સ્તરીય સ્કીલ ડેવલપમેન્ટના દ્વાર ખુલશે.પીએમ-સેતુ પહેલ હેઠળ આકાર પામી રહેલા આ પ્રોજેક્ટ માટે કૌશલ્ય વિકાસ મંત્રાલય દ્વારા શેરહોલ્ડર્સ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. કુલ રૂ. ૪૪૦ કરોડના બજેટમાંથી સુરતની પાંચ આઈટીઆઈના આધુનિકીકરણ માટે રૂ. ૨૪૦ કરોડ અને વિશાખાપટ્ટનમની ચાર આઈટીઆઈ માટે રૂ. ૨૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. આ સંસ્થાઓનું સંચાલન સ્પેસિફિક પર્પઝ વ્હીકલ દ્વારા કરવામાં આવશે, જેમાં નિપ્પોન સ્ટીલ ૫૧ ટકા હિસ્સેદારી ધરાવશે, જ્યારે કેન્દ્ર અને સંબંધિત રાજ્ય સરકારો પ્રત્યેક ૨૪.૫ ટકા ઈક્વિટી શેર ધરાવશે. નિપ્પોન સ્ટીલ ઈન્ડિયા આ સ્કીલ ડેવલપમેન્ટ પ્રોજેક્ટનું અમલીકરણ 'ન્યૂ એજ મેકર્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી' ની ભાગીદારીમાં કરશે.

સ્કીલ ડેવલપમેન્ટ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરતાં, આ નવી યોજના હેઠળ આઈટીઆઈમાં પરંપરાગત અભ્યાસક્રમોના સ્થાને નવતર કોર્સ દાખલ કરવામાં આવશે અને વર્તમાન અભ્યાસક્રમોમાં વ્યાપક સુધારો કરાશે. યુવાનોને ઉદ્યોગોની વર્તમાન જરૂરિયાતો મુજબ તૈયાર કરવા માટે આઈટીઆઈમાં અદ્યતન ટેકનોલોજીવાળી વર્કશોપ્સ, મોડર્ન લેબોરેટરીઝ અને સિદ્ધાંતો કરતાં વધુ પ્રેક્ટિકલ તાલીમ આપવા પર ભાર મુકાશે. ઉદ્યોગજગત સાથે સીધા જોડાણના કારણે તાલીમાર્થીઓને ઉચ્ચ કક્ષાની ઔદ્યોગિક તાલીમ મળશે, જેનાથી તેમની રોજગારક્ષમતામાં ધરખમ વધારો થશે.

ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૬૦,૦૦૦ કરોડના ભંડોળ સાથે શરૂ કરાયેલી 'પીએમ-સેતુ' યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય દેશભરની ૧,૦૦૦ સરકારી આઈટીઆઈ અને ૫ નેશનલ સ્કિલ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ્સને અપગ્રેડ કરવાનો છે. આ વિશાળ યોજનાના ફંડિંગમાં કેન્દ્ર સરકાર દ્વારા રૂ. 30,000 કરોડ, વિવિધ રાજ્ય સરકારો દ્વારા રૂ. ૨૦,૦૦૦ કરોડ અને ખાનગી ઔદ્યોગિક ક્ષેત્ર (ઈન્ડસ્ટ્રી) દ્વારા રૂ. ૧૦,૦૦૦ કરોડનું યોગદાન આપવામાં આવી રહ્યું છે. આ પીપીપી મોડલ દ્વારા દેશના યુવાનો માટે કૌશલ્ય વર્ધન અને રોજગારીની નવી તકો ઉભી થશે.

# ઓખા નગરપાલિકામાં "કમળ" ખીલ્યું : ૩૬ માંથી ૨૦ બેઠકો પર આગળ

## વોર્ડ નં. ૧, ૨ અને ૩માં ભાજપની પેનલનો વિજય, જ્યારે વોર્ડ નં. ૪ની ચારેય બેઠકો બિનહરીફ મળી; કોંગ્રેસનું ખાતું ન ખુલ્યું

**વોર્ડ નં. ૧ વિજેતા**
અમીતા જટાણીયા, નિહાર મોદી, નવીન ગોહિલ અને હેમા ભારથી.

**વોર્ડ નં. ૨ વિજેતા**
સુરીબેન કાયાભા કેર, ફરીદાબેન સુલેમાન થેમ, લાખાભાઈ હરસુરભાઈ ચાનપા અને ફિરોજ સુમારભાઈ કુરેશી.

**વોર્ડ નંબર ૩ વિજેતા**
ઉષાબેન સુરેશભાઈ ગોહેલ ,સીમાબેન કિશોરભા માણેક ,વિજયભાઈ નારણભાઈ પાંજરેવાલા ,ફિરોજ નુરમામદ સીદી

**વોર્ડ નં. ૪ની ચારેય બેઠકો બિનહરીફ**
ચેતનભા માણેક, દક્ષાબેન થોભાણી, મિલન બારીયા અને હીનાબેન નિમાવત.



**અબતક, મહેન્દ્ર કક્કડ દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લાની ઓખા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીના પરિણામોમાં ભાજપનો દબદબો જોવા મળી રહ્યો છે. તા. ૧૧ ઓક્ટોબરે યોજાયેલા મતદાન બાદ આજે તા. ૧૩ ઓક્ટોબરે હાથ ધરાયેલી મતગણતરી દરમિયાન વોર્ડ નં. ૧, ૨ અને ૩માં ભાજપની આખી પેનલનો વિજય થયો હોવાના અહેવાલ છે. જ્યારે વોર્ડ નં. ૪ની ચારેય બેઠકો ભાજપને બિનહરીફ મળી હતી. આમ, ઉપલબ્ધ પરિણામો મુજબ ભાજપે અત્યાર સુધીમાં ૧૬ બેઠકો પર કબજો મેળવ્યો છે.

ઓખા નગરપાલિકાની કુલ ૩૬ બેઠકો માટે ૯ વોર્ડમાં ચૂંટણી યોજાઈ હતી. ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે જંગ જામ્યો હતો. ૧૧ ઓક્ટોબરના રોજ યોજાયેલા મતદાનમાં આશરે ૬૩.૨૭ ટકા મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ત્યારબાદ આજે મતગણતરી શરૂ થતાં વોર્ડવાર પરિણામો જાહેર થવા લાગ્યાં હતાં.

આમ, વોર્ડ નં. ૧, ૨ અને ૩ની કુલ ૧૨ બેઠકો પર પેનલના વિજય અને વોર્ડ નં. ૪ની ચાર બેઠકો બિનહરીફ મળતાં ભાજપે કુલ ૧૬ બેઠકો મેળવી છે. બાકીના વોર્ડનાં પરિણામો અંગેની વિગતો જાહેર થવાની બાકી છે. તમામ પરિણામો જાહેર થયા બાદ ઓખા નગરપાલિકામાં પક્ષવાર બેઠકની સ્થિતિ વધુ સ્પષ્ટ થશે.

### ભાડથર જિલ્લા પંચાયતની પેટાચૂંટણીમાં આપના વીરૂ કંડોરિયાનો વિજય

દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતની ભાડથર બેઠકની પેટાચૂંટણીનું પરિણામ જાહેર થતાં આમ આદમી પાર્ટીના ઉમેદવાર વીરૂ કંડોરિયાએ ૩,૬૫૧ મતની સરસાઈથી વિજય મેળવ્યો છે. મતગણતરી પૂર્ણ થયા બાદ વીરૂ કંડોરિયાની જીતની સત્તાવાર જાહેરાત થતાં આમ આદમી પાર્ટીના કાર્યકરો અને સમર્થકોમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.ભાડથર જિલ્લા પંચાયતની બેઠક માટે યોજાયેલી પેટાચૂંટણીમાં મતદારોના નિર્ણય પર સૌની નજર હતી. મતગણતરી પૂર્ણ થતાં આમ આદમી પાર્ટીના ઉમેદવાર વીરૂ કંડોરિયાએ પોતાના પ્રતિસ્પર્ધી ઉમેદવાર સામે ૩,૬૫૧ મતની સરસાઈ મેળવી વિજય નોંધાવ્યો હતો.આ પરિણામ સાથે દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતની ભાડથર બેઠક પર આમ આદમી પાર્ટીને સફળતા મળી છે. પેટાચૂંટણીના આ પરિણામને પગલે સ્થાનિક રાજકીય વર્તુળોમાં ચર્ચા શરૂ થઈ છે. જોકે, કુલ મતદાન, અન્ય ઉમેદવારોને મળેલા મતો અને પક્ષવાર મતવિગતો અંગેની માહિતી ઉપલબ્ધ થતાં ચૂંટણીના પરિણામની વધુ વિગતો સ્પષ્ટ થશે.

# સ્વદેશી હાટમાં હસ્તકલાની વિવિધ ચીજવસ્તુઓ આકર્ષણનું કેન્દ્ર

## ૭૧ કારીગરો અને સ્વસહાય જૂથોના સ્ટોલનો "સ્વદેશી હસ્તકલા હાટ "મંત્રી રિવાબા જાડેજાના હસ્તે ખુલ્લો મુકાયો



નવરાત્રી પર્વને ધ્યાનમાં રાખીને જામનગરના પ્રદર્શન મેદાન ખાતે સાત દિવસીય 'સ્વદેશી હસ્તકલા હાટ'નો પ્રારંભ શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજાના હસ્તે કરવામાં આવ્યો હતો. તા. ૧૧થી ૧૭ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન યોજાનારા આ હાટમાં રાજ્યના ૧૬ જિલ્લાના કારીગરો દ્વારા તૈયાર કરવામાં આવેલી સ્વદેશી હસ્તકલાની વિવિધ ચીજવસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ કરવામાં આવી રહ્યું છે.

ગુજરાત રાજ્યના ઉદ્યોગ અને ખાણ વિભાગ હેઠળ કમિશનર, કુટિર અને ગ્રામોદ્યોગના નેજા હેઠળ કાર્યરત ઈન્ડેક્સ્ટ-સી દ્વારા આ આયોજન કરવામાં આવ્યું છે. ઉદઘાટન પ્રસંગે રિવાબા જાડેજાએ વિવિધ સ્ટોલની મુલાકાત લઈને કારીગરો દ્વારા તૈયાર કરવામાં આવેલી સ્વદેશી વસ્તુઓ નિહાળી હતી અને ખરીદી પણ કરી હતી. ડિજિટલ ઈન્ડિયાના અભિગમને પ્રોત્સાહન આપતાં તેમણે ઓનલાઈન ચુકવણી પણ કરી હતી. જિલ્લાઓના આશરે ૭૧ કારીગરો, હસ્તકલા-હાથશાળ મંડળીઓ, સખી મંડળો તથા કલસ્ટર સાથે સંકળાયેલા કારીગરો ભાગ લઈ રહ્યા છે.હાટમાં ભરતકામ, વાંસની બનાવટો, ચામડાની વસ્તુઓ, ઈમિટેશન જ્વેલરી, પેચવર્ક, મોતીકામ, વૂલન નીટિંગ, બ્લોક પ્રિન્ટિંગ અને માટીકામ સહિતની વિવિધ કલાત્મક ચીજવસ્તુઓ વેચાણ માટે મૂકવામાં આવી છે.

'વર્લ્ડ ઓરલ હેલ્થ મંથ'ની ઉજવણી અંતર્ગત

# રાષ્ટ્રીય કક્ષાએ તૃતીય સ્થાન મેળવી સરકારી ડેન્ટલ કોલેજે ગૌરવ વધાર્યું



જામનગરની સરકારી ડેન્ટલ કોલેજ એન્ડ હોસ્પિટલના 'પીડિયાટ્રિક એન્ડ પ્રિવેન્ટિવ ડેન્ટિસ્ટ્રી' વિભાગ દ્વારા 'વર્લ્ડ ઓરલ હેલ્થ મંથ'ની ઉજવણી અંતર્ગત બાળકોમાં દાંત અને મોઢાના સ્વાસ્થ્ય અંગે વિશેષ જાગૃતિ અભિયાન યોજવામાં આવ્યું હતું. આ ઉજવણી ભાગરૂપે નિષ્ણાત દંતચિકિત્સકોની ટીમ દ્વારા શહેરની વિવિધ શાળાઓમાં ૧૦૦૦થી વધુ બાળકોની નિઃશુલ્ક દાંત અને પેઢાંની તપાસ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન બાળકોને દાંતનો સડો, પેઢાંના રોગો તેમજ મોઢાની સ્વચ્છતા કેવી રીતે જાળવવી તે અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત, બાળકોમાં ઓરલ હેલ્થ પ્રત્યે જાગૃતિ વધે તે હેતુથી વિવિધ શૈક્ષણિક, મનોરંજક અને રમતગમત આધારિત પ્રવૃત્તિઓનું આયોજન કરાયું હતું, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.જામનગર ડેન્ટલ કોલેજ દ્વારા હાથ ધરાયેલા આ સમગ્ર જાગૃતિ અભિયાનની કામગીરીને રાષ્ટ્રીય સ્તરે પણ ઉત્કૃષ્ટ સરાહના થઈ છે.

# કેદીઓ માતાજીની આરાધના કરી રાસ-ગરબ રમ્યા

## નવરાત્રી દરમિયાન કેદીઓ માટે દરરોજ પ્રસાદની વ્યવસ્થા કરાઈ



જામનગર શહેર અને જિલ્લામાં નવરાત્રી પર્વની ધામધૂમથી ઉજવણી થઈ રહી છે, ત્યારે જિલ્લા જેલમાં પણ ભક્તિભાવ સાથે નવરાત્રીનો માહોલ જામ્યો છે. જિલ્લા જેલમાં કેદીઓ અને પોલીસ કર્મચારીઓએ ઉત્સાહભેર રાસ-ગરબા રમી માતાજીની આરાધના કરી હતી. જેલના પરિસરમાં ગરબાની રમઝટ સાથે ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું.જેલમાં આયોજિત નવરાત્રી મહોત્સવ દરમિયાન કેદીઓએ રાસ-ગરબામાં સહભાગી બની તહેવારની ઉજવણી કરી હતી. આ આયોજનનો હેતુ કેદીઓમાં સદ્ભાવના, સકારાત્મકતા અને માનવીય સંવેદનાઓ જાળવી રાખવા ઉપરાંત તેમનામાં પારિવારિક લાગણી અને સામાજિક જોડાણની ભાવના જીવંત રાખવાનો છે.જેલમાં કેદીઓ માટે ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે, જેથી તેઓ તહેવારો સાથે જોડાયેલી શ્રદ્ધા અને પરંપરાઓનો અનુભવ કરી શકે. નવરાત્રી દરમિયાન કેદીઓ માટે દરરોજ પ્રસાદની વ્યવસ્થા પણ કરવામાં આવે છે.આ પ્રકારની પ્રવૃત્તિઓ કેદીઓમાં સકારાત્મક અભિગમ કેળવવા અને તેમની માનસિકતામાં સારા પરિવર્તન માટે પ્રેરણા પૂરી પાડવાનો પ્રયાસ બની રહે છે. આમ, જામનગર જિલ્લા જેલમાં પણ નવરાત્રી પર્વ ભક્તિ, શ્રદ્ધા અને ઉત્સાહ સાથે ઉજવવામાં આવી રહ્યો છે.

# 'માયામ રાત્રી'ના મંડલી ગરબાએ યુવાઓને ઘેલું લગાડ્યું

## "અબતક"મીડિયા પાર્ટનરના સથવારે અને ૩૫૦ ફૂટની ભવ્ય એન્ટ્રી, ૧૨ જેટલા સેલ્ફી ઝોન અને લાઈવ સિંગર્સની જમાવટ વચ્ચે ખેલૈયાઓ મન ભરી ગરબે રમ્યા







જામનગર-ખંભાળિયા હાઈવે પર આવેલા રજવાડું ધ વિલેજ ખાતે આયોજિત 'માયામ રાત્રી' નવરાત્રી મહોત્સવના બે દિવસ ઉત્સાહભેર સંપન્ન થયા છે. અબતક મીડિયા પાર્ટનરના સથવારે યોજાઈ રહેલા આ ભવ્ય આયોજનમાં મંડલી ગરબા, લાઈવ સિંગર્સ અને આકર્ષક લાઈટિંગ સાથે ખેલૈયાઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. નવરાત્રીના બાકી દિવસોમાં પણ અહીં રાસ-ગરબાની રમઝટ ચાલુ રહેશે.આ આયોજનમાં ગાયિકા શ્રુતિકા બ્રહ્મભટ્ટ, ગાયક વરુણ બારોટ અને અશોક બારોટ પોતાના ગીતો અને સંગીતથી ખેલૈયાઓને ગરબાના તાલે ઝૂમાવી રહ્યા છે, જ્યારે એન્કર એમ્સી સિમરન ઈન્ડિયા પોતાની આગવી શૈલીથી કાર્યક્રમમાં આકર્ષણ વધારી રહ્યાં છે.

જામનગરની નજીક યોજાઈ રહેલા આ નવરાત્રી મહોત્સવ માટે અંદાજે ૬૦ હજાર ચોરસ ફૂટનું વિશાળ ગ્રાઉન્ડ તૈયાર કરવામાં આવ્યું છે, જ્યારે વાહનોના પાર્કિંગ માટે ૨.૫૦ લાખ ચોરસ ફૂટ જેટલી વિશાળ જગ્યા ફાળવવામાં આવી છે. આયોજનમાં ૩૫૦ ફૂટની ભવ્ય એન્ટ્રી અને અલગ-અલગ થીમ પર તૈયાર કરાયેલા અંદાજે ૧૨ સેલ્ફી ઝોન ખાસ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.

ખેલૈયાઓની સુરક્ષા અને સુવિધાને પ્રાધાન્ય આપીને કપલ અને મહિલાઓને પાસ આપવામાં અગ્રતા રાખવામાં આવી છે, જ્યારે એકલા પુરુષોની એન્ટ્રી રેફરન્સના આધારે રાખવામાં આવી છે. દરરોજ મહાઆરતી બાદ રાસ-ગરબાનો પ્રારંભ થાય છે. ફાયર સેફ્ટીનાં સાધનો સહિતની સુરક્ષા વ્યવસ્થા અને અલગ સ્મોકિંગ ઝોનની સુવિધા પણ ઊભી કરવામાં આવી છે. ભવ્ય એન્ટ્રી, સંગીત, મંડલી ગરબા અને સેલ્ફી ઝોનના આકર્ષણ સાથે 'માયામ રાત્રી' નવરાત્રીના બાકી દિવસોમાં પણ ખેલૈયાઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.

# મગફળીનો પાક નિષ્ફળ જતા નોંધણીમાં ૮૦ ટકા ઘટાડો

## ગત વર્ષે ૧.૦૨ લાખ ખેડૂતોની સામે આ વર્ષે માત્ર ૨૦,૦૨૧ ખેડૂતોની નોંધણી; , નોંધણી માટે ૧૫ દિવસની મુદત લંબાવી



જામનગર જિલ્લામાં ચાલુ વર્ષે અનિયમિત અને ઓછા વરસાદના કારણે મગફળીના પાક પર સંકટ ઊભું થયું છે. વરસાદની ખેંચ અને સિંચાઈ માટે પૂરતા પાણીના અભાવે મગફળીના ઉત્પાદનમાં મોટો ઘટાડો થવાની ભીતિ વચ્ચે ટેકાના ભાવે મગફળી વેચવા માટેના નોંધણીકરણમાં પણ આશરે ૮૦ ટકાનો ઘટાડો નોંધાયો છે. ગત વર્ષે ૧,૦૨,૦૮૦ ખેડૂતોએ નોંધણી કરાવી હતી, જ્યારે આ વર્ષે પ્રથમ મુદતના અંત સુધીમાં માત્ર ૨૦,૦૨૧ ખેડૂતો જ નોંધણી કરાવી શક્યા છે.

જામનગર જિલ્લો મગફળી અને કપાસના મુખ્ય પાક માટે જાણીતો છે. ચાલુ વર્ષે જિલ્લામાં કુલ ૨,૧૬,૯૨૬ હેક્ટર જમીનમાં મગફળીનું વાવેતર કરવામાં આવ્યું છે. જોકે, અનિયમિત વરસાદ અને વરસાદની લાંબી ખેંચને કારણે પાકના વિકાસ પર અસર થવાની સાથે ઉત્પાદનમાં મોટો ઘટાડો થવાની શક્યતા સેવાઈ રહી છે. ખેડૂતોને એક તરફ પાક નિષ્ફળ જવાની ચિંતા સતાવી રહી છે, તો બીજી તરફ ઉત્પાદન ખર્ચની સામે પૂરતી આવક મળશે કે કેમ તે અંગે પણ પ્રશ્નો ઊભા થયા છે.

ખેડૂતોને તેમના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે અને આર્થિક નુકસાન સામે રાહત મળે તે હેતુથી સરકારે ટેકાના ભાવે મગફળી ખરીદવાની જાહેરાત કરી હતી. આ માટે પ્રતિ મણ રૂ. ૧,૫૦૩ એટલે કે પ્રતિ ક્વિન્ટલ રૂ. ૭,૫૧૭નો ભાવ નક્કી કરવામાં આવ્યો હતો. નોંધણીની પ્રક્રિયા ગત તા. ૧૦ સપ્ટેમ્બરથી ઈ-ગ્રામ કેન્દ્રો ખાતે ગ્રામ્ય કક્ષાના કમ્પ્યુટર સાહસિકો મારફતે શરૂ કરવામાં આવી હતી.જોકે, ગત વર્ષની સરખામણીએ આ વર્ષે નોંધણીમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે. ગત વર્ષે જામનગર જિલ્લામાંથી ૧,૦૨,૦૮૦ ખેડૂતોએ ટેકાના ભાવે મગફળી વેચવા માટે નોંધણી કરાવી હતી. તેની સામે ચાલુ વર્ષે પ્રથમ મુદતની અંતિમ તારીખ ૯ ઓક્ટોબર સુધીમાં માત્ર ૨૦,૦૨૧ ખેડૂતોની નોંધણી થઈ છે. આ આંકડા મુજબ ગત વર્ષની સરખામણીએ નોંધણીમાં આશરે ૮૦ ટકાનો ઘટાડો નોંધાયો છે.

નોંધણીમાં ઘટાડાને પગલે ખેડૂતો ટેકાના ભાવની ખરીદી યોજનાનો લાભ મેળવવાથી વંચિત ન રહી જાય તે માટે સરકારે નોંધણીની મુદત વધુ ૧૫ દિવસ લંબાવી છે. તેમ છતાં, વરસાદની ખેંચ અને પાકના સંભવિત નુકસાનને કારણે ખેડૂતોમાં ચિંતા જોવા મળી રહી છે. હવે વધારાની મુદત દરમિયાન કેટલા ખેડૂતો નોંધણી કરાવે છે અને ટેકાના ભાવે ખરીદીનો કેટલો લાભ મેળવે છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

# જી.જી. હોસ્પિટલનો સ્ત્રીરોગ વિભાગની સેવા હિંમતનગર માર્ગે ખસેડાય

## ૨૦૦ પથારીની બાળરોગ ઈમારત પાછળ ઓપીડી વિભાગ શરૂ; સગર્ભા મહિલાઓ સહિત દર્દીઓને નવા સ્થળે સારવાર લેવા અનુરોધ




જામનગરની ગુરુ ગોબિંદસિંઘ સરકારી હોસ્પિટલના સ્ત્રીરોગ વિભાગની ઓપીડી સોમવાર, તા. ૧૨ ઓક્ટોબર, ૨૦૨૬થી હિંમતનગર માર્ગ પર આવેલી ૨૦૦ પથારીની બાળરોગ ઈમારત પાછળના સ્થળે ખસેડવામાં આવી છે. હોસ્પિટલ તંત્ર દ્વારા દર્દીઓ અને તેમના પરિજનોને સ્ત્રીરોગ સંબંધિત તપાસ અને સારવાર માટે નવા સ્થળે જવા અનુરોધ કરવામાં આવ્યો છે.દર્દીઓને આરોગ્ય સેવાઓ સરળતાથી મળી રહે અને સારવાર માટે આવતા લોકોને કોઈ અગવડતા ન પડે તે હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. ખાસ કરીને સગર્ભા મહિલાઓ, સ્ત્રીરોગ સંબંધિત સારવાર લેતી મહિલાઓ તેમજ ગ્રામ્ય અને દૂરના વિસ્તારોમાંથી આવતા દર્દીઓ અને તેમના સગાં-સંબંધીઓને મુશ્કેલીનો સામનો ન કરવો પડે તે માટે નવા સ્થળ અંગે જાણકારી આપવામાં આવી છે.હવે સ્ત્રીરોગ વિભાગની તમામ તપાસ અને સારવાર માટે દર્દીઓએ હિંમતનગર માર્ગ પર આવેલી ૨૦૦ પથારીની બાળરોગ ઈમારત પાછળના નવા સ્થળે શરૂ કરાયેલી ઓપીડીનો સંપર્ક કરવા હોસ્પિટલ તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# કોંગ્રેસની અવઢવતા-'આપ'નો પન્નો ટૂંકો પડ્યો: ગાંધીનગરમાં ભગવો લહેરાયો

## ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપની શાનદાર જીત : કોંગ્રેસને આશ્વાસન પુરતી બેઠક મળી, આપનું ખાતુ પણ ન ખુલે તેવા અણસાર



**અબતક, રાજકોટ**

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી પહેલા સત્તાના સેમિફાઈનલ સમા જંગ સમી ગણાતી ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ સત્તા જાળવી રાખવામાં સફળ રહ્યું છે. મતદાનના દિવસ સુધી કોંગ્રેસને અવઢવમાં રહેવાની સ્થિતિ નડી છે. જ્યારે પાટનગરમાં આમ આદમી પાર્ટીનો પન્નો ટુંકો પડ્યો છે. કોંગ્રેસને આશ્વાસન પુરતીબેઠકો પ્રાપ્ત થઈ છે. જ્યારે આપનું ખાતુ પણ ન ખુલી રહ્યુ હોય તેવા સમિકરણો હાલ જોવા મળી રહ્યા છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં આ વખતે ભાજપ-કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી એમ ત્રણેયે એડીચોટીનું જોર લગાવ્યું હતું. ભાજપમાં પણ આંતરિક અસંતોષ જેવી સ્થિતિ સર્જાઈ હતી. જે નેતાઓની ટીકીટ કાપી નાખવામાં આવી હતી. તેઓએ પક્ષ સામે બળવો પોકારીને અપક્ષ ઉમેદવારી નોંધાવી હતી. ચૂંટણી પૂર્વે પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા પણ કોંગ્રેસમાં ઘરવાપશી કરી રહ્યા હોવાની ચર્ચાના કારણે ચૂંટણીજંગ રોમાંચક બની ગયો હતો. આમ આદમી પાર્ટીએ પણ ભારે જોર લગાવ્યું હતું. અને ટકોરા મારીને ઉમેદવારોની પસંદગી કરી હતી. ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં ૫૯.૨૫ ટકા જેવું મતદાન થયું હતું. ગત ચૂંટણીની સરખામણીએ મતદાનની ટકાવારીમાં વધારો થયો હોવાના કારણે એવી વાતો વહેતી થઈ હતી કે, આ વખતે ચૂંટણી પરિણામ થોડુ અલગ જ આવે તેવી સંભાવના છે. આજે સવારથી તમામ ૪૪ બેઠકો માટે મતગણતરી હાથ ધરવામાં આવી હતી. પ્રારંભથી જ ભાજપે લીડ મેળવી લીધી હતી. પાટનગરમાં વધુ એક વખત સત્તાધારી પક્ષ ભાજપ સત્તારૂઢ થવા તરફ આગળ વધી રહ્યું છે. કોંગ્રેસને છેક મતદાનના દિવસ સુધી અવઢવમાં રહેવાની સ્થિતિ નડી ગઈ છે. જ્યારે પાટનગર ફતેહ કરવાનો આપનો ઈરાદો અને પન્નો બન્ને ટુંકા પડ્યા છે. જેના કારણે ભાજપનો ભગવો લહેરાયો છે. વોર્ડ નં. ૧, ૩, ૫ અને ૯ માં ભાજપની આખી પેનલો વિજેતા બની છે. જ્યારે વોર્ડ નં. ૭ માં પેનલ તુટી રહી હોય તેવું હાલ દેખાઈ રહ્યું છે. આ લખાય રહ્યું છે ત્યારે ૪૪ બેઠકો પૈકી ભાજપ ૧૯ બેઠકો પર તોતીંગ લીડ સાથે આગળ ચાલી રહ્યું છે. જ્યારે કોંગ્રેસના ફાળે હાલ ૧ બેઠક આવતી હોય તેવું લાગી રહ્યું છે. જ્યારે આમ આદમી પાર્ટીનો કરુણ રકાસ થઈ ગયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત ચુંટણીમાં ગાંધીનગર મહાનગરપાલિકામાં ૪૪ માંથી ૪૧ બેઠકો જીતી સત્તારૂઢ થયું હતું. પરિણામ બાદ કોંગ્રેસના ૩ પૈકી બે કોર્પોરેટરોએ ભાજપનો કેસરિયો ખેસ ધારણ કરી લેતા ભાજપના કોર્પોરેટરોની સંખ્યા ૪૩ થઈ જવા પામી હતી. ગત એપ્રિલ માસમાં યોજાયેલી રાજ્યની નવરચીત ૯ મહાનગરપાલિકા અને અમદાવાદ સહિતની ૬ મહાનગરપાલિકા સહિત કુલ ૧૫ કોર્પોરેશનની ચૂંટણીમાં ભાજપનો શાનદાર વિજય થયો છે. ગાંધીનગર મહાપાલિકા પણ જાળવી રાખવામાં સત્તાધારી પક્ષ સફળ રહ્યું છે.

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીના આડે હવે એક વર્ષ જેટલો સમય બાકી છે. ત્યારે ગાંધીનગર મહાપાલિકાની ચૂંટણીના પરિણામો તમામ

(અનુ. આઠમા પાને)

## થોરિયાળીવાસીઓનો કોંગ્રેસ પર વિશ્વાસ બરકરાર

### પડધરી તાલુકા પંચાયતની થોરિયાળી બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર લક્ષ્મણભાઈ શિંગાળાનો ૨૨૭ મતોથી વિજય



**અબતક, ભૌમિક તળપદા, પડધરી**

પડધરી તાલુકા પંચાયતની થોરિયાળી બેઠકની પેટા ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર લક્ષ્મણભાઈ શિંગાળાનો ૨૨૭ મતોથી શાનદાર વિજય થયો છે. ૧૯૯૩થી આ બેઠક કોંગ્રેસ પાસે છે. કોંગ્રેસના ગઢમાં ગાબડા પાડવાના ભાજપના ઈરાદાઓ પર મતદારોએ પાણી ફેરવી દીધું છે. ૩૩ વર્ષ પછી પણ થોરિયાળીવાસીઓનો કોંગ્રેસ પર વિશ્વાસ બરકરાર હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે. મોટા નેતાઓને પ્રચારમાં ઉતારવામાં આવ્યા હોવા છતાં ભાજપને આ બેઠક કોંગ્રેસ પાસેથી આચંકી લેવામાં સફળતા પ્રાપ્ત થઈ નથી. વિજેતા ઉમેદવારનું નિધન થવાના કારણે પડધરી તાલુકા પંચાયતની થોરિયાળી બેઠકની પેટા ચૂંટણી યોજાઈ હતી. જેમાં ભાજપના ઉમેદવાર મહેશભાઈ પીપળિયા અને કોંગ્રેસના ઉમેદવાર લક્ષ્મણભાઈ શિંગાળા વચ્ચે મુખ્ય ટક્કર હતી. આ બેઠક ૧૯૯૩થી કોંગ્રેસ પાસે છે. અથાગ પ્રયાસો કરવા છતાં ભાજપ છેલ્લા ૩૩ વર્ષથી આ બેઠક જીતી શક્યું નથી. આ વખતે પેટા ચૂંટણીના પ્રચારમાં પણ ભાજપે મોટા નેતાઓની ફોજ ઉતારી હતી. છતાં કમળની કારી ફાવી નથી. આજે સવારથી હાથ ધરવામાં આવેલી મતગણતરીનું પરિણામ બે કલાકમાં આવી ગયું હતું. થોરિયાળી વાસીઓએ વધુ એક વખત કોંગ્રેસ પર વિશ્વાસ મુક્યો છે. લક્ષ્મણભાઈ શિંગાળાનો ૨૨૭ મતોથી વિજય થયો હતો. વિજય સર્ઘષમાં કોંગ્રેસના કાર્યકરો બહોળી સંખ્યામાં ઉમટી પડ્યા હતાં.

## દેવભૂમિ દ્વારકા જિલ્લાની ભાડથર બેઠક પર આપના ઉમેદવાર વિરૂ કંડોરિયાની જીત

### જિલ્લા પંચાયતમાં સત્તારૂઢ ભાજપના ઉમેદવારની કારમી હાર



**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતની અતિ પ્રતિષ્ઠિત પ્રતિષ્ઠાભરી ભાડથર બેઠકની પેટા ચૂંટણીમાં સત્તાધારી પક્ષ ભાજપને મતદારોએ જાકારો આપ્યો છે. આમ આદમી પાર્ટીના ઉમેદવાર વિરૂભાઈ કંડોરિયા ૩૬૫૧ મતોથી વિજેતા બન્યા છે. વિધાનસભાની ચૂંટણીના એક વર્ષ પૂર્વે આપ માટે પરિણામ ઉત્સાહ વર્ધક રહ્યા છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાની ભાડથર બેઠક પર ભાજપના વિજેતા ઉમેદવાર ડો. પી.વી. કંડોરિયાનું દુઃખદ અવસાન થતાં બેઠક ખાલી પડી હતી. આ બેઠકની પેટા ચૂંટણીમાં ભાજપે મતદારોની સહાનુભૂતિનો લાભ લેવા માટે ડો. પી.વી. કંડોરિયાના ધર્મપત્ની માલતીબેન કંડોરિયાને ટિકિટ આપી હતી. જેની સામે આમ આદમી પાર્ટીએ વિરૂભાઈ કંડોરિયાને મેદાનમાં ઉતાર્યા હતાં. પ્રતિષ્ઠાભર્યા આ જંગમાં આપના ધારાસભ્ય ગોપાલભાઈ ઈટાલિયા અને પ્રદેશ અગ્રણી ઈસુદાન ગઢવીએ મતદારોને આમ આદમી પાર્ટીના ઉમેદવારને વિજેતા બનાવવા માટે એડીચોટીનું જોર લગાવ્યું હતું. સામાપક્ષે ભાજપે પણ રાજ્ય કક્ષાના નેતાઓને પ્રચારમાં ઉતાર્યા હતાં. આજે સવારથી હાથ ધરાયેલી મતગણતરીમાં ભાડથર બેઠક પર આમ આદમી પાર્ટીના ઉમેદવાર વિરૂભાઈ કંડોરિયા ૩,૬૫૧ મતોથી વિજેતા બન્યા છે.

## ઓખા નગરપાલિકામાં પણ ભાજપને તોતીંગ બહુમતી: થરા પાલિકામાં કમળ ખીલ્યુ

# વરસાદનું પાણી દરિયામાં વહી જાય તે પહેલાં ૧૫ હજાર એમસીએમ પાણી સંગ્રહ કરી ઉદ્યોગોને જીવનદાન અપાશે

## વધારાના પાણીના સંગ્રહ અને ઉપયોગ માટે સરકારે કવાયત હાથ ધરી: જળ સંશાધન વિભાગના અભ્યાસ મુજબ ૨૦૫૦ સુધીમાં પાણીની માંગ ૧૧૪% વધશે

**અબતક, ગાંધીનગર**

ગુજરાતમાં ચોમાસા દરમિયાન નર્મદા, ઉકાઈ અને કડાણા જેવા મોટા ડેમ છલકાયા બાદ દર વર્ષે અંદાજે ૧૫,૦૦૦ મિલિયન ક્યુબિક મીટર (એમસીએમ) જેટલું પાણી અરબી સમુદ્રમાં વહી જાય છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, રાજ્ય સરકારે આ વધારાના પાણીને બચાવવા અને તેનો ઉપયોગ કરવાની દિશામાં મહત્વપૂર્ણ કવાયત હાથ ધરી છે. આ પાણીનો મુખ્ય હેતુ ઉદ્યોગોની વધતી જતી જરૂરિયાતોને પહોંચી વળવાનો છે.

આ પગલું અત્યંત મહત્વનું માનવામાં આવે છે કારણ કે સેમિકન્ડક્ટર અને ડેટા સેન્ટર્સ જેવા નવા અને વધુ પાણીની જરૂરિયાત વાળા ઉદ્યોગોના વિસ્તરણ સાથે રાજ્યમાં ઔદ્યોગિક પાણીની માંગમાં નોંધપાત્ર વધારો થવાની ધારણા છે. સરકારી અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઔદ્યોગિક પાણીની માંગ હંમેશા રાજ્યના પાણીના પુરવઠા કરતાં વધુ રહી છે. સરકારના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, ''દર વર્ષે ડેમમાંથી ઓવરફ્લો થઈને અરબી સમુદ્રમાં વહી જતાં મોટા પ્રમાણમાં પાણીનો બગાડ થાય છે. રાજ્ય સરકારે આ વધારાના પાણીનો બહેતર ઉપયોગ કરવા અને ઉદ્યોગો માટે વધારાના પાણીની જોગવાઈ કરવા માટે એક કવાયત શરૂ કરી છે''.



સરકારી અંદાજ મુજબ, દર વર્ષે એકલા નર્મદા ડેમમાંથી જ અંદાજે ૯,૫૦૦ એમસીએમ પાણી સમુદ્રમાં વહી જાય છે. આ જ રીતે ઉકાઈ અને કડાણા ડેમ માટે આ આંકડા અનુક્રમે ૩,૦૦૦ એમસીએમ અને ૨,૨૦૦ એમસીએમ કરતાં વધુ છે. જોકે, એક સૂત્રએ જણાવ્યું હતું કે, ''આ માત્ર પ્રાથમિક અંદાજ છે, ખરેખર નષ્ટ થતા પાણીનું પ્રમાણ આ આંકડાઓ કરતાં ઘણું વધારે છે''.

વધારાના પાણીના સંગ્રહ માટે સરકાર બે મુખ્ય વિકલ્પો પર વિચાર કરી રહી છે. એક અધિકારીના જણાવ્યા મુજબ, ''પ્રથમ વિકલ્પ ડ્રેજિંગ અને અન્ય પ્રવૃત્તિઓ દ્વારા જળાશયોની પાણી સંગ્રહ કરવાની ક્ષમતા વધારવાનો છે. બીજો વિકલ્પ એવા હાલના જળાશયોની ઓળખ કરવાનો છે જે ડેમ ઓવરફ્લો થાય ત્યારે ત્યાંથી વાળવામાં આવતું પાણી મેળવી શકે અને સંગ્રહ કરી શકે''.

આ કવાયત એવા સમયે હાથ ધરવામાં આવી છે જ્યારે એવી આગાહીઓ કરવામાં આવી રહી છે કે આગામી દાયકાઓમાં ગુજરાતની પાણીની જરૂરિયાતમાં તીવ્ર વધારો થશે. જળ સંસાધન વિભાગ દ્વારા તાજેતરમાં કરવામાં આવેલા એક અભ્યાસમાં વર્ષ ૨૦૨૪ માટે કુલ પાણીની માંગ ૮,૮૦૪ મિલિયન લિટર પ્રતિ દિવસ (એમએલડી) હોવાનો અંદાજ લગાવવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૩૦ સુધીમાં આ માંગ ૩૨% વધીને ૧૧,૬૪૨ એમએલડી થવાની ધારણા છે. વધુમાં, ૨૦૫૦ સુધીમાં આ માંગ ૧૮,૯૨૭ એમએલડી સુધી પહોંચવાની અપેક્ષા છે, જે ૨૦૨૪ની સરખામણીમાં ૧૧૪% નો જંગી વધારો દર્શાવે છે.

# રાજયમાં ૨૫ ઔદ્યોગિક એકમોને મંજુરી રૂ.૩૯૦૩.૩૦ કરોડનું મૂડી રોકાણ આવશે

### ૮૧૭૮થી વધુ નવી રોજગારીનું સર્જન થશે

**અબતક, રાજકોટ**

આ એકમો ઓટોમોબાઈલ, ટેક્સટાઈલ, પ્લાસ્ટિક, પેપર, કેમિકલ, સિરામિક તેમજ મેટલ જેવા મહત્વના ક્ષેત્રો સાથે સંકળાયેલા છે

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સક્ષમ નેતૃત્વ હેઠળ ગુજરાતમાં ઉદ્યોગોના સર્વાંગી વિકાસ અને રોકાણને પ્રોત્સાહન આપવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. આ દિશામાં વધુ એક મોટું પગલું ભરતાં, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં યોજાયેલી ઉચ્ચ સ્તરીય સમિતિની બેઠકમાં રાજ્યના વધુ ૨૫ ઔદ્યોગિક એકમોને સહાય આપવા માટે ફાઈનલ એલિજિબિલિટી પ્રમાણપત્રો આપવાની મંજૂરી આપવામાં આવી છે. આ પ્રોજેક્ટ્સ થકી રાજ્યમાં કુલ રૂ. ૩,૯૦૩.૩૦ કરોડનું મૂડીરોકાણ સાકાર થશે અને અંદાજે ૮,૧૭૮ જેટલી નવી રોજગારીની તકો ઊભી થશે.

ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ નીતિ હેઠળ ૨૨ ઔદ્યોગિક એકમોના રૂ. ૧,૬૩૧.૯૦ કરોડના મૂડીરોકાણને મંજૂરી અપાઈ છે. તે ઉપરાંત આત્મનિર્ભર ગુજરાત યોજના-૨૦૨૨ યોજના હેઠળ ૩ મોટા એકમોના રૂ. ૨,૨૭૧.૪૦ કરોડના મૂડીરોકાણને આખરી મંજૂરી આપવામાં આવી છે.

આ સહાયનો સીધો લાભ રાજ્યના અમદાવાદ, મોરબી, ભરૂચ, કચ્છ, વડોદરા, મહેસાણા, ખેડા અને સુરેન્દ્રનગર સહિતના વિવિધ જિલ્લાઓમાં સ્થપાયેલા ઉદ્યોગોને મળશે. આ એકમો ઓટોમોબાઈલ, ટેક્સટાઈલ, પ્લાસ્ટિક, પેપર, કેમિકલ, સિરામિક તેમજ મેટલ જેવા મહત્વના ક્ષેત્રો સાથે સંકળાયેલા છે. રાજ્ય સરકારની આ નીતિઓ હેઠળ ઔદ્યોગિક એકમોને નેટ એસજીએસટ સહાય, વ્યાજ સહાય અને ઈપીએફ રિઈમ્બર્સમેન્ટ સ્વરૂપે નાણાકીય પ્રોત્સાહનો પૂરા પાડવામાં આવી રહ્યા છે. સરકારના આ પ્રોત્સાહક અભિગમથી રાજ્યમાં મોટા પાયાના ઉદ્યોગોની સાથોસાથ એમએસએમઈ સેક્ટરના વિકાસને પણ નવું બળ મળશે અને ગુજરાત વૈશ્વિક રોકાણકારો માટે પ્રથમ પસંદગીનું કેન્દ્ર બની રહેશે.

# રાજકોટનું તાપમાન ૪૦ ડિગ્રીને લગોલગ, પોરબંદર, ભુજ અને વેરાવળ પણ ગરમ

### આસો માસમાં રાજ્યના ૧૮ શહેરોમાં તાપમાનનો પારો ૩૫ ડિગ્રીને પાર

**અબતક, રાજકોટ**

આસો માસમાં આકાશમાંથી અગ્નિવર્ષા થઈ રહી છે. રાજકોટ શહેરનું તાપમાન ૪૦ ડિગ્રીને લગોલગ પહોંચી ગયું છે. પોરબંદર, ભુજ અને ડિસા પણ સળગી રહ્યા છે. અલનીનોની વ્યાપક અસરના કારણે ઋતુચક્રમાં મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે. આસો માસમાં તો ગુલાબી ઠંડીનો અનુભવ થવા માંડતો હોય છે. તેના બદલે ઉનાળા જેવા આકરા તડકા પડી રહ્યા છે. આગામી દિવસોમાં હજી ગરમીનું જોર વધશે તેવી શક્યતાઓ પણ હવામાન શાસ્ત્રીઓ વ્યક્ત કરી રહ્યા છે. રાત્રીના સમયે પણ ઉકળાટનો અનુભવ થઈ રહ્યો છે. જાણે ઉનાળો ચાલી રહ્યો હોય તેવો અહેસાસ થઈ રહ્યો છે.

રાજકોટ સોમવારે ૩૯.૮ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. મહત્તમ તાપમાનનો પારો ૪૦ ડિગ્રીની લગોલગ પહોંચી જવાના કારણે બપોરના સુમારે તો જાણે ઉનાળો ચાલી રહ્યો હોય તેવા આકરા તાપનો અનુભવ લોકોએ કર્યો હતો. સોમવારે અમદાવાદનું તાપમાન ૩૬.૮ ડિગ્રી, ડિસાનું તાપમાન ૩૮.૮ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૩૫.૮ ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરનું તાપમાન ૩૫.૯ ડિગ્રી, વડોદરાનું તાપમાન ૩૬.૬ ડિગ્રી, સુરતનું તાપમાન ૩૬.૬ ડિગ્રી અને દમણનું તાપમાન ૩૬.૬ ડિગ્રી નોંધાયું હતું. કચ્છના

(અનુ. આઠમા પાને)

# રાજકોટમાં મોડી રાત્રે વધુ એક લોથ ઢળી: છરીના ઘા ઝીંકી યુવાનને રહેસી નાખ્યો

## આંબેડકરનગર ચોક નજીક રાત્રિના ત્રણ વાગ્યે મવડી પાળ રોડ પર રહેતા લોનના ધંધાર્થી પરેશ ચૌહાણને છરીના છ ઘા ઝીંકી ક્રૂર હત્યા

**અબતક, રાજકોટ**

રાજકોટમાં વધુ એક હત્યાનો બનાવ સામે આવતા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર સવાલ ઉભા થયાં છે. ગત તા.૨ ઓક્ટોબરની મોડી રાત્રે જંગલેશ્વરના ખ્વાજા ચોક નજીક જૂનાગઢ ગણેશનગરમાં રહેતા ૫૬ વર્ષીય રીક્ષાચાલક પ્રૌઢ ઈકબાલ ઉર્ફે જૂનાગઢી લોધીની પાઈપના ઘા ઝીંકી હત્યા નીપજાવી દેવામાં આવી હતી. જે મામલાની હજુ શાહી સુકાઈ નથી ત્યાં આંબેડકરનગર ચોક નજીક ગત મોડી રાત્રે મવડી પાળ રોડ પર રહેતા ૨૮ વર્ષીય યુવાન પરેશ ચૌહાણને છરીના છ ઘા ઝીંકી ક્રૂરતાપૂર્વક મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો હતો. સપ્તાહ પૂર્વે બાઈક અથડાવા મામલે થયેલી માથાકૂટનું સમાધાન કરવા બોલાવી કુખ્યાત રાઘે, અનિલ ઉર્ફે કાનો સહીત ચાર શખ્સોએ યુવાનનું ખૂન કરી ફરાર થઈ ગયા હતા. બનાવની જાણ થતાં ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી અને તાલુકા પોલિસની ટીમોએ દોડી જઈ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

હત્યાની ઘટના અંગે પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી અનુસાર મવડી પાળ રોડ પર આવેલ મીરા ટાઉનશિપમાં રહેતાં પરેશ ટાભાભાઈ ચૌહાણ (ઉ.વ.૨૮) અઠવાડિયા પહેલાં મવડી-પાળ રોડ પરથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે બાઈક અથડાવવા બાબતે સ્થાનિક શખ્સો સાથે ત ઉગ્ર બોલાચાલી અને માથાકૂટ થઈ હતી. આ સામાન્ય ઝઘડાએ મોટું સ્વરૂપ ધારણ કરી લીધું હતું. ગઈકાલે મોડી રાત્રે સામા પક્ષના શખ્સોએ આ વિવાદનો અંત આણવા અને સમાધાન કરવાના બહાને પરેશને આંબેડકર ચોક નજીક મળવા માટે બોલાવ્યો હતો. પરેશ કોઈ પણ જાતના સંશય વગર ત્યાં પહોંચ્યો હતો, પરંતુ તેને ખ્યાલ નહોતો કે સમાધાનના બહાને તેને મોતના મુખમાં ધકેલવા માટેનું આ પૂર્વયોજિત કાવતરું હતું.

પરેશ ઘટનાસ્થળે પહોંચતા જ પૂર્વતૈયારી સાથે આવેલા શખ્સોએ તેના પર હુમલો કરી દીધો હતો. કઈ પણ સમજાય તે પહેલાં જ હુમલાખોરોએ પોતાના ગજવામાંથી તીક્ષ્ણ છરીઓ કાઢીને પરેશ પર આડેધડ ઘા ઝીંકવાનું શરૂ કરી દીધું હતું. હુમલાખોરોએ પરેશ ચૌહાણને છરીના છ ઘા ઝીંકી દેતા તે લોહીલુહાણ હાલતમાં જીવ બચાવવા માટે બૂમાબૂમ કરવા લાગ્યો હતો. દરમિયાન મધરાતે હુમલાખોરો નાસી છૂટ્યા હતા. ગંભીર રીતે ઘવાયેલો પરેશ જમીન પર ઢળી પડ્યો હતો અને વધુ પડતું લોહી વહી જવાને કારણે તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર, આ જઘન્ય ગુનાને અંજામ આપનારાઓમાં કુખ્યાત રાઘે તેમજ અનિલ ઉર્ફે કાનો અને તેમની સાથેના અન્ય બે અજાણ્યા શખ્સો સહિત કુલ ચાર જણાએ ભેગા

(અનુ. આઠમા પાને)

### આંબેડકરનગર ચોક નજીક મહિના પૂર્વે મારામારીમાં ઘવાયેલા યુવકે સારવારમાં દમ તોડ્યો: બનાવ હત્યામાં પલટાયો

શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આંબેડકર ચોક પાસે ગત તા ૧૬ ના રોજ ચાની હોટલ વાહન રાખવા બાબતે ઝઘડો થયો હતો જેમાં યુનિવર્સિટી રોડ પર પુષ્કળ ગામ સોસાયટીમાં રહેતા અને ગોંડલ રોડ પર નાસ્તાની દુકાન ચલાવતા પ્રેમ રમેશભાઈ ઉંમર વર્ષ ૨૨ અને તેનો પિતરાઈ ભાઈ મીત પ્રકાશભાઈ ઉંમર વર્ષ ૧૯ સાથે પાર ઉર્ફે બેબો સોલંકી એ ચાનો લોખંડના ડોયા વડે માર મારી નાસી છૂટ્યા હતા ઈજાગ્રસ્ત યુવાનો ને ગંભીર ઈજાઓ થતા તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા અને વધુ સારવાર માટે પ્રેમ વિરડાને અમદાવાદ ખાતે રિફર કરવામાં આવ્યો હતો રાજકોટ તાલુકા પોલીસે બાળ આરોપી અને પાર્થ ઉર્ફે બેબો સોલંકીની ધરપકડ કરી હતી જેમાં અમદાવાદ સારવાર લઈ રહેલા પ્રેમ રમેશભાઈ વિરડા 30 દિવસની સારવારમાં દમ તોડ્યો હતો આ અંગે તાલુકા પોલીસે આરોપીઓ વિરુદ્ધ હત્યાની કલમનો ઉમેરો કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી જુવાનજોધ પુત્રના મોતથી માતા-પિતા પર આભ ફાટ્યું હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા

## સપ્તાહ પૂર્વે બાઈક અથડાવવા મામલે થયેલી માથાકૂટના સમાધાન અર્થે બોલાવી કુખ્યાત રાઘે, અનિલ ઉર્ફે કાનો સહિત ચાર શખ્સો ખૂન કરી ફરાર: ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી અને તાલુકા પોલીસ દ્વારા આરોપીઓને પકડવા તપાસના ચક્રો ગતિમાન